## "નિપુણ ભારત મિશન"
## અંતર્ગત

**FLN ના પૂર્વશાળા ૧, ૨ અને ૩ ના**
**વિકાસાત્મક ધ્યેયોની સિદ્ધિ માટેની**
**સહાયક સામગ્રી**




# વાર્તા સંગ્રહ

**વર્ષ : ૨૦૨૩–૨૪**



કેળવણીની સંજીવની એટલે બાળવાર્તા

– ગિજુભાઈ બધેકા "મૂછાળી મા"



**: પ્રેરક :**


ડૉ. સી. ટી. ટૂંડિયા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

શ્રી ડી. એસ. પટેલ
નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગાંધીનગર


**: લેખન–સંપાદન :**


ડૉ. ગાયત્રીબેન જે. દવે
લેક્ચરર
જિલ્લા સંસાધન એકમ
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

## : મુખ્ય લેખન સંપાદન :

**ડૉ. ગાયત્રીબેન જે. દવે**
વ્યાખ્યાતા
ડી.આર.યુ. શાખા
ડાયેટ – સુરેન્દ્રનગર

**ગજ્જર નિલેશભાઇ**
મુખ્ય શિક્ષક
શ્રી નળિયા પ્રા. શાળા
તા. મુળી

**રાવલ કંદર્પભાઇ**
મદદનીશ શિક્ષક
શ્રી પ્રથુગઢ પ્રા. શાળા
તા. ધ્રાંગધ્રા

**રાવલ નેહાબેન**
મદદનીશ શિક્ષક
શ્રી પ્રા. શાળા નં. ૧૭
સુરેન્દ્રનગર

## : લેખન સંપાદન :

| ક્રમ | શિક્ષકનું નામ | હોદ્દો | શાળા | ક્રમ | શિક્ષકનું નામ | હોદ્દો | તાલુકો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સીણજા અશોકકુમાર | મ.શી. | નવી મોરવાડ, તા. ચુડા | ૧૨ | ચાવડા વર્ષાબેન | ICDS સુપરવાઇઝર | થાનગઢ |
| ૨ | પરમાર સંજયભાઇ | મ.શી. | થોરિયાળી, તા. સાયલા | ૧૩ | વરમોરા ક્રિષ્નાબેન | ICDS સુપરવાઇઝર | સાયલા |
| ૩ | સંકલપરા કનૈયાભાઇ | મ.શી. | ડોળિયા કન્યા, તા. સાયલા | ૧૪ | પરમાર મીનાક્ષીબેન | ICDS સુપરવાઇઝર | મુળી |
| ૪ | જાગાણી હિતેશકુમાર | મ.શી. | વખતપર, તા. સાયલા | ૧૫ | ઝાલા નેહાબા | ICDS સુપરવાઇઝર | વઢવાણ |
| ૫ | ભુસડિયા મહેશભાઇ | મુ.શી. | જસાપર, તા. મુળી | ૧૬ | વૈષ્ણવ સંગીતાબેન | ICDS સુપરવાઇઝર | વઢવાણ |
| ૬ | સતાપરા પિનલબેન | CRC | તા. થાનગઢ | ૧૭ | દવે હેતલબેન | ICDS સુપરવાઇઝર | પાટડી |
| ૭ | કનુજી કેશાજી ઠાકોર કનકસિંહ | મ.શી. | છત્રોટ, તા. પાટડી | ૧૮ | પંચોલી જયશ્રીબેન | ICDS સુપરવાઇઝર | ધ્રાંગધ્રા |
| ૮ | ડાભી વિનોદકુમાર | મ.શી. | શાળા નં. ૧, વઢવાણ | ૧૯ | ઝાલા શીલાબા | ICDS સુપરવાઇઝર | ચુડા |
| ૯ | પ્રજાપતિ કૌશિકકુમાર | મ.શી. | ગુગલીયાણા, તા. થાન | ૨૦ | એરવાડીયા ભાવિકાબેન | ICDS સુપરવાઇઝર | લીંબડી |
| ૧૦ | ઝેઝરીયા વિનોદકુમાર | મ.શી. | રળોલ, તા. વઢવાણ | ૨૧ | રાવલ રક્ષાબેન | ICDS સુપરવાઇઝર | ચોટીલા |
| ૧૧ | પટેલ જૈમિનબેન | મ.શી. | કળમ, તા. લખતર | ૨૨ | પંડોર વીણાબેન | ICDS સુપરવાઇઝર | ચોટીલા |

## :: મારો સંદેશ ::

સાંપ્રત સમય એ જ્ઞાનનો યુગ છે. આંગણવાડીના બાળકો સમગ્ર વિશ્વની સાથે જોડાઇ શકે. શીખી શકે તે માટે પ્રત્યાયન શીખવું જરૂરી બની ગયું છે. આંગણવાડીના શિક્ષકો વિષય શિક્ષણ સારી રીતે કરી શકે તે માટે ચિત્રવાર્તા આપવામાં આવેલ છે.

ચિત્રવાર્તા પુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો. તેનું અધ્યાપનકાર્ય કેવી રીતે કરવું તે માટે માર્ગદર્શિત કરતી આ પુસ્તીકા છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા આંગણવાડીના બાળકો નિપુણ ભારત મિશન અંતર્ગત વિકાસાત્મક ઉદ્દેશો સિદ્ધ કરે તે આ પુસ્તિકાનો હેતુ છે.

આ મોડ્યુલ નિર્માણકાર્યમાં ડાયેટના વ્યાખ્યાતા ડૉ. ગાયત્રીબેન દવે, જિલ્લાના આંગણવાડી કાર્યકરો, આઇ.સી.ડી.એસ. સુપરવાઇઝર્સ, પ્રાથમિક શાળાના ભાષા શિક્ષકગણ તેમજ ચિત્ર શિક્ષકગણનાં સહયોગથી આ મોડ્યુલ નિર્માણ થયું છે. જે આંગણવાડીનાં બાળકો તેમજ કાર્યકરોને માર્ગદર્શિત બની રહેશે તેવી શ્રધ્ધા છે.

આ ચિત્રવાર્તા પુસ્તીકાનું નિર્માણકાર્ય ડૉ. ગાયત્રીબેન દવેએ સરસ રીતે કર્યું છે. તે માટે તેમને અભિનંદન...

શુભમ્ ભવતુ ।।

ભવદીય

**ડૉ. સી. ટી. ટૂંડિયા**

પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

**પ્રસ્તુત સાહિત્ય વિશે...**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ અનુસાર ૨૦૨૬-૨૭ સુધીમાં સાર્વત્રિક રીતે તમામ બાળકોમાં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન કુશળતા સિદ્ધ કરવાની શાળા શિક્ષણ પ્રણાલી માટે સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

NEP ૨૦૨૦ એ બાળકના સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. સર્વાગી વિકાસના તમામ ક્ષેત્રોને ત્રણ મુખ્ય વિકાસાત્મક ઉદ્દેશમાં સમાવવામાં આવ્યા છે :

**વિકાસાત્મક ઉદ્દેશ-૧ :**

બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય જળવાય (HW)

**વિકાસાત્મક ઉદ્દેશ-૨ :**

બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને. (EC) -ભાષા

**વિકાસાત્મક ઉદ્દેશ-૩ :**

બાળકો જાતે શીખે અને પોતાના નજીકના પર્યાવરણ સાથે જોડાય (IL)

પ્રારંભિક વર્ષોમાં બાળકના ભાષા અને સાક્ષરતા વિકાસ માટે મૌખિક ભાષા વિકાસ, શ્રવણ સમજણ કુશળતા, પ્રિન્ટ જાગૃતિ અને વાંચન લેખન કૌશલ્યનો વિકાસ કરવો મહત્વપૂર્ણ છે.

નિર્માણ થયેલ પ્રસ્તુત સાહિત્ય ત્રણેય વિકાસાત્મક ધ્યેયોને ધ્યાને રાખીને તૈયાર કરેલ છે. પૂર્વ શાળાની શિક્ષીકા કુલ ૧૭ થીમ પર વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપે છે. તેથી પ્રસ્તુત વાર્તાઓ થીમ આધારિત રચવામાં આવી છે.જે તે થીમ આધારિત શિક્ષણ દરમ્યાન જ શિક્ષીકા પ્રસ્તુત વાર્તા પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં નિપુણ ભારત અંતર્ગતના વિકાસાત્મક ઉદ્દેશ સિધ્ધ કરી શકે. પુસ્તકની શરૂઆતમાં વિકાસાત્મક ઉદ્દેશ-૨ (બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને) અંતર્ગતની પ્રિ સ્કૂલ-૧, પ્રિ સ્કૂલ-૨ અને બાલવાટિકાની અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપેલ છે. બાળક અસરકારક પ્રત્યાયનકર્તા બને તે માટે વાર્તા એ અસરકારક માધ્યમ છે. તેથી વિકાસાત્મક ધ્યેય-૨ અંતર્ગતની વર્ગખંડ પ્રવૃત્તિઓમાં આંગણવાડી કાર્યકરો/શિક્ષકોને પ્રસ્તુત સાહિત્ય ઉપયોગી થશે તેવી શ્રધ્ધા છે.

**ડૉ. ગાયત્રીબેન જે. દવે**
શાખાધ્યક્ષ, ડી.આર.યુ. શાખા
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વાર્તાનું નામ | પાના નંબર | ક્રમ | વાર્તાનું નામ | પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | અધ્યયન નિષ્પત્તિઓ | ૪ | ૨૭ | અજાણ્યો જોકર | ૩૭ |
| | **પૂર્વ પ્રાથમિક : ૩ થી ૪ વર્ષ** | | ૨૮ | ભૂકંપ અને રાષ્ટ્રધ્વજ | ૩૮ |
| ૨ | ગણેશ અને મોરભાઇ | ૯ | ૨૯ | ઢોલુ અને ભોલુ | ૩૯ |
| ૩ | ગોલુભાઇને આવ્યા ચશ્મા | ૧૦ | ૩૦ | રાજકુમારીનો પ્રવાસ | ૪૦ |
| ૪ | પીંકુના પાકા ફળ | ૧૧ | ૩૧ | હવાની દવા | ૪૨ |
| ૫ | તંદુરસ્ત રોટલીબેન | ૧૨ | ૩૨ | ફળો ચાલ્યા પિકનિકમાં | ૪૪ |
| ૬ | બાળકોએ બનાવી પાંઉભાજી | ૧૩ | ૩૩ | ગંદુ તળાવ | ૪૬ |
| ૭ | જેઠો બન્યો જોરાવર | ૧૪ | ૩૪ | પ્રવાસ | ૪૭ |
| ૮ | ચેન્કીની રાખડી | ૧૫ | ૩૫ | નાનકડા ચિંકીબેન | ૪૯ |
| ૯ | કોયલનો ટહુકાર | ૧૬ | | **પૂર્વ પ્રાથમિક : ૫ થી ૬ વર્ષ** | |
| ૧૦ | વાલાને લાગ્યો ઝટકો | ૧૮ | ૩૬ | સંસ્કારી કુટુંબ | ૫૧ |
| ૧૧ | આપણા રાષ્ટ્રધ્વજ વિશે જાણવા જેવું | ૧૯ | ૩૭ | લીમડો અને આંબો | ૫૨ |
| ૧૨ | જંગલમાં ચોમાસું | ૨૦ | ૩૮ | રામુને ભૂલ સમજાઇ | ૫૩ |
| ૧૩ | કાચબો અને દેડકો | ૨૧ | ૩૯ | કરશનકાકાની દુકાન | ૫૪ |
| ૧૪ | ખેડૂતનો મિત્ર પવન | ૨૨ | ૪૦ | દાદાજીની વાડી | ૫૫ |
| ૧૫ | ફળોના ઘરમાં આવ્યા ચોર | ૨૩ | ૪૧ | શરીરનો કજીયો | ૫૬ |
| ૧૬ | સસલાએ ખોદ્યો કૂવો | ૨૪ | ૪૨ | હાથી અને બકરીનું બચ્ચું | ૫૭ |
| ૧૭ | મુન્નાની મનગમતી મોટર | ૨૫ | ૪૩ | મોરના પગ | ૫૮ |
| ૧૮ | વાતોડિયા વિરલભાઇ | ૨૭ | ૪૪ | નકલચી કેવીન | ૫૯ |
| | **પૂર્વ પ્રાથમિક : ૪ થી ૫ વર્ષ** | | ૪૫ | રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ | ૬૦ |
| ૧૯ | સોનુ અને મોનુ | ૨૯ | ૪૬ | શાકભાજીનાં શોખીન સસલાભાઇ | ૬૧ |
| ૨૦ | કીડી અને કબુતર | ૩૦ | ૪૭ | સૂરજનું અજવાળું | ૬૨ |
| ૨૧ | ફૂલપર્વત | ૩૧ | ૪૮ | ફરવા જઇએ | ૬૪ |
| ૨૨ | હસનચાચાની દુકાન | ૩૨ | ૪૯ | કેળાને થઇ શરદી | ૬૫ |
| ૨૩ | પિંકીની શાકભાજી સાથે રમત | ૩૩ | ૫૦ | પાણીની સેવા | ૬૬ |
| ૨૪ | બાળ મંદિર | ૩૪ | ૫૧ | દાદાજીના આશિષ | ૬૭ |
| ૨૫ | ટીખળી મોન્ટુ | ૩૫ | ૫૨ | મિતેશની મુલાકાત | ૬૮ |
| ૨૬ | કલગી વગરનો કૂકડો | ૩૬ | | | |

# નિપુણ ભારત મિશન – અધ્યયન નિષ્પત્તિઓ

વિકાસાત્મકઉદ્દેશ 1: બાળકોનું શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય જળવાય (HW)
વિકાસાત્મક ઉદ્દેશ 2 બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને (EC) – ભાષા
વિકાસાત્મક ઉદેશ 3: બાળકો જાતે શીખે અને પોતાના નજીકના પર્યાવરણ સાથે જોડાય (IL)

## વિકાસાત્મક ઉદ્દેશ 2 બાળકો અસરકારક પ્રત્યાયનકર્તા બને (EC) – ભાષા

| બોલવું અને સાંભળવું | અર્થગ્રહણ સહિતનું વાચન | સહેતુક લેખન |
|---|---|---|
| • અર્થગ્રહણ સહિતનું શ્રવણ<br>• સર્જનાત્મક સ્વ-અભિવ્યક્તિ અને વાતચીત<br>• ભાષા અને સર્જનાત્મક વિચારણા<br>• શબ્દભંડોળનો વિકાસ<br>• વાતચીત અને પોતાની વાત કહેવાનું કૌશલ્ય<br>• ભાષાના અર્થપૂર્ણ ઉપયોગો | • પુસ્તકો સાથે જોડાણ<br>• પ્રિન્ટ જાગૃતિ (Print Awareness) અને અર્થનિર્માણ<br>• વાંચવાનો દેખાડો કરવો (પ્રારંભિક વાચન)<br>• ધ્વનિ જાગૃતિ (Phonological Awareness)<br>• ધ્વનિ-પ્રતીકનું જોડાણ<br>• અનુમાન અને પૂર્વઅનુભવોનો જ્ઞાન સાથેનો ઉપયોગ<br>• મજા માણવા માટે હેતુસર સ્વતંત્ર વાંચન | • પ્રારંભિક સાક્ષરતાના કૌશલ્ય<br>• સ્વ-અભિવ્યક્તિ માટે લેખન<br>• અક્ષર અને ધ્વનિઓ વિશેના પોતાના જ્ઞાનનો ઉપયોગ કરવો, લખવા માટે જાતે શોધી કાઢેલા શબ્દોનો ઉપયોગ.<br>• પરંપરાગત રીતે લેખન કરવા પ્રયાસ કરે.<br>• ચિત્ર કે શબ્દ અને અર્થપૂર્ણ વાક્યો દ્વારા વાચનને પ્રતિક્રિયા આપે છે.<br>• પ્રાસવાળા શબ્દોનું લેખન.<br>• નામ અને ક્રિયાસૂચક શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખવાં.<br>• પોતાની અભિવ્યક્તિ કરવા મિશ્ર ભાષાના સંકેતોનો ઉપયોગ કરે છે.<br>• વર્ગખંડની પ્રવૃત્તિઓમાં અને પોતના ઘરે વિવિધ હેતુ માટે અર્થપૂર્ણ લેખન કરે,જેમ કે યાદી બનાવવી, વડીલોનું અભિવાદન કરવું, મિત્રોને આમંત્રણ/સંદેશા મોકલવા વગેરે. |

### પ્રથમ ભાષા

| 1<br>પ્રિ સ્કૂલ 1 | 2<br>પ્રિ સ્કૂલ 2 | 3<br>પ્રિ સ્કૂલ 3 (બાલમંદિર / બાલવાટિકા ) |
|---|---|---|
| ECL 1.<br>1.1a<br>ઘરની/ પોતાની ભાષામાં પરિચિત/ અપરિચિત બાળકો/ મોટાઓ સાથે ટૂંકી વાતચીત/ સંવાદ કરવા પ્રયત્ન કરે છે.<br><br>ECL 1.<br>1.1.b.વાતચીત દરમિયાન મુખભાવ, સંકેતો અને હાવભાવ સમજવા પ્રયત્ન કરે છે. | ECL 1.<br>2.1<br>ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષક, શાળાના કર્મચારી, બીજા મોટેરાં સાથે વાતચીત કરવા પ્રયત્ન કરે છે. | ECL 1.<br>3.1<br>ઘરે તથા શાળામાં નવા મિત્રો, અપરિચિત શિક્ષકો, શાળાની અન્ય વ્યક્તિઓ, બીજા મોટાઓ સાથે પોતાની ભાષામાં વાતચીત કરે છે. |

| | | |
|---|---|---|
| ECL 1.<br>1.2.<br>મોટા અક્ષરવાળાં ચિત્ર પુસ્તકો (બીગબુક)/ પોસ્ટરનું રસપૂર્વક અવલોકન કરે છે. | ECL 1.<br>2.2<br>વર્ગખંડમાં પ્રાપ્ય બાળસાહિત્યનું રસપૂર્વક અવલોકન કરે અને તેમના વિશે બીજાં બાળકો સાથે વાતચીત કરે છે. | ECL 1.<br>3.2<br>વાંચન કોર્નરમાંથી પુસ્તક પસંદ કરે અને ચિત્રોની મદદથી વાર્તા સમજવા પ્રયત્ન કરે, લેખિત સામગ્રી વિશે અનુમાન/આગાહી કરે છે. |
| ECL 1.<br>1.3a<br>મુખભાવ અને શારીરિક હાવભાવ દ્વારા ગમો-અણગમો વ્યક્ત કરે છે.<br>ECL 1.<br>1.3b<br>પોતાની આસપાસનાં પ્રાણી/પક્ષીઓ પ્રત્યે રૂચી અને પ્રીતિ વ્યક્ત કરે છે. | ECL 1.<br>2.3<br>રમત રમતમાં જુદા જુદા અવાજ કાઢે છે. જેમ કે, પેન્સિલનો ટ્રેન/ સ્કૂટર તરીકે ઉપયોગ કરીને એન્જિન/ હોર્નનો અવાજ કાઢવો. | ECL 1.<br>3.3<br>અગાઉ વાંચેલી કે સાંભળેલી વાર્તા/ કવિતા અંગેનો અનુભવ પોતાની ભાષામાં અભિવ્યક્ત કરે છે, તે વિશે મિત્રો સાથે વાતચીત કરે છે. |
| ECL 1.<br>1.4a<br>રસપ્રદ કવિતાઓ, જોડકણાં અભિનય સાથે વારંવાર ગાય છે. લયાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. (ઉદાહરણ – તાળી પાડવી, નાવડી ચલાવવી, કદમતાલ વેગેરે)<br>ECL 1.<br>1.4.b<br>પરિચિત વાર્તા, કવિતામાંથી પ્રાસવાળા શબ્દો અને વાક્યો બોલે/ગણગણે છે. | ECL 1.<br>2.4<br>રસપ્રદ કવિતાઓ અભિનય સાથે ગાય છે. લયાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. (ઉદાહરણ - તાળી પાડવી, નાવડી ચલાવવી, કદમતાલ વેગેરે) | ECL 1.<br>3.4a<br>પોતાની ભાષામાં રસપ્રદ કવિતાઓ અને ગીતો આરોહ-અવરોહ સાથે ગાય છે.<br>ECL 1.<br>3.4.b<br>પોતાની ભાષામાં પરિચિત કવિતાઓની થોડી પંક્તિઓ આરોહ-અવરોહ અને પ્રવાહિતાથી ગાય છે/પઠન કરે છે. |
| ECL 1.<br>1.5<br>જિજ્ઞાસા અને રસપૂર્વક ચોક્કસ પુસ્તક પસંદ કરે છે અને તેને સમજવા પાનાં ફેરવે છે. | ECL 1.<br>2.5<br>મુખ વાંચન દરમિયાન લખાણની ગતિ અને દિશા સમજવા પ્રયત્ન કરે છે. | ECL 1.<br>3.5a<br>પોતાને ગમતું વાર્તાનું પુસ્તક વાંચી સંભળાવવા શિક્ષકને આપે છે.<br>ECL 1.<br>3.5.b<br>ચિત્રમાંની વસ્તુઓનું ધ્યાનપૂર્વક અવલોકન કરે છે, તેના વિશે વાત કરે છે અને તેનાં નામ સ્વનિર્મિત જોડણીમાં (Invented Spelling) લખે છે. |
| ECL 1.<br>1.6<br>વર્ગમાં અને ઘરે પ્રિન્ટ સભાનતા અને પ્રારંભિક સાક્ષરતાના કૌશલ્યો પ્રદર્શિત કરે છે. જેમ કે, પોતાના પ્રિય બિસ્કીટ કે ચોકલેટના રેપર પરનું લખાણ વાંચે છે. | ECL 1.<br>2.6a<br>પ્રતીકો અને સંકેતોને ઓળખે છે. જેમ કે, એમ્બ્યુલન્સ પરની નિશાનીઓ અને સંકેતો.<br>ECL 1.<br>2.6.b લેખિત સ્વરૂપે રહેલું પોતાનું નામ ઓળખે છે. | ECL 1.<br>3.6 a<br>પ્રિન્ટ સભાનતાની સમજ સાથે વાંચે છે.<br>ECL 1.<br>3.6.b<br>વાર્તાના ચિત્રોને સમજપૂર્વક ગોઠવીને વાંચે છે. |

| | | |
|---|---|---|
| ECL 1.<br>1.7<br>ધ્યાનપૂર્વક સાંભળે છે અને પરિચિત શબ્દો અને તેમના ધ્વનિઓનું પુનરાવર્તન કરે છે. | ECL 1.<br>2.7<br>જુદા જુદા શબ્દોમાં આવતાં ચોક્કસ ધ્વનિ ઓળખે છે. જેમ કે પેન, નગારું, મગન માં 'ન' ના ધ્વનિની ઓળખ. | ECL 1.<br>3.7<br>પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં આવતા શબ્દોમાં પુનરાવર્તિતના ધ્વનિઓ ઓળખાવે છે. |
| ECL 1.<br>1.8<br>આસપાસના પરિવેશમાં થતા વિવિધ પરિચિત અવાજો ઓળખે છે. જેમ કે વરસાદનો અવાજ અને પક્ષીઓનો કલરવ, વગેરે. | ECL 1.<br>2.8<br>પરિચિત વાર્તાઓ, કવિતાઓમાં પુનરાવર્તિત થતી ઘટનાઓનું શ્રવણ કરે છે અને ઓળખાવે છે. | ECL 1.<br>3.8a<br>વાર્તાઓ, કવિતાઓ અને ગીતોમાં પુનરાવર્તિત થતા ધ્વનિઓ અને શબ્દો ઓળખે છે.<br>ECL 1.<br>3.8b<br>ચિત્ર અને લખાણની મદદથી, પૂર્વાનુભવ માહિતી, અક્ષર અને ધ્વનિના જોડાણ વગેરેનો ઉપયોગ કરીને લેખિત સામગ્રી વિશે અનુમાન/આગાહી કરે છે. |
| ECL 1.<br>1.9<br>લીટીઓ દોરીને કે આડાઅવળા લીટા કરીને લખવાનો પ્રયત્ન કરે છે. | ECL 1.<br>2.9<br>સાંકેતિક ચિત્રો દોરીને, આકૃતિઓ, રંગો કદ વગેરે પર ધ્યાન આપીને અભિવ્યક્તિ કરે છે અને તેના વિશે વાત કરે છે. | ECL 1.<br>3.9<br>પોતાનું,પોતાનાં મિત્રોનાં અને આસપાસની વસ્તુઓના નામ સ્વનિર્મિત જોડણી (Invented spelling) માં લખવામાં રસ લે છે. |

**દ્વિતીય ભાષા**

| 1<br>પ્રિ સ્કૂલ 1 | 2<br>પ્રિ સ્કૂલ 2 | 3<br>પ્રિ સ્કૂલ 3 (બાલમંદિર / બાલવાટિકા ) 5 થી 6 વર્ષ |
|---|---|---|
| ECL 2.<br>1.1<br>કવિતા, જોડકણાં ગાવામાં ભાગ લે છે. | ECL 2.<br>2.1<br>વાતચીત દરમિયાન બીજાની વાત તરફ ધ્યાન આપે છે, સાંભળે છે અને વાતમાં જોડાય છે | ECL 2.<br>3.1<br>બે ભાષાનો ઉપયોગ કરી પોતાનો પરિચય આપે છે. |
| ECL 2.<br>1.2<br>સંગીત અને હલનચલનની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. | ECL 2.<br>2.2<br>ટૂંકી કવિતાઓ અને જોડકણાં ગાય છે. | ECL 2.<br>3.2<br>ગીતો અથવા જોડકણાં અભિનય સાથે ગાય છે. |
| ECL 2.<br>1.3<br>દ્વિભાષી વાર્તાઓને આનંદપૂર્વક સાંભળે છે. | ECL 2.<br>2.3<br>દ્વિભાષી લખાણવાળી ચિત્રવાર્તાઓ સાંભળે છે. | ECL 2.<br>3.3<br>વાંચન કોર્નરમાં દ્વિભાષી સામગ્રીના પાનાં ફેરવે છે. |

| | | |
|---|---|---|
| ECL 2.<br>1.4a<br>વાંચનક્ષેત્ર/ રમત ક્ષેત્રમાં સમય પસાર કરે છે.<br>ECL 2.<br>1.4b<br>પુસ્તકો, પોસ્ટર, ઉપલબ્ધ વાંચન સામગ્રી, જુએ છે/ ઉથલાવે છે. | ECL 2.<br>2.4<br>દ્વિભાષી પુસ્તકોમાં રસ લે અને તેમના વિશે દ્વિભાષામાં વાત કરે છે | ECL 2.<br>3.4<br>પરિચિત શબ્દો અને અભિવ્યક્તિ વડે પ્રતિભાવ આપવા પ્રયત્ન કરે છે. |
| ECL 2.<br>1.5<br>આસપાસના પર્યાવરણમાંથી પરિચિત ધ્વનિ ઓળખાવે છે. | ECL 2.<br>2.5<br>થોડા અક્ષરો અને ધ્વનિઓ ઓળખે છે. | ECL 2.<br>3.5<br>અક્ષરો અને તેમને સંબંધિત ધ્વનિઓ ઓળખે છે. |
| ECL 2.<br>1.6<br>વાંચનક્ષેત્ર/ રમત ક્ષેત્રમાં સમય ગાળે છે. | ECL 2.<br>2.6<br>લેબલ લગાવેલ વસ્તુઓ, નામ ઓળખાવે છે. | ECL 2.<br>3.6<br>પરિચિત ચિહ્ન/સંજ્ઞાઓ વાંચવાનો પ્રયત્ન કરે છે. |
| ECL 2.<br>1.7<br>થોડાક પુસ્તકો માટેની રૂચી વ્યક્ત કરે છે. | ECL 2.<br>2.7<br>ચિત્ર પુસ્તિકાઓ વાંચવા માટે પસંદ કરે છે, પોસ્ટર વિશે વાત કરે છે. | ECL 2.<br>3.7<br>ચિત્રોની મદદથી વાર્તા વિશે આગાહી અનુમાન કરે છે |
| ECL 2.<br>1.8<br>વાંચન ક્ષેત્રમાં ખાખાંખોળા કરે છે અને પુસ્તકોમાં રસ દાખવે છે. | ECL 2.<br>2.8<br>વાર્તાની ચોપડીના પાનાં ફેરવે છે અને જાતે વાંચવાનો પ્રયત્ન કરે છે. | ECL 2.<br>3.8<br>વાર્તાના સહભાગી વાંચનમાં ભાગ લે છે. |
| ECL 2.<br>1.9<br>રમકડાં સાથે રમવાનો દેખાવ કરે છે | ECL 2.<br>2.9<br>મિત્રો સાથે રમકડાંની આપ-લે કરે છે તથા રમવાનો દેખાવ કરે છે. | ECL 2.<br>3.9<br>પોતના પ્રિય રમકડાં વિશે વાત કરે છે. |
| ECL 2.<br>1.10<br>ગીત/ કવિતા કે તેની પંક્તિ/ શબ્દ/ લીટી અને જોડકણાં પોતાની ભાષા/દ્વિતીય ભાષામાં ગણગણે છે, ગાય છે. | ECL 2.<br>2.10<br>થોડાક પ્રાસવાળા શબ્દો ઓળખાવે છે. | ECL 2.<br>3.10<br>પ્રાસવાળા અર્થહીન શબ્દો બનાવે છે અને માણે છે. |

| | | |
|---|---|---|
| ECL 2.<br>1.11<br>મીણિયા રંગ વડે આડાઅવડા લીટા કરે છે. | ECL 2.<br>2.11<br>મિત્ર, માતાપિતા કે ભાઈ-બહેન સંલગ્ન કોઈ ઘટના/ પરિસ્થિતિ / લાગણી દર્શાવતાં ચિત્ર દોરે છે. | ECL 2.<br>3.11<br>શબ્દોના અક્ષર પાડવાનો/લખવાનો પ્રયત્ન કરે છે. |
| ECL 2.<br>1.12<br>નજીકના પર્યાવરણમાંથી વસ્તુઓ એકઠી કરે છે જેવી કે પાંદડા, ડાળીઓ, કાંકરા, પીંછાં અને તેમના વિશે દ્વિભાષામાં વાત કરે છે. | ECL 2.<br>2.12<br>વર્ગખંડમાંના પોસ્ટર અને બીજા મુદ્રિત સામગ્રીને ધ્યાનથી જુએ અને તેના વિશે વાત કરે છે. | ECL 2.<br>3.12<br>નજીકના પર્યાવરણમાંની વસ્તુઓ ઓળખાવે છે. |
| ECL 2.<br>1.13<br>ટૂંકી ફિલ્મ/કાર્ટુન જુએ છે. | ECL 2.<br>2.13<br>પ્રિય કાર્ટૂન/ ફિલ્મ માણે છે. | ECL 2.<br>3.13<br>વય અનુસાર કાર્ટૂન/ ફિલ્મ માણે છે. |
| ECL 2.<br>1.14<br>ગીતો અને જોડકણાં ગાવામાં જોડાય છે. | ECL 2.<br>2.14<br>પક્ષીઓ/ વૃક્ષો/ પ્રાણીઓ વિશેનાં ટૂંકાં ગીત અને જોડકણાં ગાય છે. | ECL 2.<br>3.14<br>પક્ષીઓ/ પ્રાણીઓ/ વૃક્ષો પ્રત્યે પોતાની લાગણી વિશે અન્ય સાથે વાત કરે છે. |
| ECL 2.<br>1.15<br>મિત્રો, શાળા વગેરે વિશે વાત કરે છે. | ECL 2.<br>2.15<br>ચિત્રો દ્વારા પોતાના વિચાર વ્યક્ત કરે છે. | ECL 2.<br>3.15<br>સંદેશા પહોંચાડવા માટે ચિત્રો દોરે છે. |

**પરંપરાગત લેખન** – જેમ જેમ બાળકો લેખન કૌશલ્ય વિકસાવે તેમ તેઓ વ્યાકરણ, વિરામચિહ્નો અને જોડણીનો ઔપચારિક ઉપયોગ કરવાનું શરૂ કરે છે. સમય જતાં સ્વનિર્મિત જોડણીની જગ્યા ઔપચારિક જોડણી લે છે.

**અનુમાન/આગાહી** – વાંચતી વખતે વાચક આવનાર શબ્દ અને વાક્ય અંગે અનુમાન/આગાહી કરે છે.

## પૂર્વ પ્રાથમિક : ૩ થી ૪ વર્ષ

## થીમ-૧. હું અને મારૂં કુટુંબ

વાર્તાપ્રવેશ :- મમ્મીની રોટલી ગોળ ગોળ
પપ્પાનાં પૈસા ગોળ ગોળ
દાદાનાં ચશ્મા ગોળ ગોળ
દાદીનો ચાંદલો ગોળ ગોળ
હું પણ ગોળ તું પણ ગોળ
આખી દુનિયા ગોળમટોળ

### ગણેશ અને મોરભાઈ

એક હતો ચિન્ટુ. ચિન્ટુ રોજ સવારે વહેલો ઉઠે. સરસ રીતે બ્રશ કરે. નાહી-ધોઇ, નાસ્તો કરી લે, દૂધ પી લે અને ઘરમાં બધાને પગે લાગે. સૌથી પહેલા તેના દાદા અને દાદીને પગે લાગે ત્યારબાદ તેના પપ્પા અને મમ્મીને પગે લાગે. અને પછી તેના ભાઇ મોન્ટુ અને નાની બહેન ચીંકી સાથે મેદાનમાં રમવા નીકળે. તેના ઘરની બહાર એક કાળી કૂતરી, લાલીયો કૂતરો અને તેના નાના-નાના ચાર ગલુડિયા પણ રહે. ચિન્ટુના મમ્મી તે કૂતરાઓ અને ગુલડિયા માટે રોટલી અને દૂધ મોકલાવે. ચિન્ટુ અને તેના ભાઇ બહેન કૂતરાઓને ખવડાવે અને પછી ઘરમાં આવી જમી અને આંગણવાડીમાં જાય. ત્યાં વાર્તા સાંભળે,જોડકણા ગાય, રમત રમે, રંગ પૂરે, સરસ મજાનો નાસ્તો કરે અને દાદી લેવા આવે એટલે પાછા ઘરે આવે. આમ ચિન્ટુભાઇનો આખો દિવસ પરિવાર સાથે મજા કરવામાં પૂરો થાય. રાત્રે ચિન્ટુભાઇ દાદા-દાદી સાથે સુવે. દાદા વાર્તા કહે અને દાદી પંપાળે એટલે ચિન્ટુભાઇને જલ્દી ઉંઘ આવી જાય.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. ઘરના સભ્યોના ફોટા લગાવીને ફેમિલી ટ્રી બનાવવું અને દરેક બાળક પાસે તેના કુટુંબનો પરિચય મેળવી શકાય.
૨. બધાના પંજાની છાપ લઇ ચાર્ટ પણ બનાવી શકાય.
૩. પ્રાણી અને તેમના બચ્ચાનો ચાર્ટ પણ બતાવી શકાય.

# થીમ-૨ : પાડોશ અને સમાજ

**વાર્તાપ્રવેશ :-** વિદ્યાર્થીઓને તેમની બાજુમાં કોણ રહે છે તેના વિશે પ્રશ્નો પૂછવા. તમારી શેરીમાં કૂતરું રહે છે ? તમે કોઇ એવું પ્રાણી જોયું છે કે જે સફેદ સફેદ હોય સુંવાળું સુંવાળું હોય, તેને લાલ આંખો હોય, મોટા મોટા કાન હોય, અને કુદ કુદ કરતું હોય...
સાવ સાચું !
જવાબ છે સસલાભાઇ, તો આજે આપણે એક સસલાભાઇની વાર્તા સાંભળીએ.

## ગોલુભાઈને આવ્યા ચશ્મા

એક જંગલ હતું. તે જંગલમાં ગોલુ નામનો એક સસલો રહેતો હતો. તેની બાજુમાં સોનુ કૂકડો અને મલી મરઘી રહેતા હતા. ઝાડ ઉપર મોન્ટી વાંદરો અને બાજુના તળાવમાં કનુ કાચબો રહેતો હતો. આ બધા એકબીજાની પાસે પાસે રહેતા હતા. તેથી બધા પાડોશી કહેવાય ખરું ને ? આ ગોલું સસલાને મોબાઇલ જોવો બહુ ગમે. એક દિવસ તેનો બાઇબંધ મોન્ટી



વાંદરો આવ્યો અને કહે, ''અલ્યા ગોલુ, ચાલને આપણે મોબાઇલ લાવીએ. આપણો પોતાનો મોબાઇલ. જ્યારે જે જોવું હોય તે જોવાય. પૂરા પૈસા ન હોય તો આપણે બંને સાથે મળીને લાવીએ. આમ બંને ભાઇબંધ બે વચ્ચે એક મોબાઇલ ખરીદે છે. પછી તો રોજ રોજ ગીત વગાડે, નાચે, ગાય અને વિડિયો જોયા જ કરે. કેટલો સમય થાય એ પણ ખબર ન રહે.

એક દિવસ ગોલુને ખુબ જ આંખો બળવા લાગી. આંખમાં દુખે અને પાણી પણ નીકળે. મોન્ટી કહે, ''ગોલુ ચાલ આપણે ડોક્ટરને બતાવી આવીએ. બંને મિત્રો ડોક્ટર પાસે ગયા. હાથી દાદા ડોક્ટર હતા. તેમણે ગોલુની આંખો તપાસી અને કહ્યું અલ્યા ગોલિયા, તું કરે છે શું આખો દિવસ? મોબાઇલ જ જોવે છે ને ? એટલે જ તારી આંખોમાં નંબર આવ્યા. તને તો હવે ઝાંખું પણ દેખાતું હશે હેને ? ગોલુ કહે, ''હા હાથી દાદા, દૂર જોવું તો થોડું ઝાંખું દેખાય છે હવે શું થશે ? હાથીદાદા કહે, ''શું થાય હવે તારે જાડા કાચના ચશ્મા પહેરવા પડશે.'' હાથદાદાએ તો એને નંબરવાળા ચશ્મા પહેરાવ્યા અને કહ્યું મોબાઇલ જોવાનું હવે સાવ ઓછું કરી નાખજે. નહિતર દેખાતું બંધ થઇ જશે. બંને મિત્રો પાછા આવ્યા. બધાએ જોયું કે ગોલુને ચશ્મા આવી ગયા. એટલે સૌના વડીલ વાલજી વાંદરાએ બધાને કહી દીધું કે મોબાઇલનો ઉપયોગ હવે ઓછો કરી નાખવાનો, જરૂર પૂરતો જ વાપરવાનો અને બચ્ચાઓને મોબાઇલથી દૂર રાખવાના. બધા બચ્ચાઓએ શાળાએથી આવીને લેસન કરી ફરજિયાત મેદાનમાં રમવા જવાનું છે. મોબાઇલ કોઇએ જોવાનો નથી પોતાની આંખોનું અને જાતનું ધ્યાન રાખજો. મોબાઇલ તૂટે તો નવો આવશે, પણ તમારી આંખ નવી નહીં મળે.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. પ્રાણી અને તેમના બચ્ચાંનો ચાર્ટ.
૨. પ્રાણી અને તેમના અવાજ બાળકો પાસે કરાવી શકાય.
૩. કોઇ એક બાળકના ઘરની તથા તેના પડોશીના ઘરની મુલાકાત.
૪. જ્યાં આંગણવાડી ચાલે છે તેની આજુબાજુમાં રહેતા લોકોના ઘરની મુલાકાત અને પરિચય.

## થીમ-૩ : ઝાડ અને છોડ

**વાર્તાપ્રવેશ :-** વિવિધ ફળોનાં ચાર્ટ બતાવવાં, અથવા તો અલગ અગલ ફળોના મોડેલ્સ બતાવી શકાય, વૃક્ષોનો ચાર્ટ બતાવી શકાય અથવા આસપાસ ઉગેલા વૃક્ષો બતાવી તેમના નામ જણાવી શકાય. જુદા જુદા ફુલછોડ બતાવી કે ફૂલ બતાવી તેનો પરિચય આપી શકાય.

### પીંકુના પાકા ફળ

એક હતી પિંકુ. પિંકુને ફળો બહુ ભાવે. પિંકુના પપ્પા રોજ તેના માટે તેમના ખેતરેથી ઋતુ પ્રમાણેના ફળો લાવે. પિંકુબેન તો રોજ ફળ ખાય અને ખુશ ખુશ થાય. પિંકુબેન તો ખુબ સુંદર અને તંદુરસ્ત, મજબૂત શરીરવાળા અને સુંદર મજાના વાળ વાળા. કારણ કે તેઓ ખૂબ ફળ ખાય. તેમની એક બહેનપણી હતી, જેનું નામ હતું ટીનું. ટીનુને ફળ ભાવે નહીં. ટીનુના પપ્પા તેના માટે ફળો લાવે તો ટીનુ ખાય નહીં. પછી કહે કે આવા ફળ તો મને જરાય ના ભાવે. આના કરતા મને પડીકા લઈ આપો. એને બધા સમજાવે પણ ટીનુબેન માને નહીં. ટીનુને જુઓ તો શરીરે સાવ દુબળી, નાના નાના વાળ, ઝીણી આંખો અને થોડું કામ કરતા થાકી જાય. એકવાર પિંકુએ ટીનુને કહ્યું ચાલને ટીનુ આપણે મારા ઘરે જઈએ, મારા પપ્પા મીઠા મીઠા બોર લાવ્યા છે, આપણે ખાઈશું. ટીનુ કહે, ‘‘મને તો બોર જરાય ન ભાવે.’’ પીંકુ કહે, ‘‘તો જામફળ ખાઈએ.’’ ટીનુ કહે, ‘‘એ પણ ન ભાવે.’’ પીન્કુ કહે, ‘‘તો સીતાફળ આપીશ.’’ ટીનું કહે, ‘‘અરે ! પિંકુ મને કોઈ ફળ ભાવતા નથી.’’ પીંકુ કહે, ‘‘જો ટીનુ, આ ફળો આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે, તું ફળો ખાતી નથી એટલે જ તું આટલી નાની દેખાય છે. વાતે વાતે થાકી જાય છે. મને જો, હું ફળો ખાઉં છું, તો મારું શરીર પણ મજબૂત છે, મને થાક પણ નથી લાગતો અને હું બહુ બીમાર પણ નથી પડતી. તું ફળો ખાઈ અને થોડી તંદુરસ્ત બન તો સારું.’’ ટીનુંએ કહ્યું, ‘‘એવું હોય ! મને તો ખબર જ નહીં...! સારું, ચાલ તો હવે, હું પણ તારી સાથે ફળો ખાઈશ.’’ પછી બંને બહેનપણીઓ બોર અને જામફળ ખાય છે અને તાજી માજી થાય છે.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. પાંદડાની છાપ પાડવી.
૨. વૃક્ષનું ચિત્ર દોરવું અને રંગ પુરવા.
૩. બગીચાની મુલાકાત અને વૃક્ષોનો પરિચય.
૪. વૃક્ષ અને છોડનો તફાવત સમજાવવો.

## થીમ-૪ : ખોરાક


**વાર્તાપ્રવેશ :-** ચાલો બાળકો આપણે એક સરસ મજાનું ગીત ગાઈએ...

મમ્મી મારી પ્યારી,
આપે દૂધની પ્યાલી.
દૂધ મને ભાવે નહીં,
ચા મમ્મી આપે નહીં.
ચાનું વ્યસન ખોટું,
મમ્મીનું વેલણ મોટું.
વેલણથી હું બી જાઉં,
દૂધ ફટાફટ પી જાઉં.

### તંદુરસ્ત રોટલીબેન

એક હતા રોટલીબેન. સરસ મજાના ગોળ ગોળ. ઘઉંવર્ણો રંગ અને ઘીથી લથબથ. એમનામાંથી એટલી સરસ મીઠી સુગંધ આવે કે જે જોવે એના મોમાં પાણી આવે. એક દિવસ રોટલીબેન ફરવા નીકળ્યા. રસ્તામાં જે કોઈ મળે તે રોટલીબેનને જુએ અને મોંમાંથી લાળ ટપકાવે. રોટલીબેન આગળ જતા હતા ત્યાં રસ્તામાં પીઝાભાઈ મળ્યા. તેમણે રોટલીબેનને પૂછ્યું, ''અરે રોટલીબેન ક્યાં ફરવા નીકળ્યા?'' રોટલીબેન કહે, ''બસ આજે ફરવાનું મન થયું એટલે બાજુના ખેતરમાં જાવ છું, ઘઉંભાઈને મળવા.'' પીઝાભાઈ કહે, ''મારે પણ આવવું છે, પણ જુઓને હું તો જગ્યાએથી હલી પણ શકતો નથી, મને ખૂબ આળસ આવે છે. શાંતિથી બેસી રહું છું. કોઈ ઉપાડીને લઈ જાય તો મારો મેળ આવે. તમે સારા તંદુરસ્ત છો ! જબરા ફરો છો.'' રોટલીબેન કહે, ''પીઝાભાઈ હું મારી પૌષ્ટિકતાને કારણે જ આવી તંદુરસ્ત છું અને જે મને ખાય તેને પણ હું પૌષ્ટિકતાથી તંદુરસ્ત રાખું છું. ખરેખર હું ફરવા તો નથી નીકળી પણ લોકોને મારી પૌષ્ટિકતા સમજાવવા જ નીકળી છું.'' પીઝાભાઈ કહે, ''સાચી વાત છે. હું પોતે ખૂબ જાડો-પાડો થઈ ગયો છું. મારામાં પૌષ્ટિકતા નથી અને મને જે ખાય તેને પણ હું મારી જેમ જાડિયા અને આળસુ જ બનાવું છું. ખરેખર, લોકો રોજ તમને ખાય એ જ સારું છે.'' રોટલીબેન કહે, ''ચાલો પીઝાભાઈ હવે હું જાવ છું.

બાય બાય...



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. બાળકોના ઘેર લેવાતો નિયમીત ખોરાકની ચર્ચા કરવી.
૨. કઠોળ ફણગાવવા અને ચણાની દાળ, મગની દાળ વગેરે ચોંટાડી નાના-નાના ચિત્રો બનાવવા.

## થીમ-૫ : શાકભાજી

**વાર્તાપ્રવેશ :-** બાળ દોસ્તો આજે આપણે શાકભાજીનું એક ગીત ગાઇએ તમને મજા આવશે સાંભળજો અને પછી ગાજો.

રીંગણ તો રાજા બટાકા વગાડે વાજા
ડુંગળી ડિસ્કો કરતી'તી ચોળી ચાળા પાડતી'તી
મરચું મૂછો મરડતું તું ગલકુ ગોથા મારતું તું
ટામેટું તાળી પાડતું તું મેથી મસ્કા મારતી તી
વાલોળ વાતો કરતી તી દૂધી ડોળા કાઢતી તી
ગવાર ગીતો ગાતો'તો સુરણ તે સાંભળતું તું
ભીંડા ભજન કરતા'તા તુરીયા તબલા વગાડતા તા
ધાણા ધમાલ કરતા'તા ગીસોડુ ગભરાતુ'તું
મૂળા મુંબઇ જાતા'તા ફુલાવર ફાફા મારતું તુ
ગાજર ને ગાવા ગરબા કોળાને જાવું ફરવા
કંકોડું કાંઇ કહેતું'તું કારેલું શરમાતું તુ
શાકભાજી ભેગા મળ્યા માર્કેટમાંથી છૂટા પડ્યા.

### બાળકોએ બનાવી પાંઉભાજી

શિયાળામાં એક સાંજે દાદીમાં બધા છોકરાઓને લઇને બેઠા હતા. વાતો કરતા હતા. વાત-વાતમાં ટીના કહે, ''મને તો ટામેટા બહુ ભાવે. ત્યાં બટુક કહે, ''મને તો બટેકા બહુભાવે. હું તો રોજ બટેકાનું જ શાક ખાઉં.'' દાદીમાં બટુકને કહે, ''તારી માં બટેકાનું શાક ન બનાવે તો તું શું કરે ? બટુક કહે, ''તો હું પડીકા લાવીને ખાઇ લઉં, પણ મને બટેકા સિવાય તો બીજું કંઇ ભાવે જ નહીં.'' બટુકની વાત સાંભળી દાદીમા એ બધા છોકરાઓને કીધું, ''આપણને બધા જ શાકભાજી ખાવા જોઇએ, તો જ આપણેને તાકાત મળે,તો જ હોંશિયાર થવાય. બહારના પડીકા ખાઇએ તો પડીકા જેવા જ રહીએ, સાવ ફોફા.'' બધા બાળકો હસી પડ્યા. છોકરાઓ કહે, ''દાદીમાં ફોફા એટલે શું ?'' દાદીમાં કહે, ''આપણને કોઇ એક ધક્કો મારે તો પડી જઇએ/ઉડી જઇએ એને ફોફા કહેવાય. જે શાકભાજી, ફળો, દૂધ, ઘી આવું બધું ખાય તે તાકાતવાળા હોય. તમારે બધાને તાકાતવાળા બનવાનું છે ને ?'' છોકરાઓ જોરથી કહે, ''હા'' એટલે દાદીમાએ કહ્યું, ''સારું, કાલે આપણે બધા શાકભાજી ભેગા કરી અને પાઉંભાજી બનાવીશું. બધા પોતપોતાના ઘરેથી શાકભાજી લઇ આવજો.'' છોકરાઓ તો ખુશ ખુશ થઇ ગયા. ઘરે જઇને મમ્મીને કીધું. ''મમ્મી... મમ્મી... કાલે તો અમે દાદીમા સાથે મળીને પાઉંભાજી બનાવવાના છીએ. અમારે ગમે તે એક શાક લઇને ત્યાં જવાનું છે.'' બીજા દિવસે બધા છોકરાઓ દાદીમાના ઘરે શાકભાજી લઇને પહોંચી ગયા. બટુક બટેકા લઇ આવ્યો. વરુણ લીલા લીલા વટાણા લઇ આવ્યો. ટીના ટમેટા લઇ આવી. ફેની ફુલાવર લઇને આવી. રીન્કુ રીંગણા લાવી. ગીતા તાજા ગાજર લાવી. દાદીમા એ બધા શાકભાજી ધોઇને બાફ્યા અને તેમાંથી ખૂબ સ્વાદિષ્ટ પાઉંભાજી બનાવી. બધા છોકરાઓને પાઉંભાજી ખૂબ ભાવી અને બધા છોકરાઓએ નક્કી કર્યું કે હવેથી બધા જ શાકભાજી ખાવાના અને તાજા માજા થાવાના...



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. શાકભાજીની ટોપલી બાળકોના જૂથ વચ્ચે રાખવી તેમાંથી મનગમતા શાકભાજી લઇને તેનું નામ જણાવવા કહેવું.
૨. શાકભાજી ઉપરના બાળગીતો ગવડાવવા.
૩. શાકભાજીના ચિત્રોમાં રંગ પૂરવો.

# થીમ-૬ : મારું શરીર

**વાર્તાપ્રવેશ :-**
**સ્કૂટરને ચલાવવું હોય તો તેમાં શું પુરવું પડે ?**
**મોટર શેના વડે ચાલે ?**
**શરીરને શક્તિ શેમાંથી મળે ?**
**ખરાબ પેટ્રોલ કે ડીઝલ સ્કૂટરમાં પુરાઇ જાયતો શું થાય ?**
**તો આપણે ખરાબ કે વાસી ખોરાક ખાઇએ તો શું થાય ?**
**વિગેરે જેવા પ્રશ્નો પૂછી કહેવુ કે, તો આજે હું તમને ખોરાકનું મહત્વ સમજાવતી એક વાર્તા કહું છું.**

## જેઠો બન્યો જોરાવર

એક સરસ મજાનું ગામ હતું. એ ગામમાં કેટલાય માણસો રહેતા હતા. એ ગામમાં એક તમારા જેવડો છોકરો પણ રહેતો હતો. જેનું નામ જેઠો હતું. જેઠો સાવ નબળો. તેના બહુ ભાઇબંધ પણ નહીં. એક વખત ગામના છોકરાઓ રમવા જતા હતા ત્યારે જેઠાને પણ તેમની સાથે જવાનું મન થયું. જેઠો તેમની સાથે ગયો છોકરાઓએ પકડ-દા રમવાનું શરૂ કર્યું. જેઠો તરત જ પકડાઇ ગયો એટલે જેઠા ઉપર દાવ આવ્યો. જેઠો બધાને પકડવા દોડ્યો પણ થોડું દોડયો ત્યાં તો જેઠો થાકી ગયો. એટલે એણે બધાને કહ્યું, ''હું હવે નહીં રમી શકું. મને બહુ હાંફ ચડે છે.'' જેઠો ખરેખર ખૂબ હાંફતો હતો. બધા છોકરાઓએ તેને બેસાડ્યો, થોડું પાણી પાયું અને પછી ઘરે મૂકી ગયા. જેઠો ખૂબ રડવા લાગ્યો. તેની માએ પૂછ્યું, શું થયું બેટા ? જેઠો કહે, ''મા, હું આજે રમવા ગયો હતો પણ હું તો રમી જ ન શક્યો. થોડું દોડયો ત્યાં તો હું હાફવા લાગ્યો. દોડવાની તાકાત જ ન રહી. બીજા બધા છોકરા તો કેટલું બધું દોડે છે, હું કેમ નહીં દોડી શકતો હોય ?'' તેની મા એ તેને સમજાવ્યો, ''જો જેઠા, હું તને કેટલું કહું છું છતાં પણ તું દૂધ પીતો નથી, ધરાઇને જમતો નથી, આખો દિવસ દુકાનેથી પડીકા લઇને ખાધા કરે છે, એટલે તારા શરીરમાં પૂરતું પોષણ જતું નથી. પોષણ ન મળે તો શરીર કામ કરી શકે નહીં. એટલે જ તું વાતે વાતે થાકી જાય છે. જો તારે બીજા બધા છોકરાની જેમ દોડતું થઇ જવું હોય તો હવેથી હું જે આપું તે સરસ ધરાઇને જમવાનું અને સવાર સાંજ દૂધ પીવાનું પછી જો તું પણ બીજા બધા છોકરાની જેવો જ બળુકો થઇ જાય કે નહીં!'' આ સાંભળી જેઠાને પોતાની ભૂલ સમજાઇ અને પછીથી તે માએ ઘરે બનાવેલું સરસ મજાનું શાક, રોટલી, દાળ, ભાત ખાવા લાગ્યો અને દૂધ પીવા લાગ્યો. થોડા વખતમાં તો જેઠો જોરાવર બની ગયો. બધા મિત્રો સાથે દોડવા અને ભાગવા લાગ્યો.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. પૌષ્ટિક ખોરાક અને જંકફૂડનું વર્ગીકરણ કરાવવું.
૨. હળવી કસરત કરાવી શકાય.
૩. યોગિક ક્રિયાઓ કરાવવી.

# થીમ-૭ : પ્રાણીઓ

**વાર્તાપ્રવેશ :-** નથી જવું માણસ પાસે
અમે જ કરશું ધંધો.
જંગલના પ્રાણીઓએ
આ જ ઉપાડ્યો ઝંડો
દરજીડો બન્યો છે દરજી
કપડા સીવે જેવી મરજી... નથી જવું...
કાગડાભાઇ બન્યા છે કડિયા
કાબરબેન ઉપાડે બકડીયા... નથી જવું...
કુતરાભાઇ બન્યા છે કુંભાર
માટલા બનાવે ભારોભાર.... નથી જવું...
શિયાળભાઇ બન્યા છે સુથાર
ફર્નિચર છે જુઓ તૈયાર... નથી જવું...
વરુભાઇ તો બન્યા વકીલ
જોરદાર છે એમની દલીલ.. નથી જવું...
સસલાભાઇ તો કરે સફાઇ
ચોખ્ખાઇથી કરે ભલાઇ... નથી જવું...

## ચીન્કીની રાખડી

એક સરસ મજાનું જંગલ હતું. જંગલમાં કેટલા બધા વૃક્ષો હતા. સરસ મજાની નદી વહેતી હતી. આ જંગલમાં ઘણા બધા પ્રાણીઓ અને પક્ષીઓ સંપીને રહેતા હતા. દિવાળી હોય કે હોળી હોય બધા પ્રાણીઓ સાથે ઉજવણી કરે. શિયાળભાઇ જંગલના ટપાલી હતા.



તેઓ દરેક પ્રાણીઓને ટપાલ પહોંચાડતા. ક્યારેક કોઇનું પાર્સલ આવ્યું હોય, તો ક્યારેક મની ઓર્ડર હોય. શિયાળભાઇ બધા પ્રાણીઓના ઘરે જઇ દઇ આવે. ક્યારેક શિયાળભાઇ ટપાલ લેવા બીજા જંગલમાં જાય તો ત્યાંથી ફટાકડા, રંગ એવું બધું છોકરાઓ માટે લેતા આવે. આ જંગલમાં એક સસલીબેન રહેતા હતા. સસલીબેનનો દીકરો સોનું. સસલીબેનની દીકરી મોનું. મોનુબેન તો સાસરે હતા બીજા જંગલમાં. રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો હતો એટલે મોનુબેને તેમની માતાને ફોન કર્યો કે, હું અહીંથી રાખડી મોકલાવું છું. આ વખતે હું રક્ષાબંધન પર ત્યાં આવી શકીશ નહીં. તો મારી આ રાખડી તમે સોનુંને બાંધી દેજો.'' સોનુ તો રોજ રાખડીની રાહ જોવે. શિયાળભાઇ ટપાલીને જુએ એટલે તરત પૂછે, ''શિયાળમામા, મારી રાખડી લાવ્યા ?'' પણ શિયાળભાઇ કહે, ''ના બેટા ! હજી તારી રાખડી આવી નથી.'' આમ કરતા કરતા રક્ષાબંધન નજીક આવી ગઇ, પણ સોનુભાઇની રાખડી હજી આવી નહીં. તેથી તે ઉદાસ રહેવા લાગ્યો. રંક્ષાબંધનના દિવસે શિયાળભાઇ સસલીબેનના ઘરે આવ્યા, અને કહ્યું ''આ લ્યો મોનુબેને રાખડી મોકલાવી છે.'' સસલીબેન અને સોનુ બંને ખુશ થઇ ગયા. બીજા દિવસે રક્ષાબંધન હતી. રક્ષાબંધનના દિવસે સોનુભાઇ એ તો સરસ મજાની રાખડી બાંધી. તેમના મિત્રોને બતાવવા લાગ્યા. બપોર થઇ ત્યાં મોનુબેનનો ફોન આવ્યો. તેમણે સસલીબેનને કહ્યું, ''મમ્મી ! હું ખૂબ કામમાં હતી એટલે રાખડી મોકલવાનું ભૂલી ગઇ છું. તો તું તારી રીતે રાખડી લઇ અને સોનુને બાંધી દેજે.'' સસલીબેન તો બધી હકીકત સમજી ગયા તેમણે શિયાળભાઇને બોલાવ્યા અને કહ્યું, ''શિયાળભાઇ તમારો ખુબ આભાર. જો તમે કાલે રાખડી આપી ન હોત તો સોનુ ખૂબ જ નિરાશ થઇ ગયો હોત. મોનુએ રાખડી મોકલાવી જ નથી પણ સોનુ માટે રાખડી લઇ આવ્યા. તો જુઓ સોનુ કેટલો ખુશ ખુશ છે. તમારો ખુબ ખુબ આભાર શિયાળભાઇ...'' શિયાળભાઇ કહે, ''સસલીબેન કાંઇ વાંધો નહીં. સોનુ મારો ભાણો જ છે ને ! ભાણો ખુશ તો મામા પણ ખુશ...''

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. વિવિધ પ્રાણીઓ વિશે સમજ આપવી.
૨. હિંસક પ્રાણીઓ અને પાલતુ પ્રાણીઓનું વર્ગીકરણ કરાવવું
૩. પ્રાણીઓની ઉપયોગીતા વિશ સમજાવવું.

## થીમ-૮ : પક્ષીઓ

**વાર્તાપ્રવેશ :-** બાળગીત

પંખી બની જાઉં, હું તો પંખી બની જાઉં
પાંખ ઓઢી પીંછા પહેરી પંખી બની જાઉં
રોજ સવારે બાંગ પોકારુ
વહેલા વહેલા હું ઉઠાડું
કલગી પહેરી રંગબેરંગી કૂકડો બની જાવ...
પંખી બની જાવ...
આંબા ડાળે એકલા બેસી
ગાઉં ગીતડા ઝૂલતી કેવી
કુહુ કુહુ મીઠડુ બોલી કોયલ બની જાઉં...
પંખી બની જાવ...
ગળું ફુલાવી ગોળ ફરૂ હું
રાતી આંખે જોવું બધું હું
ઘુ ઘુ ઘુ ઘુ બોલતો હું કબુતર બની જાઉં...
પંખી બની જાવ...

### કોયલનો ટહુકાર

એક મોટું ગામ હતું. ગામમાં એક મોટું મેદાન હતું. તેમાં એક મોટું આંબાનું વૃક્ષ હતું. તે વૃક્ષની ઉપર એક કોયલ રહેતી હતી. તે કોયલનો અવાજ ખૂબ જ કર્કશ હતો. વૃક્ષ નીચે કોઇપણ વ્યક્તિ આરામ કરવા બેસતા અને તે કોયલનો અવાજ સાંભળીને ત્યાંથી ચાલ્યા જતા. તેના અવાજના કારણે આખું ગામ કંટાળી ગયું. આખા ગામના લોકો તેનાથી ત્રાસી ગયા હતા. તે આંબાની મીઠી કેરીઓ પણ લેવા જતા ન હતા. ઘણા દિવસો વીતી ગયા. એક દિવસ એક ઋષિ ત્યાંથી પસાર થતા હતા. ત્યાં તેમને આંબાના વૃક્ષનો શીતળ છાંયો જોઇને આરામ કરવાનું મન થયું. તેઓ ત્યાં આરામ કરવા બેઠા અને તેઓ જાગ્યા ત્યારે તેમને ખૂબ તરસ લાગી હતી. કર્કશ અવાજવાળી કોયલ હંમેશા બીજાની મદદ કરતી હતી. આથી તે ઝડપથી ઋષિને મદદ કરવા પહોંચી ગઇ. તેણે સાધુને પૂછ્યું, ‘‘તમારે શું જોઇએ છે? સાધુ બોલ્યા, ‘‘મને ખુબ તરસ લાગી છે. મારે પાણી પીવું છે.’’ કોયલે કહ્યું, ‘‘તમે થોડીવાર બેસો. હું તમારા પીવા માટે પાણીની અને ખાવા માટે ફળોની વ્યવસ્થા કરું છું.’’ થોડીવાર પછી કોયલ પાછી આવી અને બોલી, ‘‘મહારાજ આ લ્યો, તમારા માટે હું પાણી અને ફળ લાવી છું.’’ ખાઇ પી ને ઋષિ જતા રહ્યા. થોડા દિવસ પછી પાછા ઋષિ એક દિવસ એ જ ગામમાં આવ્યા. તે આંબાના છાયડા નીચે આરામ કરવા બેઠા પછી તેમની ઉંઘ ઉડી ગઇ. આ વખતે ઋષિ પાણી સાથે લાવ્યા હતા અને પાણી પીને થોડીવાર બેઠા ત્યાં તો ઉડતો ઉડતો એક કાગડો આવ્યો. ઋષિની જોળીમાં કેટલીક મીઠાઇ હતી, તે લઇને ઉડી ગયો. ઋષિ ખૂબ દુઃખી ગઇ ગયા. ત્યારે કોયલે કહ્યું, ‘‘મહારાજ શું થયું ? અહીંયા ઉદાસ કેમ બેઠા છો ?’’ અરે શું કહું ? ‘‘આજ આખા ગામમાં ફરીને મેં મારા માટે ભોજન ભેગું કર્યું હતું. પણ કાગડો આવીને લઇ ગયો.’’ કોયલ બોલી, ‘‘તમે ચિંતા ન કરો. હું અત્યારે જ લઇ આવું છું.’’ કોયલ કાગડા પાસે ગઇ અને તેણે કહ્યું, ‘‘કાગડાભાઇ કાગડાભાઇ, તમે પેલા સાધુની જોળીમાંથી મીઠાઇ લઇને આવતા રહ્યા છો. કાગડાભાઇ તે મીઠાઇ તેમને પાછી સોંપી દો.’’ કાગડાભાઇએ તે મીઠાઇ કોયલને પાછી આપી દીધી. પછી કોયલે તે મીઠાઇ સાધુને

આપી. સાધુ મીઠાઇ જોઇ ખુશ થઇ ગયા. પછી બોલ્યા, અરે વાહ ! કોયલ તે મારી જોળી અને મીઠાઇ પાછી લાવી આપી. હું તારી કેવી રીતે પ્રશંસા કરું ? આજે તે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે.'' કોયલ બોલી,

ઋષિએ તથાસ્તુ કહ્યું. વરદાન પ્રાપ્ત કરીને કોયલ ખૂબ ખુશ થઇ ગઇ અને બોલવાનું શરૂ કર્યું. તેનો અવાજ સાંભળી ગામના છોકરા ત્યાં રમવા આવવા લાગ્યા. લોકો આંબાના શીતળ છાયે બેસવા આવવા લાગ્યા,



''મહારાજ ! હંમેશા સત્યની સેવા કરું છું. કોઇ પણ મુશ્કેલી હોય તો એમાં હું મદદરૂપ થવું છું. તો પણ મારો અવાજ કેમ આવો છે ? ઋષિ બોલ્યા, તારે હવે ચિંતા કરવાની કોઇ જરૂર નથી. તારે કોઇ વરદાન જોઇતું હોય તો બોલ. કોયલ બોલી, ''મારો અવાજ મીઠો મધુર બની જાય. જેથી લોકો મારો અવાજ સાંભળવા આવે.''

આંબાની કેરી પણ ખાવા લાગ્યા. આ જોઇને કોયલ ખુશ ખુશ થઇ ગઇ. તેના ટહુકા સાંભળવા ગામના લોકોના કાન તરસવા લાગ્યા. કોલયનો મધુર અવાજ સાંભળવો બધાને ખૂબ ગમવા લાગ્યો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. પક્ષીઓના ચિત્રો બતાવી શકાય અને દોરાવી શકાય.
૨. પક્ષી અને તેના અવાજનો પરિચય આપવો.
૩. બાળકોને પક્ષીઓના મહોરા પહેરાવી વેશભૂષા કરાવી શકાય.

## થીમ-૯ : સુરક્ષા

**વાર્તાપ્રવેશ :-** બાળમિત્રો, આજે તો ગરમી વધુ થાય છે. તો પંખો ચાલુ કરી દઉં છું. આ તરફથી સ્વીચ ચાલુ કરું છું. બાળકો, જોયું ! સ્વીચ ચાલુ કરીને પંખો ચાલુ થયો. એમ લાઇટ પણ સ્વીચ ચાલુ કરીએ એટલે થાય. આ સિવાય આપણા ઘરમાં ચાર્જિંગ માટેનું ચાર્જર પણ પ્લગમાં લગાડેલું હોય છે. સ્વીચ પાડીએ એટલે મોબાઇલ ચાર્જ થાય. તો આજે આવી જ એક વાર્તા હું તમને કહું છું ધ્યાનથી સાંભળજો.

### વાલાને લાગ્યો ઝટકો

એક હતો વાલો. વાલાના ઘરે ભૂરો અને ગિલો બધા રમવા આવેલા. વાલો તેમની સાથે સંતાકૂકડી રમતો હતો. રમતા રમતા જ્યારે ભૂરાનો દાવ આવ્યો ત્યારે વાલો અને ગિલો ટેબલ નીચે અને ટેબલની પાછળ સંતાઇ ગયા. ટેબલ પાસે વાલાના પપ્પાનો ફોન ચાર્જ થવા મુકેલો હતો. જ્યાં ચાર્જર લગાવેલું હતું તે પ્લગ ઉપરના ખાલી કાણા જોઇ વાલાને વિચાર આવ્યો. આ કાણું શેનું હશે? તે જિજ્ઞાસાપૂર્વક કાણામાં આંગળી નાખે છે. સ્વીચ ચાલુ હતી એટલે વાલાને જોરદાર ઝટકો લાગે છે. વાલો ખૂબ રડવા લાગે છે. વાલાના રડવાનો અવાજ સાંભળી ભૂરો અને ગીલો ત્યાં દોડી આવ્યા. સાથે વાલાના મમ્મી-પપ્પા પણ આવી ગયા વાલાને છાનો રાખતા મમ્મીએ તેને ખોળામાં બેસાડી પૂછ્યું,'' શું થયું'' વાલાએ કહ્યું, ''મમ્મી, પેલા કાણામાં આંગળી નાખી તો મને કંઇક થયું અને હું પડી ગયો. મારા શરીરમાં જાણે ધ્રુજારી આવતું હોય એવું લાગ્યું.'' મમ્મી પપ્પાએ બધા બાળકોને બેસાડી સમજાવ્યું એને ઝાટકો કહેવાય. અંગ્રેજીમાં તેને કરંટ કહે છે. જુઓ જ્યાં વીજળીના આવા તાર એટલે કે વાયર લગાવેલા હોય, આવા કાણાવાળા પ્લગ હોય અને તેની બાજુમાં સ્વીચ હોય એ સ્વીચ ચાલુ હોય ત્યારે તેમાંથી કરંટ પસાર થતો હોય છે. આપણી આંગળી એ પ્લગમાં જતી રહે ત્યારે તેમાં રહેલો વીજળીનો કરંટ આપણા શરીરમાં આવે છે. જેથી આપણને ઝાટકો લાગે છે. હવેથી ધ્યાન રાખજો આવા ખુલ્લા પ્લગમાં ક્યારેય હાથ અડી જાય નહીં અને આંગળી તેમાં જતી ન રહે. નહિતર આવી જ રીતે ઝાટકો લાગે. આવા ઝાટકામાં ઘણીવાર માણસ મરી પણ જાય. તેથી હવે સ્વીચ બોર્ડની આજુબાજુની જગ્યાઓમાં સંતાવવું નહીં. ખૂબ સાવચેતી રાખવી.''



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. ઘરમાં આવેલા ઇલેક્ટ્રીક સાધનો વિશે ચર્ચા. ઇસ્ત્રી, હીટર, મોટર, ફ્રીજ, વોશિંગ મશીન, મિક્સર, એ.સી., પંખો, લાઇટ, ટીવી વગેરેની માહિતી તથા ચિત્ર દ્વારા ઓળખ.


૨. બાળકને Good Touch-Bad Touch (સારો સ્પર્શ-ખરાબ સ્પર્શ) વિશેની માહિતી આપવી.

# થીમ-૧૦ : મારો દેશ

**વાર્તાપ્રવેશ :-** ભારત કી હે શાન તિરંગા
ભારત કી પહેચાન તિરંગા
તીન રંગ કા પ્યારા તિરંગા
ભેદ ના કોઈ જાતિ ધર્મકા
સબકા મન દર્શાયે તિરંગા
નમન ઉસે સો બાર કરે હમ
સબમે પ્રેમ જગાએ તિરંગા
શહીદ હુએ જો દેશ કે લિયે
ઉસકી યાદ દિલાયે તિરંગા
એક સાથ જય હિન્દ કહો તો
ગૌરવ સા મુસ્કાય તિરંગા

## આપણા રાષ્ટ્રધ્વજ વિશે જાણવા જેવું

આપણા રાષ્ટ્રધ્વજમાં ત્રણ રંગો છે. માટે આપણા રાષ્ટ્રધ્વજને તિરંગો કહેવામાં આવે છે. આપણા રાષ્ટ્રધ્વજમાં કેસરી સફેદ અને લીલો એમ ત્રણ રંગો છે. જેમાં સૌથી ઉપર કેસરી રંગ, સફેદ રંગ અને સૌથી નીચે લીલો રંગ છે. કેસરી રંગ એ ત્યાગ અને બલિદાનનું પ્રતીક છે. સફેદ રંગ એ સાદું જીવન અને ઉચ્ચ વિચાર તેમજ સત્ય અને અહિંસાનું પ્રતીક છે. લીલો રંગ એ પ્રકૃતિનો રંગ છે. આપણા રાષ્ટ્રધ્વજમાં સફેદ રંગમાં બરાબર વચ્ચે વાદળી રંગનું ચક્ર આવેલું છે. જેને અશોકચક્ર કહેવામાં આવે છે. આ અશોકચક્રમાં ૨૪ લાઈનો હોય છે. અશોકચક્ર આપણે ગમે તેવી મુશ્કેલીમાં થાકી કે હારીને ઉભા નહીં રહેતા હંમેશા ચાલતા રહેવાનું સૂચન કરે છે. આપણે જ્યારે રાષ્ટ્રધ્વજ ફરકાવીએ ત્યારે આપણા રાષ્ટ્રધ્વજની ઉપર એક પણ ધ્વજ ફરકવો જોઈએ નહીં. રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ સાંજે દિવસ આથમે તે પહેલા તેને માનપૂર્વક ઉતારી લેવો જોઈએ. રાષ્ટ્રધ્વજ જમીનને ન અડે કે કોઈપણ રીતે રાષ્ટ્રધ્વજનું અપમાન ન થાય તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ. રાષ્ટ્રધ્વજ એ આપણા સૌની આન, બાન અને શાન છે. તેનું રક્ષણ કરવું એ આપણા સૌની ફરજ છે.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. આપણા જુદા જુદા રાષ્ટ્રીય પ્રતીકો વિશે માહિતી આપી શકાય.
૨. રાષ્ટ્રીય પ્રતીકોના ચિત્રો બતાવી શકાય.

# થીમ-૧૧ : ઋતુઓ

**વાર્તાપ્રવેશ :-** એક વર્ષની ત્રણ ઋતુ
ત્રણ ઋતુ ભાઇ ત્રણ ઋતુ.
શિયાળો, ઉનાળો, ચોમાસુ
ત્રણ ઋતુ ભાઇ ત્રણ ઋતુ.

શિયાળો ઠંડી લઇ આવે,
સ્વેટર ટોપી મોજા લાવે.
તાપણું ઠંડી ઉડાડતું'તું.
ત્રણ ઋતુ ભાઇ ત્રણ ઋતુ

## જંગલમાં ચોમાસું

એક જંગલ હતું. તેમાં ઘણા બધા પ્રાણીઓ રહેતા હતા. સસલા, હરણ, વાંદરા, શિયાળ, વરુ, રીંછ, ચિત્તા, દીપડા, વાઘ, સિંહ વગેરે. સિંહ જંગલનો રાજા કહેવાય. વળી એનાથી બધા ડરે પણ ખરા. શિયાળાની ઋતુ હતી. ચારે બાજુ ખૂબ ઠંડી વાય. પ્રણીઓ બિચારા ઠુંઠવાઇને બખોલમાં પડ્યા રહે. બપોરે તડકો નીકળે ત્યારે થોડી વાર ઉભા થાય. એકબીજાને મળે અને વાત



કરે. હવે તો કંટાળ્યા ઠંડીથી. જલ્દી જાય તો સારું. આમ, જેમ તેમ કરતા શિયાળો પૂરો થયો અને ઉનાળો શરૂ થયો. ઉનાળામાં ખૂબ ગરમી પડવા લાગી. સુરજદાદા એવા તો તપવા લાગ્યા કે પગ મૂકીએ તો પણ દાઝી જઇએ. સાંજે ઠંડક થાય ત્યારે પ્રાણીઓ મળે અને વાત કરે, બાપ રે બાપ ભારે ગરમી પડે છે રહેવાતું નથી. હવે તો જલ્દી વરસાદ પડે તો સારું. બધા પ્રાણીઓ ઉનાળામાં ખૂબ કંટાળ્યા ખૂબ ગરમી અને તાપ સહન કરવો પડતો હતો. વળી પાણી પણ ખૂબ ઓછું થઇ ગયું હતું. જેથી પીવાના પાણીની તકલીફ ઉભી થાય એમ હતું. બધા પ્રાણીઓની વાત સાંભળી પક્ષીઓના રાજા ગરુડને વિચાર આવ્યો કે ચાલો આ ગરમીમાં આજે પ્રાણીઓને એક સરપ્રાઇઝ આપી, રાહત આપીએ. પક્ષીરાજ ગરુડે બધા પક્ષીઓને બોલાવ્યા, અને કહ્યું, ‘‘જુઓ ! જંગલના પ્રાણીઓ તાપથી ખૂબ કંટાળી ગયા છે. એ લોકો ચોમાસાની રાહ જુએ છે. મને એક વિચાર આવ્યો છે. આપણે એમને ખુશ કરીએ તો ! બધા પક્ષીઓ કહે ‘‘કઇ રીતે ?’’ ગરુડ રાજાએ કહ્યું એ લોકો સાંજે છ વાગે વડની નીચે ભેગા થાય છે. આપણે આ નદીમાંથી આપણી ચાંચમાં પાણી ભરીને ઉડતા ઉડતા ત્યાં જઇશું અને તેમની ઉપર પાણી વરસાવીશું. બધા પ્રાણીઓ ખુશ થઇ જશે. બધા જ પક્ષીઓ તૈયાર થયા. ગરુડ રાજાના કહ્યા પ્રમાણે પોતપોતાની ચાંચમાં પાણી ભર્યું અને પહોંચી ગયા વડના ઝાડ ઉપર. પ્રાણીઓની સભા ચાલતી હતી ત્યાં જઇ બધા જ પક્ષીઓ પોતાની ચાંચમાંથી ધીમે ધીમે પાણી વરસાવવા લાગ્યા. આવા બળબળતા ઉનાળામાં પાણીની વર્ષા થતાં પ્રાણીઓ આનંદમાં આવી ગયા અને નાચવા લાગ્યા. નાચતા નાચતા તેમણે જોયું કે આ તો પક્ષીઓ તેમના પર પાણી વરસાવી રહ્યા હતા. જ્યારે પાણી વરસતું બંધ થયું ત્યારે બધા જ પ્રાણીઓએ બધા જ પક્ષીઓનો આભાર માન્યો અનેકહ્યું, ‘‘ખરેખર ! તમે અમને ખૂબ ખુશ કરી દીધા. તમારો ખુબ ખુબ આભાર.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. બાળકોને ઋતુ અનુસાર આવતા ફળોનો ચાર્ટ બતાવી શકાય.
૨. ઋતુ અનુસાર આવતા શાકભાજીનો ચાર્ટ બતાવો.
૩. ઋતુ અનુસાર બદલાતા પહેરવેશ અંગે માહિતી આપી શકાય.

## થીમ-૧૨ : પૃથ્વી અને સૃષ્ટિ

**વાર્તાપ્રવેશ :-**

કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
પાની સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
ગોઠણ સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
કમર સુધી પાણી
ગોળ ગોળ ધાણી

કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
છાતી સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
ગળા સુધી પાણી
ગોળ ગોળ ધાણી
કેટલું કેટલું પાણી
ગોળ ગોળ ધાણી
માથા સુધી પાણી
ગોળ ગોળ ધાણી

### કાચબો અને દેડકો

એક મોટું તળાવ હતું. તે તળાવમાં એક મોટો દેડકો અને કાચબો રહેતા હતા. દેડકો અને કાચબો બંને પાકા ભાઈબંધ. એક વખત કાચબા એ દેડકાને કહ્યું, ''અલ્યા દેડકા, તું ક્યારેય ફરવા ગયો છે ? તે ક્યારેય બહારની દુનિયા જોઈ છે ? ચાલ, આજે આપણે આપણી આજુબાજુની સૃષ્ટિ જોવા નીકળીએ.''

દેડકો કહે, ''હા ચાલો, હું તો આ તળાવની બહાર



ક્યાંય નથી ગયો.'' ત્યારબાદ કાચબો અને દેડકો વહેલી સવારે ફરવા નીકળ્યા. દેડકો કહે, ''કાચબાભાઈ આ ચારે બાજુ લીલું લીલું ઉગી નીકળ્યું છે એ શું કહેવાય ?'' કાચબો કહે, ''તે લીલુંછમ ઘાસ છે. ગાય, ભેંસ, ઘેટા, બકરા જેવા પ્રાણીઓ તેને ખાય.'' ત્યાંથી થોડા આગળ ચાલ્યા ત્યાં તો એક વાડી આવી. તે વાડીમાં ઘણા બધા ફળોના વૃક્ષો અને પાક થયા હતા. શાકભાજી પણ હતા. દેકડો કહે, ''કાચબાભાઈ આ વાડી તો જુઓ. એમાં આ બધું રંગીન શું છે ?'' કાચબો કહે, ''ચાલ હું તને કહું.'' બંને જણા વાડીમાં ગયા ત્યાં કાચબાભાઈએ દેડકાને દાડમડી, જામફળ, કેળ, આંબો, બોરડી, ચીકુડી વગેરે જેવા ફળોના વૃક્ષો બતાવ્યા. ત્યારબાદ રીંગણ, ટમેટા, મરચા, દુધી, કોબીજ, કારેલા, ફુલાવર, ટીંડોળા, વટાણા જેવા શાકભાજીના છોડ અને વેલા બતાવ્યા. ત્યાર બાદ ખેતરમાં ઉગેલા ઘઉં, ચણા, શેરડી વગેરેના પાક બતાવ્યા. દેડકાભાઈને સમજાવ્યું, ''આ બધું જ વનસ્પતિ કહેવાય. તે માણસો અને પ્રાણીઓના ખોરાક તરીકે ઉપયોગી થાય.'' ત્યાંથી થોડા આગળ ચાલ્યા હવે સૂરજ બહાર નીકળ્યો હતો. તડકો લાગવા લાગ્યો. કાચબાએ દેડકાને કહ્યું જો આકાશમાં જે ચમકતો દેખાય છે. તે આપણા સૂરજદાદા છે. તે જ આપણને પ્રકાશ અને ગરમી આપે છે. તેના કારણે જ આખી સૃષ્ટિ ટકેલી છે. બંને મિત્રો હરી ફરીને પાછા તળાવે આવ્યા. રાત પડી એટલે આકાશમાં ચાંદો અને તારા ચમકવા લાગ્યા. કાચબાભાઈએ દેડકાને કહ્યું, ''જો દેડકા આકાશમાં જે પેલું મોટું ચમકે છે. તે આપણા ચાંદામામા છે. જે નાના નાના ચમકતા દેખાય છે તે તારા છે. આપણને રાત્રે અજવાળું આપવાનું કામ ચાંદામામા કરે. સુરજદાદા ગરમી આપે. ચાંદામામા ઠંડક આપે છે. આ બધું જ આપણી સૃષ્ટિ છે. જેને ઈશ્વરે બનાવી છે.'' દેડકાભાઈ કહે, ''વાહ ! ભગવાને કેટલી સરસ રંગબેરંગી દુનિયા બનાવી છે. મને તો જોવાની ખૂબ મજા પડી.'' પછી બંને ભગવાનને યાદ કરીને સૂઈ ગયા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. ચાર્ટ કે મોડલ દ્વારા ફુલ, ફળ, છોડ, વૃક્ષ તથા પ્રાણીઓનો પરિચય આપી શકાય.
૨. વેશભૂષા દ્વારા પ્રાણીઓનો પરિચય આપી શકાય.
૩. વનસ્પતિ અને ખેતીના પાક આપણને કઈ રીતે ઉપયોગી છે તે સમજાવી શકાય.

# થીમ-૧૩ : હવા

**વાર્તાપ્રવેશ :-**

હવા ને પાણી ઝઘડિયા
ખૂબ જોરથી બાખડીયા
હવા કહે તારી તાકાત શું
પાણી કહે તારી ઓકાત શું
હવા કહે હું જીવન ચલાવું
પાણી કહે હું શરીર ટકાવું
હવા કહે તું સ્વાદ વગરની
પાણી કહે તું શરીર વગરની
હવાનું હથિયાર વાવાઝોડું
પાણીનું હથિયાર પુર નદીનું
અન્ન કહે આ ઝઘડો છોડો
એકબીજાથી નાતો જોડો
રોજ મળે હવા, અન્ન, પાણી
તો જ શરીરને થાય ઉજાણી.

## ખેડૂતનો મિત્ર પવન

રામપુર ગામમાં રામજીકાકા રહેતા હતા. રામજીકાકા અને તેમનો પરિવાર તેમની વાડીમાં જ કામ કરે. વાડી ખૂબ મોટી અને વાડીમાં એક મોટો કૂવો એટલે રામજીકાકા બધી જ ઋતુને અનુરૂપ ખેતી કરે. ખેતરમાં અનાજ તૈયાર થઇ ગયુ હતું અને રામજીકાકાનો પરિવાર કણસલામાંથી દાણા છૂટાપાડવાનું કામ કરતા હતા. બધા જ દાણા છૂટા તો પડ્યા પણ કણસલાના ફોતરા અનાજની ભેગા જ હતા. મોંઘી કાકી કહે, ‘‘આ દાણા તો છુટા પાડ્યા. પણ બહુ કસ્તર છે.’’ રામજીકાકા કહે, ‘‘અરે, હમણાં મારો ભાઇબંધ આવવા દે ને બધું જ કસ્તર દૂર કરી નાખું, તું જોજે.’’ મોંઘી કાકી કહે, ‘‘એવો વળી ક્યો ભાઇબંધ છે જે આ કસ્તર દૂર કરશે?’’ રામજીકાકા કહે, ‘‘હમણાં તને કહું.’’ થોડીવારમાં સરસ પવન આવવા લાગ્યો. પવન થતાં જ રામજીકાકા કહે, ‘‘આપણું પેલું ઊંચું ટેબલ નિસરણીવાળું છે ને એ લાવો.’’ મોંઘી કાકી સમજી ગયા. અરે ! તમે આ પવનની વાત કરતા હતા. રામજીકાકા કહે, ‘‘હવે સમજી. આ પવન આપણો ભાઇબંધ છે. ચાલો હવે મને ટોપલા ભરી ભરીને અનાજ આપવા માંડો. હું એ અનાજ ઉપણીશ.દાણા ઉપણુ એટલે તરત જ આ પવન બધું કસ્તર દૂર કરી નાખશે. આપણું અનાજ ચોખ્ખું થઇ જશે.’’ પરિવારના બધા સભ્યો કામે લાગી ગયા. બધા ટોપલા ભરી ભરીને અનાજ રામજી કાકાને દેવા લાગ્યા અને રામજીકાકા ઉપણવા લાગ્યા. થોડીવારમાં અનાજનો આખો ઢગલો સાફ થઇ ગયો. એ ઢગલાની ગાંસડી વાળી ગાડા ભરી ઘરે લઇ ગયા. ખાધું પીધું ને મોજ કરી.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**
  હવા શેમાં રહેલી છે તે બતાવવા માટ ફુગ્ગો ફુલાવો, ટ્યુબમાંથી હવા કાઢવી, ખાલી બોટલ પાણી ભરેલી ડોલમાં ડૂબાડતા હવાના પરપોટા બહાર નીકળે તે બતાવવું. બાળકો તમે જોયું કે દરેકમાં હવા રહેલી છે. દબાણ થતાં તે બહાર આવે છે. જગ્યા રોકે છે. આપણે શ્વાસમાં હવા લઇએ છીએ. આપણા વાહનોનાં ટાયરમાં હવા ભરેલી હોય છે. ફુગ્ગામાં પણ હવા ભરાય છે. આ પ્રકારની માહિતી આપી શકાય.

# થીમ-૧૪ : ફળો

**વાર્તાપ્રવેશ :-** ઉખાણા :

(૧) કાચું ત્યારે લીલું લીધું, પાકું ત્યારે પીળું લાંબુ લાંબુ શરીર મારું છાલ નીચે હું ધોળું ઓળખો તો હું કોણ ?

(૨) ઉપરથી હું લીલું લીલું અંદરથી હું લાલ. અંદરથી હું પોચું પોચું કઠણ છે મારી છાલ.


(૩) ફળોનો હું રાજા છું ઉનાળામાં આવું, ચીર કરો કા ઘોળી પીવો રસ મજાનો લાવું. ઓળખો તો હું કોણ ?

(૪) લાલ લાલ છે છાલ અમારી શક્તિ હું તો આપુ દર્દીને પણ સાજા કરવાની હિંમત રાખું ઓળખો તો હું કોણ?

(૫) કાચો ત્યારે લીલો લીલો પાકુ ત્યારે પીળો. કાચાનો સંભારો બનાવો પાકું તો હું રસીલો ઓળખો તો હું કોણ ?

## ફળોના ઘરમાં આવ્યા ચોર

એક ફળની ટોકરીમાં કેટલા બધા ફળો શાંતિથી રહેતા હતા. એક વખત બન્યું એવું કે, એક રાત્રે બધા ફળો આરામથી સુતા હતા ત્યાં અચાનક ઘરમાં ચોર આવ્યા. થોડો અવાજ થયો ત્યાં સફરજનભાઇ જાગી



ગયા અને જોયું તો ઘરમાં ચોર આવ્યા હતા. સફરજનભાઇ તો ખૂબ સમજણા હતા એટલે એમણે ધીમે રહીને બધા ફળોને જગાડ્યા અને કહ્યું, ‘‘કોઇએ બોલવાનું નથી. આપણા ઘરમાં ચોર આવ્યા છે. આપણે કાંઇક એવું કરવાનું છે જેથી કરીને ચોર ભાગી ન શકે. કોઇએ અવાજ કરવાનો નથી.’’ બધા કહે, ‘‘સારું સફરજનભાઇ.’’ પછી સફરજનભાઇએ બધા ફળોના કાનમાં એક એક વાત કહી. બધા ફળો કહે, ‘‘વાંધો નહીં સફરજનભાઇ, તમે જેમ કહ્યું તેમ જ અમે કરશું...’’ ચોરભાઇએ જેવો કબાટ ખોલ્યો એવા બોરભાઇ બૂમ પાડવા લાગ્યા. ચોરભાઇ તો ગભરાઇ ગયા અને ભાગવા લાગ્યા. ત્યાં તો કેળાભાઇએ પોતાની છાલ વચ્ચે નાખી. એટલે ચોરભાઇ તો ધડામ દઇને નીચે પડ્યા. વળી ઊભા થઇને ભાગવા જાય ત્યાં અનાનસભાઇએ પોતાની છાલ વચ્ચે નાખી. ચોરભાઇને તો પગમાં અનાનસની છાલ ખૂબ વાગી અને મોટેથી બૂમો પાડવા લાગ્યા. તરબૂચભાઇ અને સાકરટેટી બહેન તો ચડી ગયા ચોર ભાઇ ઉપર અને જોરજોરથી કૂદકા મારવા લાગ્યા. ચોરભાઇને તો આખા શરીરે ખૂબ વાગ્યું. હવે વારો આવ્યો લીંબુભાઇનો અને સંતરાભાઇનો. લીંબુભાઇ અને સંતરાભાઇએ પોતાનો ખાટો ખારો રસ ચોરભાઇની આંખમાં ઉડાડ્યો. ચોરભાઇને તો ખૂબ આંખો બળવા લાગી હવે બધા ફળો એક સાથે ચોરભાઇના શરીર ઉપર ચડી ગયા. ચોરભાઇના શરીર ઉપર તો ખૂબ જ વજન થઇ ગયું. હવે તે ઉભા પણ થઇ શકે તેમ ન હતા. એટલે સફરજનભાઇએ તરત જ પોલીસને ફોન કર્યો. થોડી વારમાં પોલીસ આવ્યા અને ચોરભાઇને પકડીને લઇ ગયા. બધા ફળોએ સંપ કરીને આજે ઘરમાં ચોરી થતા રોકી લીધી.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. ફળના ચિત્રમાં રંગ પુરાવી શકાય.
૨. ફળોની વેશભૂષા કરાવી શકાય.
૩. પપેટ ઉપલબ્ધ હોય તો મ્હોરા પહેરાવી ફળોનો પરિચય લઇ શકાય.

# થીમ-૧૫ : પાણી

**વાર્તાપ્રવેશ :-** કાચબો કહેતો મમ્મી મને
લાવી આપજે રેઈન કોટ
વરસાદ તો બહુ પડે છે
પલળી જશે પુસ્તક નોટ
ચોમાસામાં વરસાદ આવે
વરસાદની મને લાગે બીક
વરસાદમાં હું પલળું તો
તાવ આવે આખું વીક
મમ્મી મને લાવી દે ને
પ્લાસ્ટિકનો રેડીમેઈડ કોટ
કાચબો કહેતો મમ્મી મને
લાવી આપજે રેઈનકોટ
છત્રી લઈ શાળાએ જાઉં
તો છત્રીનો બને કાગડો
મિત્ર સૌ મજાકમાં કહેતા
કાચબો થયો છે કાગડો
મમ્મી વરસાદમાં લપસીશ
તો આવશે મને ચોટ
કાચબો કહે તો મમ્મી મને
લાવી આપજે રેઈન કોટ

બાળકો, વરસાદ પડે એટલે ચારે બાજુ પાણી-પાણી થઈ જાય. નદી, નાળા, કુવા, તળાવ બધું પાણીથી છલોછલ થઈ જાય પાણી જીવન જીવવા માટે ખૂબ જરૂરી છે. પાણી ન મળે તો જીવી શકાય નહીં આજે હું તમને એવી જ એક વાર્તા કહુ છું, ધ્યાનથી સાંભળજો.

## સસલાએ ખોદ્યો કૂવો

એક મોટું જંગલ હતું. તેમાં બધા પ્રાણીઓ હળી-મળીને રહેતા હતા. એક વર્ષે બહુ ગરમી પડી અને નદી તળાવના પાણી સુકાઈ ગયા. બધા પ્રાણીઓ દુ:ખી



દુ:ખી થઈ ગયા. તેઓ મૂંઝાયા. પાણી તો સાવ ખૂટવા આવ્યું છે, ચોમાસાને હજી વાર છે, પાણી વગર શું કરીશું ? બધા પ્રાણીઓ વિચારતા હતા. સસલાભાઈએ હાથમાં મોબાઈલ લઈ અને ગુગલમાં સર્ચ કરી જોયું. પાણી મેળવવા માટે નદી કે તળાવ સિવાય શું વ્યવસ્થા થઈ શકે ? તરત જ કૂવો ખોદવા માટેની લિંક સામે આવી. સસલાભાઈતો રાજી રાજી થઈ ગયા. તેમણે જંગલના બધા જ પ્રાણીઓને બોલાવ્યા અને કહ્યું. પાણી મેળવવા માટે આપણે એક કૂવો ખોદીએ તો ? ઉંડો કૂવો ખોદતા જઈશું અને જમીનમાંથી પાણી નીકળશે એ પાણીનો આપણે પીવા માટે ઉપયોગ કરીશું. જેમ તેમ કરીને દિવસો કાઢી નાખીશું. બધા જ પ્રાણીઓ સહમત થાય. તેમણે તળાવના કિનારા પાસેની ખાલીજગ્યામાં એક કૂવો ખોદવાનું નક્કી કર્યું. બધા જ પ્રાણીઓ કામે લાગી ગયા. ત્રીકમ, પાવડા અને કોદાળી લઈને પ્રાણીઓ કૂવો ખોદવા લાગ્યા. થોડા દિવસમાં ઘણો ઊંડો કૂવો ખોદાયો અને જમીનમાંથી પાણી નીકળવાનું શરૂ થયું. પાણી જોતા જ બધા પ્રાણીઓ રાજીના રેડ થઈ ગયા. તેમણે સસલાને ઊંચકી લીધો અને બોલવા લાગ્યા સસલાભાઈની જય... પાણી મળતા જ બધા પ્રાણીઓ ખુશ થયા અને ચોમાસા સુધીના દિવસો આરામથી પસાર કરી નાખ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. બધા બાળકોને ઘરેથી પાણીની બોટલ ભરી લાવવા કહેવું દરેક પાસે જુદી જુદી બોટલ હશે તે બોટલમાંથી એક એક વાટકીમાં થોડું પાણી અલગ કરાવી તેમાં રંગ નખાવી રંગીન પાણી બનાવવું એ બધી જ રંગીન વાટકીઓ એકબીજા પાસે રાખી રંગોળી બનાવી શકાય.
૨. કઈ વસ્તુ પાણીમાં ડૂબે અને કઈ વસ્તુ પાણીમાં તરે તેની પ્રવૃત્તિ પણ કરાવી શકાય.
૩. ક્યા પદાર્થો પાણીમાં ઓગળે અને ક્યા પદાર્થો ન ઓગળે તે અંગેની સમજ આપી શકાય.

**વાર્તાપ્રવેશ :-** સાઇકલ મારી સરરરર જાય
ટ્રીન ટ્રીન ટોકરી વગાડતી જાય
ડોશીમા ડોશીમા આઘા ખસો
આઘા ખશો નહીં તો પડી જશો
સાઇકલ મારી સરરરર જાય...
ટ્રીન ટ્રીન ઘંટડી વગાડતી જાય
દૂધવાળા દૂધવાળા આઘા ખશો
આઘા ઘસો નહીંતો પડી જશો
સાઇકલ મારી સરરરર જાય...

## મુન્નાની મનગમતી મોટર

એક હતો મુન્નો. આ મુન્ના ને વાહનો બહુ ગમે. તે હંમેશા રસ્તા પરથી પસાર થતાં વાહનો જોયા કરે. સીટી સંભળાય કે તરત જ દૂર સ્ટેશને જતી રેલગાડી જોવા જાય. જરાક આકાશમાં અવાજ સંભળાય કે તરત જ દોડીને અગાસી પર ચડે, વિમાન જોવા.

સાત-આઠમ આવી ને મોટો મેળો ભરાયો. મેળામાં તો જાતજાતની વસ્તુઓ મળે. ભાત-ભાતના રમકડા મળે. મુન્નાના પપ્પાએ મુન્નાને કહ્યું, ‘‘બેટા, તને જે ગમતા હોય તે રમકડા પસંદ કર. આપણે લઈએ.’’

મુન્નાને તો વાહનો બહુ ગમે. એણે એક સાયકલ, પીળા રંગનું સ્કૂટર, સફેદ રંગનું વિમાન, લાલ અને કાળી રેલગાડી અને તેને ખૂબ ગમેલી લાલ



રંગની મોટરકાર ખરીદી. આ બધા જ રમકડા લઇને મુન્નો ઘરે આવ્યો. આજે મુન્નાનાં આનંદનો પાર ન રહ્યો. તેને ગમતા બધા જ વાહનો તેને મળી ગયા. સાંજે જમ્યા પછી બા, દાદા, મમ્મી, પપ્પા બધા બેઠા હતા ત્યાં મુન્નો પોતાના રમકડા લઇને આવ્યો. સાયકલ લઇ અને દાદા પાસે ગયો. મુન્નો કહે, ‘‘જુઓ દાદાજી, તમારે આવી જ સાયકલ હતી ને ? તમે મને વાત કરતા હતા ને કે હું સાયકલ લઇને ખેતરે જતો હતો. એ યાદ રાખી અને મેં આ સાયકલ લીધી.’’, ‘‘હા બેટા, ઘણીવાર તારા દાદીને પાછળની સીટ પર બેસાડીને લઇ જતો.’’ ત્યાર પછી તેણે બાઇક ઉપાડ્યું, પપ્પા પાસે ગયો અને કહ્યું, ‘‘પપ્પા, જુઓ, આપણું બાઇક છે એવું જ આ બાઇક છે. તમે, હું અને મમ્મી આ બાઇક પર બેસીને માર્કેટમાં જઇએ છીએ ને ? એટલે મેં આ બાઇક ખરીદ્યું.’’ ત્યારબાદ લાલ અને કાળા રંગની રેલવાડી લઇ દાદી પાસે જાય છે અને દાદીને કહે છે, ‘‘દાદીમા, તમે મને કહેતા હતા ને કે રેલગાડીમાં બેસીને હરિદ્વાર જાત્રાએ જવાની મને બહુ ઇચ્છા છે. આવી રેલગાડીમાં બેસીને જજો અને મને પણ સાથે લઇ જજો. દાદીમા કહે, ‘‘હા બેટા, આ ઉનાળાના વેકેશનમાં આપણે રેલગાડીમાં બેસીને જાત્રા કરવા જઇશું.’’ ત્યારબાદ સફેદ રંગનું વિમાન લઇ વિમાન ઉડાડતો હોય એમ બધા ફરતે ફરવા લાગ્યો અને કહે, ‘‘પપ્પા, હું એક દિવસ આવું વિમાન ઉડાડવાનો... જોજો...’’ પપ્પા હસીને કહે, ‘‘હા બેટા, જરૂર ઉડાડજે પણ એ માટે પહેલા ખૂબ ભણવું પડે.’’ મુન્નો કહે, ‘‘હા, હું જરૂર ભણીશ. તમને ખબર છે પપ્પા ? હું ખૂબ ભણીશ અને આપણે બધા એક સાથે જઇ શકીએ તેવી આ લાલ રંગની મોટરકાર જેવી મોટરકાર ખીરીદીશ. મને સારી નોકરી મળવા દો ને...! નોકરી મળે અને પગાર આવે એટલે હું આવી લાલ રંગની મસ્ત મોટર કાર લેવાનો છું. પછી તમને બધાને તેમાં બેસાડીને જ્યાં જવું હોય ત્યાં લઇ જઇશ.’’ મમ્મી પપ્પા અને દાદા દાદી મુન્નાની વાતો સાંભળી હસી પડે છે અને મુન્નાભાઇ પોતાના મનગમતા રમકડા લઇને મિત્રો સાથે રમવા નીકળે છે.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. વાહનોનો ચાર્ટ બતાવી વાહનોનો પરિચય આપો.

૨. બાળકો કયા કયા વાહનમાં બેઠા છે તે અંગેની ચર્ચા કરવી.

૩. બાળકોના ઘરે કયા કયા વાહનો છે તે ચર્ચા કરી શકાય.

# થીમ-૧૭ : કપડા

**વાર્તાપ્રવેશ :- જોડકણા**

(૧) કપાસમાંથી દોરો થાય
દોરામાંથી કાપડ થાય
કાપડને સરખું જો સીવો
સરસ મજાના કપડા થાય

(૨) ઉનના કપડા શિયાળામાં
સુતરાઉ છે ઉનાળામાં
પાણીને રાખે જે દૂર
એવા કપડાં ચોમાસામાં

(૩) પપ્પા પહેરે પેન્ટ શર્ટ
બહેની પહેરે ફ્રોક સ્કર્ટ
મમ્મી પેહેરે સાડી ડ્રેસ
બાપુજીના ખભે ખેસ

(૪) કપડાથી ભાગે છે ઠંડી
બાપુજીની મોટી બંડી
બંડી આખે આખી ભરી
કપડા માર રંગબેરંગી

(૫) મોટા સાહેબ પહેરે શૂટ
મારે ટીશર્ટ ચડ્ડી બુટ
ચણિયાચોળી બહેના માટે
બંદાની ગાડી છે પાટે

## વાતોડિયા વિરલભાઈ

આજે આપણે વાત કરવાની છે વાતોડિયા વિરલભાઈની. વિરલભાઈ તો તમારી જેમ જ નાના નાના પણ ખૂબ વાતોડિયા. એમને પ્રશ્ન પૂછવા બહુ ગમે. એક વખત આપણા વાતોડિયા વિરલભાઈ એમના મમ્મી પપ્પા અને બહેન સાથે કપડાની ખરીદી કરવા ગયા. દુકાનમાં તો જાતજાતના કપડા હતા.



આટલા બધા કપડાં જોઇને આપણા વાતોડિયા વિરલભાઈને તો કેટલા બધા પ્રશ્નો થયા. એમણે પપ્પાને પૂછ્યું, ‘‘પપ્પા... પપ્પા, આ કપડાં કેવી રીતે બને ?’’ પપ્પા કહે, ‘‘જો બેટા, આપણે ગામડે ગયા હતા, ત્યારે તેં આપણા ખેતરમાં

કપાસ ઉગેલો જોયો હતો ને ?'' વિરલભાઇ કહે, ''હા પપ્પા, એ તો ધોળો ધોળો દૂધ જેવો હતો. ''પપ્પા કહે, ''હા બેટા, એ કપાસને રૂ કહેવાય. રૂ ને મશીનમાં નાખે અને રૂ માંથી દોરો બનાવે અને આવા કેટલા બધા દોરા ને એકબીજા સાથે ગૂંથે એટલે એમાંથી કાપડ તૈયાર થાય. પછી દરજીભાઇ જેના કપડા સીવવાના હોય તેનું માપ લે અને એ કપડામાંથી શર્ટ, પેન્ટ એવું બધું બનાવે.'' વિરલભાઇ કહે, ''પપ્પા, દીદી નું ફ્રોક પણ એવી રીતે બને ?'' પપ્પા કહે, ''હા બેટા, દીદીનું ફ્રોક, મમ્મીની સાડી, દાદાજીનો ઝભ્ભો અને ધોતી બધું કાપડમાંથી બને. વિરલભાઇ કહે, ''પપ્પા, મારુ સ્વેટર પણ કાપડમાંથી બને ?'' પપ્પા હસતા હસતા કહે, ''બેટા આપણા ઘર પાસેથી પૂંજા દાદા ઘેટાં લઇને નીકળે છે એને જોયા છે ને ?'' વિરલભાઇ કહે,''હા પપ્પા, એમની પાસે કેટલા બધા ઘેટા છે.'' પપ્પા કહે, ''હા બેટા, ઘેટાના શરીરના વાળ હોય ને એને ઉન કહેવાય અને એ ઊનમાંથી સ્વેટર, ટોપી, મફલર, હાથના મોજા એવું બને. ઊન જાડું હોય એટલે ઊનમાંથી જે કપડા બને એ કપડા આપણને શિયાળામાં મદદરૂપ થાય. આપણને શિયાળામાં ઠંડી ન લાગે.'' વાતોડિયા વિરલભાઇ કહે, ''તો પપ્પા, ચોમાસામાં હું રેઇનકોટ પહેરું છું એ શેમાંથી બને ?'' પપ્પા કહે, ''બેટા, એ ખાસ કાપડમાંથી બને છે. એ કાપડ એવું હોય છે કે એ કાપડ પર પાણી પડે તો એ કાપડ પાણીને શોષી લેતું નથી. એટલે એ કાપડમાંથી રેઇનકોટ બનાવીએ તો વરસાદમાં આપણે જઇએ તો પણ પલળીએ નહીં. વાતોડિયા વિરલભાઇ કહે, ''તો પપ્પા, આજે મારા માટે આપણે શું લઇશું ? પપ્પા કહે, જો બેટા, અત્યારે ઉનાળો ચાલે છે અને ઉનાળામાં ખૂબ ગરમી પડે, એટલે આપણે તારા માટે એવા કપડાં લઇશું કે જેમાં તને ગરમી ના થાય. જે કપડામાં ગરમી ન થાય એવા કપડાને સુતરાઉ કપડા કહે છે. એટલે આજે આપણે તારા માટે એવા સરસ મજાના કપડાં લેવાના છે. દીદી માટે એવું જ સરસ મજાનું ફ્રોક લેવાનું છે. એટલે ઉનાળામાં તમને બંનેને ગરમી ન થાય.'' વિરલભાઇ કહે, ''પપ્પા, આપણે દાદાજી માટે શું લેશું?'' પપ્પા કહે, ''બેટા, દાદાજી માટે આપણે ઝભ્ભો અને ધોતી લેશું. એ પણ સુતરાઉ કાપડના. એટલે દાદાજીને પણ ગરમી ના થાય.'' વિરલભાઇ તો રાજી રાજી થઇ ગયા અને દુકાનવાળાને કહે, ''અંકલ... અંકલ..., ચાલો... ચાલો, મારા માટે જલ્દી જલ્દી સરસ મજાના કપડા બતાવો...

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. શિયાળો, ઉનાળો અને ચોમાસુ આ ત્રણેય ઋતુમાં પહેરવાના કપડાના ચાર્ટ બતાવી શકાય.

૨. કપાસમાંથી દોરો કેવી રીતે બને અને દોરામાંથી કાપડ કેવી રીતે બને તેની વીડિયો ક્લિપ બતાવી શકાય.

**પૂર્વ પ્રાથમિક : ૪ થી ૫ વર્ષ**

## થીમ-૧. હું અને મારૂં કુટુંબ

વાર્તાપ્રવેશ :- ચૂન્નુ મુન્નું થે દો ભાઇ,
રસગુલ્લે પર હુઇ લડાઇ.
ચુન્નું બોલા મે ભી લૂંગા,
મુન્નું બોલા મે ભી લૂંગા.
ઝઘડા સુનકર મમ્મી આઇ,
દોનો કો એક બાત બતાઇ.

આધા તુ લે ચૂન્નું બેટા,
આધા તુ લે મુન્નું બેટા.
એસા ઝઘડા કભી ન કરના,
દોનો મિલકર સાથ હી રહેના.

## સોનુ અને મોનુ

સોનુ અને મોનુ બે ભાઇ હતા. સોનુ તો રોજ નિશાળે જાય ચિત્રો દોરે, રંગ પૂરે, અભિનય પણ સરસ કરે, ડાન્સ કરે, વાર્તા કહે, જોડકણા ગાય બધું જ એને આવડે. પણ મોનુને તો કાંઇ ન ફાવે. મોનું તો ઘરે જ રહે આમતેમ ફર્યા કરે, નાના છોકરાઓને ખીજવ્યા કરે, મમ્મી પપ્પાનું માને નહીં અને તોફાન જ કરે. એક દિવસ સોનુ મોનુને જીદ કરીને આંગણવાડીમાં લઇ ગયો. ત્યાં બહેને સોનુ અને મોનુને સરસ મજાનું એક ચિત્ર આપ્યું અને એમાં રંગ પુરવા કહ્યું. સોનુએ તો સરસ મજાના રંગ પૂર્યા પણ મોનુભાઇને તો ના આવડ્યું. સોનુનું ચિત્ર જોઇ મોનુભાઇ તો રડવા લાગ્યા. મને તો આવું નથી આવડતું. હું શું કરું ? સોનુએ તેને કહ્યું, ‘‘એમાં રડવાની જરૂર નથી. તું પણ મારી જેમ રોજ આંગણવાડીમાં આવજે. બહેન તને બધું જ શીખવાડશે અને ઘરે મમ્મી પણ શીખવશે. આ સાંભળીને મોનુભાઇ રાજી થઇ ગયા અને રોજ આંગણવાડી જવા લાગ્યા.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

અભિનય ગીત :- નાનો નાનો ભાઇ,
નાનો નાનો ભાઇ મારો નાનો નાનો ભાઇ
રોજ માંગે એ તો થેપલુ ને દહીં
હસતો રમતો સૌને એ ગમતો

દાદા અને દાદી સાથે રોજ વાતો કરતો
પપ્પાનો ટોપો પહેરી સાહેબ થઇને ફરતો
સામા મળે કુતરા તો હાવ હાવ કરતો
નાનો નાનો ભાઇ.

## થીમ-૨ : પાડોશ અને સમાજ

**વાર્તાપ્રવેશ :-**

ઉંદર રહે છે દરમાં,
માણસ રહેતો ઘરમાં,
ચકો ચકી બે માળામાં,
બટેર તેતર જાળામાં
સમળીનું ઘર ઊંચા ઝાડે,
ચામાચીડિયા લટકે ડાળે,
કરોળિયો તો રહેતો ઝાળે,
વંદા તો ચૂપચાપ તિરાડે,
સિંહ વાઘ તો બોડ માં,
ને હું તો બાની સોડમાં.

## કીડી અને કબુતર

એક વડના ઝાડ પર કબુતર રહેતું હતું. એ જ વડના ઝાડની નીચે બખોલમાં કીડીબેન રહેતા હતા. કબુતર ખૂબ ભલું અને ભોળું. એક દિવસ ખૂબ વરસાદ વરસ્યો. ચારે બાજુ પાણી ભરાઇ ગયું. ઝાડની નીચે રહેલી બખોલમાં પણ પાણી ગયું. એ બખોલમાં એક કીડીબેન હતા, જે પાણીમાં તણાવા લાગ્યા. કીડીબેન કહે, ‘‘કબુતરભાઇ મને બચાવો. મહેરબાની કરીને બચાવો.’’ કબૂતરભાઇને દયા આવી તેણે ઝાડ પરથી એક પાન તોડી અને પાણીમાં ફેંક્યું. કીડીબેનતો તરતા તરતા તે પાન પર ચડી ગયા. પછી કબૂતરભાઇ તે પાન પકડી અને કિનારે લઇ આવ્યા. કીડીબેન કહે, ‘‘તમારો ખુબ ખુબ આભાર કબુતરભાઇ. હું તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું. તમને જ્યારે જરૂર હશે ત્યારે હું મદદ કરીશ.’’ એમ કહી કીડીબેન થોડી ઊંચાઇ પર ચાલ્યા ગયા. થોડા દિવસ પછી એ જગ્યાએ એક શિકારી આવ્યો. શિકારીની નજર કબુતર પર ગઇ. તેણે કબુતરને મારવા તીર ચડાવ્યું પણ કીડીબેન જોઇ ગયા. શિકારી તીર ચલાવે એ પહેલા તો કીડીબેને તેના પગ પર એવો ચટકો ભર્યો કે શિકારી નિશાન ચૂકી ગયો અને કબૂતરભાઇ ત્યાંથી ઉડી ગયા. આમ બન્ને એ એકબીજાને મદદ કરી.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**


૧. એક બિલાડી જાડી... ગવડાવી શકાય
૨. હાથીભાઇ તો જાડા... ગવડાવી શકાય

## થીમ-૩ : ઝાડ અને છોડ

**વાર્તાપ્રવેશ :-** બાળકો તમારા ઘરના ફળિયામાં કયા કયા છોડ ઉગેલા છે તે ખબર છે ? આજે હું તમને થોડા ફૂલ અને થોડા પાન બતાવવાની છું. તમે મને કહેજો એ ફૂલનું નામ શું ? પાનમાં ખબર પડે તો તે ક્યા ઝાડનું પાન છે એ પણ કહેજો. આપણે જુદા જુદા પાન જોયા, દરેકના રંગ આકાર સુગંધ બધું જુદું છે આ બધા જ ફુલ જુદા જુદા છોડ પર થાય છે, તો આજે હું તમને સરસ મજાની ફૂલોની વાર્તા કહેવાની છું.

### ફૂલપર્વત

એક સરસ મજાનો ઊંચો પહાડ હતો. આખો પહાડ અલગ અલગ પ્રકારના રંગબેરંગી નાના-મોટા ફૂલ છોડથી ભરાયેલો હતો. દૂરથી જુઓ તો જાણે ફૂલોનો ઢગલો હોય એવું જ લાગે અને એ પહાડનું નામ હતું ફૂલપર્વત. આ ફૂલપર્વતના રાજા પારિજાત હતા. તે ખૂબ જ સુંદર સફેદ રંગના અને કેસરી વાઘા પહેરે. રાજા પારિજાતની રાણીનું નામ રાતરાણી હતું. રાતરાણી ખૂબ જ નાજુક, નમણી અને અતિશય રૂપાળી હતી. તેની ખાસિયત એ હતી કે રોજ રાત્રે તેનામાંથી સુગંધ આવે. રાજા પારિજાત બધા જ ફૂલોને પોતાના દીકરાની જેમ સાચવતો અને રાણી પણ બધા ફૂલોને ખૂબ વહાલ કરતી. એક વખત એવું બન્યું કે વરસાદ પડ્યો જ નહીં. આજુબાજુમાં રહેલ તળાવ સુકાવા લાગ્યા. ફૂલપર્વત પરના ફૂલ છોડ કરમાવા લાગ્યા. આ જોઈ ફૂલોના રાજા પારીજાત ખૂબ દુઃખી થયા. તેને થયું મારી પ્રજાને આમ મરવા ન દેવાય. એટલે તેણે પક્ષીઓના રાજા ગરુડને બોલાવ્યા અને કહ્યું, ''ગરુડરાજ, આ વર્ષે વરસાદ પડ્યો નથી. મારો ફૂલપ્રદેશ સુકાઇ રહ્યો છે. આવા સુંદર મજાના પ્રદેશને સુકાવા દેવાય ? મારી ઈચ્છા છે કે તમે અમને મદદ કરો.'' ગરુડરાજ કહે, ''બોલોને રાજાજી, અમે શું મદદ કરી શકીએ ?'' રાજા પારિજાત કહે, ''તમે તમારા બધા જ પક્ષીઓને કહો કે ચાંચમાં થોડું થોડું પાણી લાવે અને મારા બધા જ છોડને પાણી પીવડાવે, થોડા મહિના આમ નીકળી જાય તો પછી ચોમાસું આવી જાય પછી છોડને બહુ પાણીની જરૂર ના પડે, પછી ધીમે-ધીમે ચાલ્યું જાય.'' ગરુડરાજ કહે, ''કાંઇ વાંધો નહીં, અમે મદદ કરવા તૈયાર છીએ.'' ત્યારબાદ પક્ષીઓના રાજા ગરુડે પક્ષીઓની સભા ભરી અને બધાને ચાંચમાં પાણી ભરી લાવી ફુલપ્રદેશના ફૂલ છોડમાં નાંખવા કહ્યું. થોડો સમય આમ ચાલ્યું અને પછી ચોમાસું શરૂ થયુ. વાતાવરણ ભેજવાળું બન્યું, પછી ફૂલોને બહુ પાણીની જરૂર ન રહી. આથી ફૂલ પ્રદેશ તો બચી ગયો અને બધા જ ફૂલ ખૂશ ખૂશ થઇ ગયા. પોતાના રાજાની સુઝબુઝથી ખૂશ થઇ તેમનો જય જયકાર કરવા લાગ્યા.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. પંજાની છાપ પાડીને વૃક્ષ બનાવો.
૨. ફૂલ ગોઠવીને રંગોળી બનાવવી.

## થીમ-૪ : ખોરાક

**વાર્તાપ્રવેશ :-**

- બાળકો તમારા મમ્મી બપોરે જમવામાં ઘરે શું શું બનાવે છે ?
- તમે બહાર હોટલમાં જાઓ તો શું શું ખાવ છો ? • તમને સૌથી વધારે શું ભાવે છે ?

આ બધી જ વાનગીઓ અલગ અલગ પ્રકારના અનાજ અને કઠોળમાંથી બને છે તો આજે હું તમને આ અનાજ અને કઠોળની એક વાર્તા કહું છું.

### હસન ચાચાની દુકાન

એક ગામ હતું તે ગામમાં ઘણા લોકો રહે.અહીં હસનચાચાની કરિયાણાની દુકાન હતી. હસનચાચાની દુકાનમાં બધી જ વસ્તુઓ મળે. જે જોઇએ તે મળે. એક વખત હસનચાચાની દુકાનમાં રહેલા અનાજ અને કઠોળ એકબીજા સાથે વાતે વળગ્યા. એક બોરીમાં રહેલા ઘઉં બોલે, ‘‘મને તો લોકો લઇ જાય, મને દળીને લોટ બનાવે અને પછી



એમાંથી રોટલી, ભાખરી, થેપલા, લાડુ, લાપસી, થૂલી, પુરણપોળી, શીરો વગેરે જેવી ઘણી બધી વાનગીઓ બનવીને ખાય.’’ ત્યાં તો બાજુમાંથી બાજરીબહેન બોલ્યા, ‘‘અરે ભાઇ, મને પણ લોકો લઇ જાય. દળાવીને લોટ કરે અને પછી મસ્ત મજાનો રોટલો ઘડે, આ રોટલાને માખણ કે ઘી સાથે ખાય એટલે મજા પડી જાય. વળી મારામાંથી વડા, ઢેબરા, કુલેર અને રાબ પણ બનાવે હો. શીતળા માતાને ધરાવવા કુલેર તો મારી જ બને.’’ તો ઘઉંભાઇ કહે, ‘‘સાચી વાત છે બાજરીબહેન.’’ ત્યાં તો રૂપાળી જાર બોલી, ‘‘તે મારા પણ રોટલા બને હો અને મીઠા-મીઠા મારી જેવા જ રૂપાળા ધોળા-ધોળા રોટલા બને. વળી મીઠી સુગંધ પણ આવે હો ! લોકો ખૂબ મજાથી ખાય.’’ બાજરીબહેન કહે, ‘‘હા જાર સાચી વાત છે.’’ ત્યાં તો ચોખા બોલ્યા,‘‘અલ્યા ભાઇ મારામાંથી પણ ઘણી વાનગી બને છે હો ! સૌના વહાલા ભાત, ઇડલી, ઢોંસા, ઢોકળા, ખીચડી બધામાં મારો તો ઉપયોગ થાય જ. ને વળી મારી રોટલી પણ સરસ બને. લોકો મારા લોટને બાફીને મમરી પાપડ પણ બનાવે. સ્વાદે તો હું પણ ભારે મીઠો. વળી ધોળો-ધોળો. નાના બાળકો મારામાં ઘી ગોળ નાખીને ખાય. ખૂબ મજા પડે.’’ આટલી વાત સાંભળી મગ, મઠ, ચણા અને ચોળા એક સાથે બોલ્યા, ‘‘હા ભાઇ તમે બધા અનાજ છો અમે બધા કઠોળ પણ લોકોને ખૂબ પ્રોટીન અને વિટામિન પુરા પાડીએ છીએ. લોકો અમને પલાળીને, ફણગાવીને, અમારી દાળ બનાવીને ખાય છે. પૌષ્ટિકતાની સાથે સાથે અમે સ્વાદિષ્ટ પણી છીએ હો! ખરેખર ! બધા જ અનાજ અને કઠોળનો લોકો ખોરાક તરીકે ઉપયોગ કરે, તેઓ ક્યારેય માંદા ન પડે. ખૂબ તંદુરસ્ત બને અને મજા કરે.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. અનાજ કઠોળના ચાર્ટ બનાવી નામ બોલાવવા.

૨. અનાજ કઠોળના નમુના પ્રત્યક્ષ બતાવવા. ૩. અનાજ અને કઠોળ છુટ્ટા પાડવા.

## થીમ-૫ : શાકભાજી

**વાર્તાપ્રવેશ :-**

બાળકો તમારા મમ્મી ઘરે રોજ શાક બનાવતા હશે બરાબરને ? ચાલો, તમે કહો તમને ક્યું શાક સૌથી વધારે ભાવે ? એવા કયા શાકભાજી છે જે લાલ રંગના હોય ? એવા ક્યા શાકભાજી છે જે પાંદડાવાળા હોય ? લીલા રંગના શાકભાજી કયા કયા છે ? કયા કયા શાકભાજીનો સલાડ બનાવવા માટે ઉપયોગ થાય ? આજે હું તમને શાકભાજી સાથેની પિન્કી બહેનની રમતની વાર્તા કહેવાની છું.

### પિંકીની શાકભાજી સાથે રમત

પિન્કીબેનને શાકભાજી ખૂબ ભાવે. પિન્કીના મમ્મી જે શાક બનાવે તે બધા જ શાક પિન્કીબેન ખાય, સલાડ પણ ખાય અને શાકભાજીમાંથી જ્યુસ બનાવીને પણ પીવે. પિન્કી ખૂબ રૂપાળી તેના વાળ



પણ ખૂબ લાંબા, કાળા ભમ્મર અને શરીરે એકદમ તંદુરસ્ત. એક રાત્રે પિન્કી ખુશ-ખુશ થઇ ગઇ બધા શાકભાજી કહે, ''પિન્કી, ચાલ ને કંઇક રમીએ.'' પિન્કી કહે, ''સારું, હું એક રમત રમાડું. હું જેમ કહું તેમ તમારે કરવાનું છે.'' આ સાંભળી બધા શાકભાજીઓ એક બાજુ સરસ રીતે ઉભા રહી ગયા રમત શરૂ કરી. પિન્કી કહે, ''લીલા-લીલા શાક હોય તે કૂદકા મારે.'' આ સાંભળી ગુવાર, ચોળી, વટાણા, વાલોળ કુદવા લાગ્યા. પિન્કી કહે, ''પાંદડા વાળા શાકભાજી તાલી પાડે.'' આ સાંભળી મેથી, પાલક, કોથમીર, તાંદળજો બધા જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યા. પિન્કી કહે, ''લાલ રંગના શાકભાજી હોય તે લંગડી લેતા લેતા મારી પાસે આવે.'' આ સાંભળી ગાજર, બીટ, ટમેટા, શક્કરિયા બધા લંગડી લેતા લેતા પિન્કી પાસે આવી ગયા. ત્યારબાદ પિન્કી કહે, ''જે શાકભાજી વેલા પર થતા હોય અને લાંબા હોય તે બધા ઊંધા પગે ચાલતા-ચાલતા મારી પાસે આવે.'' આ સાંભળીને કાકડી, ગલકા, તુરીયા અને દુધી ઊંધા પગે ચાલતા ચાલતા પિન્કી પાસે આવી ગયા. ત્યારબાદ પિન્કી કહે, ''જે શાક કડવા છે તે કુદતા કુદતા આવે.'' આ સાંભળી કારેલું ઝટપટ કૂદકા મારીને પાસે પહોંચી ગયું. ત્યારબાદ પિન્કી કહે, ''જે શાકભાજી પાઉંભાજી બનાવવામાં વપરાતા હોય તે મારી ફરતે ગોળ ગોળ ફરે.'' એટલે રીંગણા, બટેકા, ટમેટા, ડુંગળી, વટાણા, ફુલાવર, કોબીજ આ બધા જ શાકભાજી પિન્કી ફરતે ગોળ ગોળ ફરવા લાગ્યા. આમ, પિન્કીબેન સપનામાં પોતાના મનપસંદ બધા જ શાકભાજીઓ સાથે રમ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. દાણાવાળા શાકભાજી અલગ કરવા.
૨. પાંદડાવાળા શાકભાજી અલગ કરવા.
૩. શાકભાજીના ચાર્ટ બતાવી શકાય.

## થીમ-૬ : મારું શરીર

**વાર્તાપ્રવેશ :-**

- તમે ક્યારેય દવા પીધી છે ? • એ સ્વાદમાં કેવી હોય ? • દવા શા માટે પીવી પડે ?
- તાવ આવે ત્યારે શું થાય ? • તમને શરદી ઉધરસ થાય ત્યારે મમ્મી શું શું કરે છે ?

તો આજે આપણે માંદા ન પડીએ અને સાજા રહીએ તે માટે શું કરવું પડે તેની એક વાર્તા હું તમને કહું છું. બધા ધ્યાનથી સાંભળજો.

## બાળ મંદિર

એક હતું ગામ. તે ગામમાં એક બાળ મંદિર. આખા ગામના નાના નાના છોકરાઓ તે બાળમંદિરમાં આવે. બહેન છોકરાઓને ગીતો ગવડાવે, વાર્તા કહે, રમાડે અને છોકરાઓને ખાવાનું આપે. બાળ મંદિરમાં બધા છોકરાઓને બહુ મજા આવે. એક દિવસ બધા છોકરાઓ બાલમંદિર આવેલા. તેમની સાથે ધુડો પણ આવેલો. બધા જ છોકરાઓ ખૂબ સરસ મજાના તૈયાર થઇને આવેલા પણ ધુડો તૈયાર થયા વગર જ આવેલો. ધૂડાની આંખો




ગંદી, નાક ગંદુ, મોઢા પર ખીચડી ચોંટેલી, માથું પણ નહોતું ઓળ્યું અને ધૂડાના હાથ પગ ધૂળવાળા. ધૂડાના કપડા પણ ખૂબ ગંદા પછી બહેને ધૂડાને કહ્યું, ‘‘ધૂડા બેટા ! આપણે આપણા આંખ, કાન, મો, નાક, વાળ, હાથ, પગ, કપડા બધું એ ચોખ્ખું રાખવું જોઇએ. જો આપણું શરીર ગંદુ, ગોબરુ હોય તો આપણને તાવ આવે, શરદી થઇ જાય, પછી ડૉક્ટર સાહેબ પાસે જવું પડે. ડૉક્ટર સાહેબ ખૂબ કડવી દવા આપે. વધારે તકલીફ થાય તો ઇન્જેક્શન પણ લેવું પડે, બોલ ! તને ઇન્જેક્શન લેવું ગમે ?’’ ધૂડો તો રડવા લાગ્યો, તે કહે, ‘‘મારે તો ઇન્જેક્શન નથી લેવું.’’ એટલે બહેને તેને કહ્યું, ‘‘તો હવે પછીથી તું પણ આ બધા જ છોકરાઓની જેમ સરસ રીતે નાહીને, વાળ ઓળીને, નખ કાપીને, સરસ મજાના ધોયેલા કપડાં પહેરીને બાળમંદિરે આવજે.’’ ધૂડો કહે, ‘‘સારું બહેન.’’ ત્યારથી ધૂડો નાહી ધોઇને, સ્વચ્છ કપડાં પહેરીને, સરસ રીતે વાળ ઓળીને, બધા છોકરાઓની સાથે બાળમંદિરે આવ્યો. બહેન તો તેને જોઇને ખૂબ રાજી થઇ ગયા અને ખૂબ વહાલ કર્યું.




- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. સારી ટેવનો ચાર્ટ બતાવી શકાય.
૨. શરીરના અંગોની સફાઇનો અભિનય કરાવી શકાય.

# થીમ-૭ : પ્રાણીઓ


**વાર્તાપ્રવેશ :-**

મોર લાવે મોટરને સસલો લાવે સ્કૂટર
હાથીભાઇ મોટું મોટું લઇને આવે ટ્રેક્ટર
વન મેળાની ટીકીટ કપાવી થોડું કાપ્યું અંતર
વન મેળાની અંદર થઇ છે ગીરદી મોટી જબ્બર
ચીત્તાભાઇ ચગડોળે બેઠા આવ્યા એમને ચક્કર
આજથી ચકડોળે નહીં બેસુ બંધ કરું છું સદંતર
બધા પ્રાણીઓએ વનમેળાની માણી મીઠી સફર
વાંદરાભાઇ તો વનમેળામાં કરતા જંતર મંતર

વાઘભાઇ તો બેઠા વિમાને સિંહ વગાડે સિસોટી
ચકરડીમાં રીંછભાઇ પાડે છે બુમો મોટી
ગેંડા સાથે ગડબળ કરતો હિપો બેઠો હોડીમાં
શિયાળ, સસલા, હરણભાઇ સાથે બેઠા છે જોડીમાં
પાણીપુરી, ભેળ, પકોડી, રગડા પેટીસ ખાય છે
આઇસ્ક્રીમ છે ઠંડો ઠંડો સૌના મન લલચાય છે
ખાધું પીધું ખૂબ ફરિયાને કરી ખરીદી સટર પટર
પ્રાણીઓને મોજ પડી છે વન મેળાની અંદર.

## ટીખળી મોન્ટુ

એક હતા દેડકાભાઇ. તેનું નામ ટપુ. ટપુ અને તેના મિત્રો એક તળાવમાં સાથે રહે, મજા કરે. મોન્ટુ ખૂબ તોફાની તે તેના મિત્રોને ખૂબ ખીજવે, મારામારી કરે.



તેના મિત્રોને તે બિલકુલ ગમતું નહીં. એક દિવસ તળાવમાં રહેતા મગરે ટપુને તેનો શિકાર બનાવ્યો. ટપુ તો ગભરાઇને જાય ભાગ્યો. ડ્રાઉં... ડ્રાઉં... કરીને તેના મિત્રોને મદદ માટે બુમો પાડવા લાગ્યો. ટપુના મિત્રો તેની બૂમ સાંભળીને તેને મદદ કરવા દોડ્યા. ત્યાં તો હસુ દેડકાએ કહ્યું "હું ટપુને મદદ નહીં કરું, તે મને ખૂબ ખીજવે છે, મારી સાથે લડે છે." બીજા મિત્રોએ તેને સમજાવ્યો. ખરાબ સમયમાં મિત્રોની વાત સાચી લાગી, તે તરત જ ટપુને મદદ કરવા તૈયાર થઇ ગયો. તેણે કહ્યું, "પણ મગર ખતરનાક પ્રાણી છે આપણે ટપુને કેવી રીતે બચાવી શકીએ ? પણ મને એક યુક્તિ સુઝી છે, સાંભળો મિત્રો, આપણે સૌ એક સાથે ડ્રાઉં... ડ્રાઉં... અવાજ કરીને મગરને ઘેરી લઇશું. હિંમતથી મગરનો સામનો કરીશું. જેથી મગર ગભરાઇને ટપુને છોડી દેશે" હસુ દેડકાની યુક્તિથી બધા રાજી થઇ ગયા અને ટપુને બચાવવા દોડ્યા. આ બાજુ ટપુ તો દોડી દોડીને થાકી ગયો હતો. તેણે દૂરથી તેના મિત્રોને આવતા જોયા અને તેનામાં હિંમત આવી તેણે જોર કરીને મગર માથે લાંબો કૂદકો માર્યો અને મોટેથી ડ્રાઉં... ડ્રાઉં... બોલવા લાગ્યો. મિત્રોએ પણ ત્યાં પહોંચીને મોટેથી ડ્રાઉં... ડ્રાઉં... કરીને મગરને ચારે બાજુથી ઘેરી લીધો. મગર તો આટલા બધા દેડકાઓના કર્કશ અવાજ સાંભળીને ત્રાસી ગયો અને ભાગવા લાગ્યો. મગરના માથેથી ટપુએ મોટી છલાંગ લગાવી અને મિત્રો પાસે પહોંચી ગયો બધા મિત્રો ખૂબ રાજી થઇ ગયા. ટપુએ પણ કહ્યું" તમને બધાને હું ખીજવતો હતો, હેરાન કરતો હતો, હસુની સાથે તો હું કેટલું બધું ઝઘડતો હતો. પણ તમે ખરા સમયે બધું જ ભૂલીને મારો જીવ બચાવીને સાચી મિત્રતા નિભાવી છે. હું તમારો આ ઉપકાર ક્યારેય નહીં ભૂલું. હું તમારી સાથે સંપીને રહીશ." બધા મિત્રો ટપુને ભેટી પડ્યા અને પાછા રમવા લાગ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. જળચર પ્રાણીઓ વિશે માહિતી.
૨. પાણીમાં અને જમીન પર રહેતા ઉભયજીવી પ્રાણીઓ વિશે માહિતી.

## થીમ-૮ : પક્ષીઓ

**વાર્તાપ્રવેશ :-**

ચકીબેન આવે છે તણખલાઓ લાવે છે.
મારા ઘરમાં નાનો નાનો માળો કેવો બાંધે છે.
પોપટભાઇ આવે છે, લાલ મરચા લાવે છે.
સીતારામ બોલે ત્યારે કેવા પ્યારા લાગે છે.
મોર ભાઇ આવે છે રંગો સાથે લાવે છે.
ટેહુંક ટેહુંક બોલી બોલી કળા કરીને નાચે છે.
જુઓ કબુતર આવે છે, કૂવામાં ઉડતા ફાવે છે.
ગળું ફુલાવી ઘુઘુ કરતાં કેવા ફરતા જાય છે.

કાબરબેન આવે છે, દેકારો એ લાવે છે.
કલબલકલબલ કરતાં કરતાં જે આપ્યું તે ખાય છે.
કોયલબેન આવે છે, ટહુકા સાથે લાવે છે.
આંબા ડાળે બેઠા બેઠા મીઠું મધુર ગાય છે.
ટીટોડીબેન આવે છે, ટી... ટી... ટી... હૂત ગાય છે.
થોડી પાસે આવી પાછી જલ્દી ભાગી જાય છે.

## કલગી વગરનો કૂકડો

એક હતો કૂકડો, સુંદર મજાનો કૂકડો. નહીં નાનો, નહીં મોટો. હરે ફરેને મજા કરે. પણ આ કૂકડાને કલગી નહોતી. માથેથી બોડો. તેથી તે દુઃખી દુઃખી રહેતો. કુકડાએ વિચાર્યું, ‘‘હું એક કામ કરું. પેલા મોર પાસે જાઉં અને એની કલગી લઇ આવું.’’ કૂકડો મોર પાસે ગયો અને કહ્યું. ‘‘હું શું કામ આપું ? મારી કલગી નહીં આપું. મારી કલગી શું કામ



આપુ ? તારી જેમ બોડો રોડો હું ભાઇ શું કામ બનું ?’’ કૂકડાએ વિચાર્યું, હું એક કામ કરું, પેલા સાપ પાસે જાઉ અને એનો મણી લેતો આવું. કૂકડો તો ગયો સાપ પાસે અને કહ્યું, ‘‘સાપ ભાઇ સાપ ભાઇ ! મને તમારો મણી આપોને ?’’ સાપે તો ફેણ ચડાવી અને કહ્યું, ‘‘હું શું કામ આપું ? મારો મણી નહીં આપું. મારો મણી શું કામ આપું ? તારી જેમ બોડો બોડો હું ભાઇ શું કામ બનું.’’ કુકડાએ ફરી વિચાર્યું હું એક કામ કરું. પહેલા રાજા પાસે જાઉ અને તેનો મુગટ લેતો આવું. કૂકડો તો ગયો રાજા પાસે અને કહ્યું, ‘‘રાજાજી રાજાજી ! મને તમારો મુગટ આપો ને ?’’ રાજા તો ગુસ્સે થયા અને કહ્યું, ‘‘અલ્યા ! તને ભાન છે તું શું માંગે છે ? હું તને કંઇ મુગટ બુગટ નથી આપવાનો. મારો મુગટ નહીં આપુ. મારો મુગટ શું કામ આપું ? તારી જેમ બોડો હું શું કામ બનુ ભાઇ.’’ કૂકડો તો નિરાશ થઇ ગયો તે વહેલી પરોઢે ચાલતો ચાલતો જતો હતો. ત્યાં એક સાધુ મહારાજ મળ્યા. તે નદીમાંથી સ્નાન કરી આવતા હતા. તેમણે તો સામેથી કૂકડાને પૂછ્યું, ‘‘કુકડાભાઇ આમ ક્યાં ચાલ્યા ?’’ કૂકડો કહે, ‘‘મારે માથે જુઓને ? કેવું બોડું બોડું માથું છે. તમારે માથે વાળ છે, આ વૃક્ષોને ડાળીઓ છે, પહેલા મોરને કલગી છે, સાપને ચળકતો મણી છે અને રાજાને મુગટ છે. તો મારો શું વાક ? મારે પણ કલગી જોઇએ છે. પણ કોઇ આપવા તૈયાર નથી. તેથી હું નિરાશ છું.’’ સાધુ તો સવાર સવારમાં ખુશ હતા. એનો તો એક મંત્ર ઉચ્ચારવા લાગ્યા અગડમ બગડમ તગડમ અને કૂકડાને તો તરત જ કલગી આવી ગઇ. એ તો રાજીના રેડ થઇ ગયો. આ કૂકડાને સવાર સવારમાં કલગી આવી ગઇ. તેથી એની ખુશીમાં રોજ સવારે આપણને પણ જગાડે છે. સાધુ મહારાજને તે તો પગે લાગ્યો અને ખાધું પીધુંને મજા કરી.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. અલગ અલગ પ્રકારના પક્ષીઓની વિશેષતા ચિત્ર બતાવીને કહેવી.
૨. રમત : પક્ષી બનો (બાળક જે પક્ષી બને તેનો અવાજ કરતા કરતા બંને હાથ ફેલાવી ઉડવાની ક્રિયા કરે.)

# થીમ-૯ : સુરક્ષા

**વાર્તાપ્રવેશ :-**

બાળકો, ગામમાં સર્કસ આવ્યું છે. તમે બધા ગયા છો જોવા ? ત્યાં એક માણસ આપણને ખૂબ જ હસાવતો હોય, એણે રંગબેરંગી કપડાં પહેર્યા હોય. માથે રંગબેરંગી ટોપી હોય. ગાલ પર, નાક પર લાલ લાલ ટપકા કર્યા હોય. આંખો ફરતે લાલ અને સફેદ રંગથી મોટી જબરી સ્માઈલ દોરી હોય. આવું કોણ ? કોણ કહેશે ? સાચી વાત. તે જોકર કહેવાય. તે બોલ, બોટલ કે ફુગ્ગાથી રમીને અને જોક્સ કહીને આપણને ખૂબ હસાવે. તો આજે હું તમને એક જોકરની વાર્તા કહું છું.

## અજાણ્યો જોકર

એક ગામ હતું. ગામનું નામ કરણગઢ. ગામમાં ક્રિયાંશ, પ્રિયાંશ, રાધિકા અને આયુષ આ ચાર બાળકો ફળિયામાં રમતા હતા. ત્યાં એક જોકર આવ્યો. એણે રંગબેરંગી કપડા પહેર્યા હતા. માથે રંગીન ટોપી, મોઢા પર લાલ ટપકા, નાક પર લાલ ફુગ્ગો કાપીને લગાવેલું.



ખોટું નાક, આંખ ફરતે રંગ અને હોઠ પણ રંગેલા. આવો રંગીલો જોકર, તેને જોઇને છોકરાઓને તો ખૂબ નવાઇ લાગી. આવું વળી કોણ આવ્યું ?

છોકરાઓ તો જોકર ફરતે ગોળ ગોળ ફરવા લાગ્યા. જોકરે છોકરાઓને પોતાની પાસે બોલાવ્યા અને કહેવા લાગ્યો, ‘‘અહીંયા આવો. અહીંયા આવો. બાળકો હાલો આ ચોકલેટ ખાઓ. બહુ મસ્ત છે. મીઠી મીઠી, વળી અંદર ક્રીમ પણ છે, તમને બધાને ખૂબ ભાવશે. તમારા માટે જ લાવ્યો છું. આલો ખાવ.’’ આ સાંભળીને ક્રિયાંશ, પ્રિયાંશ અને રાધિકા જોકર પાસે ગયા અને કહેવા લાગ્યા, ‘‘અમને આપો અમને આપો.’’ આયુશે કહ્યું, ‘‘રહેવા દો એની પાસે ના જાવ. આપણે કાંઇ ચોકલેટ નથી ખાવી. એને તમે ઓળખો છો ? તો શું કામ આટલા નજીક જાવ છો.’’ પણ ક્રિયાંશ, પ્રિયાંશ અને રાધિકા માન્યા નહીં તેમણે તેની ચોકલેટ લીધી અને ખાધી. આયુષ ત્યાંથી થોડો દૂર જતો રહ્યો અને સંતાઈને શું થાય છે તે જોવા લાગ્યો. ચોકલેટ ખાધી કે થોડી જ વારમાં આ ત્રણેય છોકરાઓ બેભાન થઇ ગયા. તેમની હાલત બગડતી જોઇ આયુષે તરત નજીકમાં રહેતા લોકોને વાતની જાણ કરી. બધા જ લોકો લાકડી લઈને દોડી આવ્યા. પેલો જોકર આ ત્રણે બાળકોને ગાડીમાં નાખીને ઉપાડી જવાની તૈયારીમાં જ હતો. ત્યાં જ ગામ લોકોને સામેથી લાકડી લઈને આવતા જોઇ ફટાફટ ગાડીમાં બેઠો અને ભાગી ગયો. છોકરાઓને લઇ જઇ શક્યો નહીં. પણ છોકરાઓ હજુ બેભાન હતા. તેથી લોકો તેમને ફટાફટ સરકારી દવાખાને લઇ ગયા. ત્યાં ડોક્ટર સાહેબે ઈન્જેક્શન આપી ભાનમાં લાવ્યા અને સાજા કર્યા. બાળકો, કોઇ અજાણ્યો માણસ તમને કાંઇ આપે તો એ લઈને ખાવું જોઈએ નહીં. હવેથી તમે પણ ધ્યાન રાખજો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. આ વાતની ઘરે મમ્મી પપ્પા સાથે ચર્ચા કરો અને મમ્મી પપ્પા પાસેથી આવા અન્ય કિસ્સાઓ જાણો.
૨. બાળકો દ્વારા જ આનું નાટ્યીકરણ પણ કરી શકાય.

# થીમ-૧૦ : મારો દેશ

**વાર્તાપ્રવેશ :-**

તીન રંગો સે બના તિરંગા સદાશક્તિ બરસાતા હૈ
દેખો ભારત કી ચોટી પર શાન સે લહેરાતા હૈ
કેસરિયા ઇસ રંગ કો દેખો ત્યાગ હમે સિખાતા હૈ
જબ ભી કોઇ સંકટ આયે મીટના હમે સિખાતા હૈ
સાદા જીવન ઉચ્ચ વિચાર સફેદ રંગ બતલાતા હૈ
સત્ય અહિંસા ભાઇચારા હમે સદા હી બતાતા હૈ
હરે રંગ કી અપની કહાની મનહર્ષિત કર જાતી હૈ
હરીભરી યે પ્રકૃતિ હૈ સબ કે મન કો ભાતી હૈ
બીચ મેં દેખો અશોક ચક્ર હે હરદમ ચલતા રહતા હૈ
રૂકો નહીં તુમ આગે બઢના હર પલ હમે બતાતા હૈ
તીન રંગકા વસ્ત્ર નહીં પર ધ્વજ દેશકી શાન હૈ
હિન્દુસ્તાનીઓકે દિલકા યહી સ્વાભિમાન હૈ

## ભૂકંપ અન રાષ્ટ્રધ્વજ

૨૬ જાન્યુઆરીનો દિવસ હતો. શાળામાં રાષ્ટ્રીય તહેવાર ઉજવાઇ રહ્યો હતો. મહેમાનોએ ધ્વજવંદન કર્યું અને હવે સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી હતી. હીર અને હેતવી બંને ભાઇ બહેન પોતાને કરવાના ડાન્સની મનોમન તૈયારી કરી રહ્યા હતા. એવામાં સુનિતાબેન બધા વિદ્યાર્થીઓને શાળા કેમ્પસમાં ખુલ્લા મેદાનમાં જવાની સૂચના આપી રહ્યા



હતા. હીર અને હેતવી બધા વિદ્યાર્થીઓની ભીડમાં સાથે સાથે શાળાના ખુલ્લા મેદાનમાં આવી ગયા. હીર ખૂબ ગભરાઇ ગયો હતો અને તે ખૂબ જોરથી રડવા લાગ્યો. આ જોઇને હેતવી પણ ગભરાઇ ગઇ. તેને થયું કે હીરને સુનિતાબેન પાસે લઇ જાય. સુનિતાબેન ખૂબ જ પ્રેમાળ હતા. હીર જ્યારે પણ શાળાએ રડતો ત્યારે સુનિતાબેન પાસે જઇને છાનો રહી જતો, પણ હેતવીને સુનિતાબેન ક્યાંય દેખાયા નહીં. તેણે બધા શિક્ષકોને વાત કરી. બધા શિક્ષકો પણ સુનિતાબેનને શોધવા લાગ્યા. શાળાના આચાર્યશ્રી વિનોદભાઇ સુનિતાબેનને શોધવા માટે શાળામાં ગયા. એટલી વારમાં સુનિતાબેન પોતાના હાથમાં રાષ્ટ્રધ્વજ લઇને આવતા દેખાયા. શાળાના આચાર્યશ્રી વિનોદભાઇએ સુનિતાબેનને પૂછ્યું, ‘‘સુનિતાબેન, આટલો જોરદાર ભૂકંપ આવ્યો હતો. તમે ક્યાં ગયા હતા ? તમારે ઝડપથી બહાર આવતું રહેવું જોઇએ. ભૂકંપ આવે ત્યારે કોઇપણ મકાનમાં રહેવું ખૂબ જ જોખમી બની શકે છે.’’ સુનિતાબેને કહ્યું, ‘‘હા સાહેબ, હું જાણું છું પરંતુ હું આપણો રાષ્ટ્રધ્વજ લેવા રોકાઇ હતી ભૂકંપમાં જો રાષ્ટ્રધ્વજ જમીન પર પડે તો રાષ્ટ્રધ્વજનું અપમાન થાય અને ગમે તેટલું જોખમ હોય પણ મારા રાષ્ટ્રધ્વજનું અપમાન હું જરાય સહન કરી શકું નહીં.’’ સુનિતાબેનનો જવાબ સાંભળી આચાર્યશ્રી બધા શિક્ષકો અને બધા વિદ્યાર્થીઓની છાતી ગર્વથી ફુલાઇ ગઇ. આચાર્યશ્રીએ સુનિતાબેનને શાબાશી આપતા કહ્યું, ‘‘સુનિતાબેન, તમે આજે ખરેખર ખૂબ સારું કામ કર્યું છે તમારા જેવા દેશ પ્રેમીઓ જ્યાં સુધી ભારતમાતા પાસે છે ત્યાં સુધી ભારતમાતાને જરાય આંચ આવવાની નથી.’’ સૌએ ભારત માતાકી જય નો ગગનભેદી હર્ષનાદ કર્યો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. દેશ માટે શહીદ થયેલા શહીદોની વાતો કહી શકાય.
૨. આઝાદીની ચળવળ દરમિયાન બનેલા પ્રસંગો કહી શકાય.

## થીમ-૧૧ : ઋતુઓ

**વાર્તાપ્રવેશ :-**

ઋતુચક્રને લગતા ચિત્રો અથવા ચાર્ટ બતાવીને બાળકોને પ્રશ્ન પૂછવા. ઋતુઓમાં શું અનુભવે છે? ક્યા ફળો ખાય છે ? ક્યા શાકભાજી ખાય છે ? કેવા કપડાં પહેરે છે ? જેવા પ્રશ્નોનો સમાવેશ થાય.

### ઢોલુ અને ભોલુ

દોલતપુર નામનું એક ગામ હતું. આ ગામમાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ ઢોલુ અને બીજાનું નામ ભોલુ. ઢોલુ અને ભોલુ કાયમ સાથે જ રહે. શિયાળાના દિવસો હતા. ખૂબ ઠંડી પડતી હતી. ઢોલુ અને ભોલુ વિચારવા લાગ્યા-''આ ઠંડીથી બચવા શું કરીએ ?'' પછી બંને મિત્રોએ તાપણું કર્યું અને તાપવા લાગ્યા. આમ, તેમને ઠંડીમાંથી થોડી રાહત મળી. થોડા મહિનાઓ આમ જ ચાલ્યું અને ઉનાળો શરૂ થયો.



બપોરે ખરેખર તાપ પડવા લાગ્યો. ઢોલુ અને ભોલુ કંટાળ્યા શિયાળામાં તો તાપણું કરીને બેસાય. આ ગરમીમાં શું કરવું ? બંનેને તળાવ યાદ આવ્યું. બંને તો આખી બપોર તળાવમાં ધુબાકા મારે અને પાણીમાંથી બહાર જ ન આવે, છેક સાંજે બહાર નીકળે. આમ, જેમ તેમ કરીને દિવસો પસાર કર્યા. ત્યાં તો ચોમાસુ શરૂ થયું. વાદળોના ગડગડાટ સાથે વીજળીના ચમકારા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો. ઢોલુ અને ભોલુ પલળવા લાગ્યા. વડના ઝાડ નીચે જઈને બેઠા. તો પણ પાણી તો ત્યાંય પડતું જ હતું. આમ બંને મિત્રો વિચારતા હતા. આ બધી ઋતુઓમાં કંઈકને કંઈક હેરાનગતિ તો રહે જ છે. તો એવું શું કરીએ કે જેથી ત્રણેય ઋતુઓમાં આપણને રક્ષણ મળે ? ત્યાં જ તેમની નજર એક સિંહ પર પડી તે સિંહ પોતાની બોડમાં જઈ રહ્યો હતો. ઢોલુ અને ભોલુને વિચાર આવ્યો, ''જેમ સિંહ બોડમાં રહે છે તેમ આપણે પણ આપણા માટે એક ઘર બનાવીએ તો ?'' ઢોલુ અને ભોલુએ પથ્થર અને માટી લાવી તેમાંથી દિવાલો ચણી અને ઘાસના પૂળા લાવી તેનાથી દીવાલો ઉપરની છત બનાવી. આમ એક નાની એવી મઢુલી તૈયાર થઇ ગઇ. ઢોલુ અને ભોલુ એ મઢુલીમાં રહેવા લાગ્યા અને બધી ઋતુમાં આરામથી

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. 'મને ઓળખી કાઢો' રમત રમાડી શકાય જેમાં એક બાળક કોઈ એક ઋતુનું વર્ણન કરે, તે ઋતુમાં આવતા ફળોના નામ કહે, તે ઋતુમાં પહેરાતા કપડાના નામ બોલે તેના પરથી બાળકોએ તે કઇ ઋતુની વાત કરે છે તે ઓળખી કાઢવું.
૨. ઋતુ ગીત ગાઇ શકાય.
૩. રમત : મને ઓળખી કાઢો

## થીમ-૧૨ : પૃથ્વી અને સૃષ્ટિ


**વાર્તાપ્રવેશ :-**

પંખી બની ઉડી જઇએ (૨) હો હો હો ચાંદા મામાના દેશમાં
કાળી કાળી વાદળીનો દેશ ચાંદામામા
વાદળી બની વરસી જઇએ (૨) હો હો હો ચાંદા મામાના દેશમાં
ચમકતી વીજળીનો દેશ ચાંદામામા
વીજળી બની ચમકી જઇએ (૨) હો હો હો ચાંદા મામાના દેશમાં
ટમટમતા તારલાનો દેશ ચાંદામામા
તારલા બની ટમકી જઇએ (૨) હો હો હો ચાંદા મામાના દેશમાં
રૂપાળી પરીઓનો દેશ ચાંદામામા
પરી બની ઊડી જઇએ (૨) હો હો હો ચાંદા મામાના દેશમાં

સરસ મજાનો ચાંદા મામાનો દેશ આપણે જોયો તો આપણી પૃથ્વી ઉપર પણ ઘણું બધું જોવા જેવું છે તો આજે હું તમને સૃષ્ટિ જોવા નીકળેલ રાજકુમારીની એક વાત કરવાની છું.

### રાજકુમારીનો પ્રવાસ

એક હતા રાજા અને એક હતી રાણી. રાજાને ત્રણ રાજકુમાર અને એક રાજકુમારી હતા. રાજાના ત્રણેય રાજકુમારો તેની બહેનને ખૂબ જ સાચવે. એક દિવસ રાજકુમારી તેની સખીઓ સાથે ફરવા નીકળી. તેણે પોતાના ભાઇઓને કહ્યું, ‘‘હું મારી સખીઓ સાથે ફરવા જાઉં છું. તમે ચિંતા ન કરતા. અમે લોકો સાચવીને, બધે ફરીને પાછા આવી જઇશું.’’ ત્રણેય રાજકુમારે કહ્યું, ‘સારું બહેન, સાચવજો.’ પછી તો રાજકુમારી તેની



બહેનપણીઓ સાથે બગીચામાં જાય છે. જ્યાં ખુબ સુંદર મજાના રંગીન ફૂલો ખીલેલા જુએ છે. રાજમહેલમાં બગીચો છે એની કરતા આ ઘણો મોટો બગીચો છે. રાજકુમારીએ કહ્યું, ''રાજમહેલના બગીચા કરતા મને આ બગીચો વધારે ગમે.'' તેની સખીઓ કહે, ''કુમારીબા, તમે આ બધા ફૂલોને ઓળખો છો ?'' રાજકુમારી કહે, ''ના.'' તેની સખીઓએ કહ્યું, ''ચાલો, અમે તમને બધા ફૂલોના નામ કહીએ.'' એમ કહી તેની સખીઓએ રાજકુમારીને ગુલાબ, મોગરો, જુહી, ચંપો, ચમેલી, રાતરાણી, બારમાસી, સુરજમુખી, પારિજાત, કરેણ, કમળ અને લીલી જેવી અનેક ફૂલો બતાવ્યા. વળી ગલગોટા અને સૂરજમુખી પણ ખરા. આ ફૂલો ઉપર રંગબેરંગી પતંગિયા ઉડતા હતા. તેને જોવાની રાજકુમારીને ખૂબ મજા પડી. બપોરનો સમય થયો. એટલે બધા બગીચામાં એક પાથરણું પાથરી જમવા બેઠા. જમવામાં આજે માત્ર ફળો અને શાકભાજી જ હતા. અને તે બધું જ તે બગીચામાંથી તોડીને લાવેલા હતા. રાજકુમારીએ કહ્યું, ''આટલા બધા ફળો અને શાકભાજી તો મેં ક્યારેય નથી જોયા !'' તેની સખીઓએ કેરી, દ્રાક્ષ, તરબૂચ, શક્કરટેટી, દાડમ, અનાનસ અને ચીકુ જેવા ફળો સરસ રીતે કાપીને રાજકુમારીને ખાવા આપ્યા. વળી કાકડી, ટામેટા, કોબીજ અને કાચીકેરીનું કચુંબર પણ આપ્યું. આ બધું ખાઇને રાજકુમારીને તો ખૂબ સંતોષ થયો. તેણે કહ્યું, ''રાજ મહેલના પકવાન કરતા તો આ તાજા ફળો ખાવાની મજા પડી.'' જમીને ઉભા થયા અને રાજકુમારી આગળ ચાલી. ત્યાં તો સફેદ કપડાં પહેરેલી અને સોનેરી પાંખોથી ઉડતી પરી જોઇ. તેણે પરીને પૂછ્યું ''તમે કોણ છો ?'' પરી નજીક આવી અને બોલી, ''હું પરી છું અને પરીલોકમાં રહું છું.'' રાજકુમારી કહે, ''તો અહીંયા કેમ આવ્યા હતા ?'' પરી કહે, ''અહીંયા ફરવા આવી હતી. પૃથ્વી જોવા માટે. પૃથ્વી ખરેખર ખુબ સુંદર છે.'' રાજકુમારી કહે, ''તો મને પણ તમારો દેશ જોવા લઇ જાવને. પરી કહે, ''ચાલ મારો હાથ પકડી લે.'' એમ કહી રાજકુમારીને લઇને પરી ઉડવા લાગી. થોડીવારમાં બંને પરીલોકમાં પહોંચી ગયા. પરીલોક તો વાદળાઓથી ઢંકાયેલો હતો. બંને જણા અંદર ગયા. ચારે બાજુ ખુબ સુંદર મજાના વાદળા, સુંદર મજાના બગીચા અને ઘણા બધા ફળોવાળા વૃક્ષો. આખો યે રંગબેરંગી પ્રદેશ. ફૂલોનીતો વાત જ શું થાય ? રંગીન ફૂલોથી છવાયેલા બગીચા જોઇને રાજકુમારી તો દંગ રહી ગયા. તેણે કહ્યું, ''ખરેખર ! તમારો પરીલોક ખૂબ સુંદર છે.'' ત્યારબાદ થોડીવાર ત્યાં રહીને પરી રાજકુમારીને પાછી પૃથ્વી ઉપર મૂકી ગઇ. પરી અને રાજકુમારી બંને સખી બની ગઇ અને પછી વારંવાર એકબીજાને મળવા આવતી. રાજકુમારીને આ સુંદર સૃષ્ટિ જોવાની ખૂબ મજા પડે અને પરીને પણ એક સખી મળી. બંનેને રંગીન પૃથ્વી જોવાની મજા પડી.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. રાજકુમારી જેવો પોશાક પહેરાવી છોકરીઓને રાજકુમારી બનાવી શકાય. પરીઓની વાર્તા કહી શકાય.
૨. રાજકુમારી અને પરીના ચિત્રોમાં રંગ પુરાવી શકાય.

# થીમ-૧૩ : હવા

**વાર્તાપ્રવેશ :-**

પ્રશ્નોત્તરી : (૧) જીવન માટે સૌથી મહત્વની વસ્તુ શું છે ?
(૨) આપણી પાસે પતંગ છે દોરો છે તો પતંગ ઉડાડવા હવે શેની જરૂર પડશે ?
(૩) પાણીમાં પરપોટા થતાં તમે જોયા છે ? એ પરપોટામાં શું હોય ?
(૪) વાંસળી, શરણાઇ અને મદારીની બીન કેવી રીતે વગાડતા હોય છે ?
(૫) ફુગ્ગો ફુલાવવા શું કરવું પડે છે ?

## હવાની દવા

નાનકડો મુન્નો તેના મમ્મી અને પપ્પા સાથે દવાખાને જઇ રહ્યો હતો. મુન્નાને વિચાર આવ્યો કે મને તો કાંઇ જ થયું નથી તો મમ્મી-પપ્પા મને દવાખાને કેમ લઇ જતા હશે ? તેણે પપ્પાને પૂછ્યું, ''પપ્પા, આપણે દવાખાને કેમ જઇએ છીએ ?'' પપ્પાએ કહ્યું, ''બેટા, મમ્મી બીમાર છે એટલે તેને આપણે ડોક્ટર અંકલ પાસે લઇ જઇએ છીએ.'' મુન્નો કહે, ''સારું પપ્પા.'' મુન્નો તેના મમ્મી પપ્પા સાથે દવાખાને જાય છે. ડોક્ટર સાહેબ મુન્નાના મમ્મીને તપાસે છે અને કહે છે કે મુન્નાના મમ્મીને ફેફસામાં ચેપ લાગ્યો છે મુન્નાએ



ડોક્ટર અંકલને પૂછ્યું, ''ડોક્ટર અંકલ, ફેફસા એટલે શું?'' ડોક્ટર કહે, ''બેટા, ફેફસા એ આપણી છાતીમાં આવેલા હોય છે. આપણે જ્યારે શ્વાસ લઈએ ત્યારે હવા નાક વાટે ફેફસામાં જાય છે અને ફેફસાં આપણા શરીરને ચોખ્ખું કરવાનું કામ કરે છે. મુન્નો કહે, ''તો મારા મમ્મીને ફેફસામાં ચેપ કેમ લાગ્યો ?'' ડોક્ટર કહે, ''જો, આપણે ગંદી હવા કે ઝેરી હવા શ્વાસમાં લઈએ તો આપણને ફેફસામાં ચેપ લાગી શકે છે અને તેના લીધે ઉધરસ પણ આવી શકે છે.'' મુન્નો કહે, ''હવા ગંદી અને ઝેરી પણ હોય ?'' ડોક્ટર અંકલ કહે, ''હા બેટા, હવા ઝેરી પણ હોય અને ગંદી પણ હોય. જો, તું દવાખાને આવ્યો ત્યારે તે રસ્તામાં જોયું હશે કે રસ્તાની આજુબાજુ કેટલાક કારખાનાઓ છે. તેમના ઊંચા ઊંચા ભૂંગળામાંથી તે કાળા કાળા ધૂમાડા નીકળતા જોયા હશે.'' મુન્નો કહે, ''અંકલ, મેં જોયા.'' ડોક્ટર કહે, ''આ ધુમાડા હવાને ઝેરી અને ગંદી બનાવે છે. મુન્નો કહે, ''ડોક્ટર અંકલ, ધુમાડો તો અમારા બાઇકમાંથી અને ગાડીમાંથી પણ નીકળે છે.'' ડોક્ટર કહે, ''હા બેટા, એ ધુમાડો પણ હવાને ગંદી બનાવે છે. આ ઉપરાંત ક્યારેક આપણે કચરો, રબ્બર, પ્લાસ્ટિક વગેરે બાળીએ ત્યારે તેમાંથી નીકળતો ધુમાડો પણ હવાની ગંદી બનાવે છે.'' મુન્નો કહે, ''ડોક્ટર અંકલ, તો તો જો બધી હવા ગંદી અને ઝેરી થઇ જશે તો આપણને બધા આવો ચેપ લાગશે ? આપણને બધાને ઉધરસ થશે ?'' ડોક્ટર સાહેબ હસીને કહે, ''મુન્ના, ભગવાને એના માટે એક સરસ વ્યવસ્થા ગોઠવી છે. એ વ્યવસ્થાનું નામ છે ઝાડ, વૃક્ષો. આ વૃક્ષો હવાને ચોખ્ખી કરવાનું કામ કરે છે. જેટલા વધારે વૃક્ષો હશે એટલી હવા વધારે ચોખ્ખી થશે.'' મુન્નો કહે, ''ડોક્ટર અંકલ, મને તો આ વાતની ખબર જ ન હતી. તો તો આપણે બધાએ ખૂબ વૃક્ષો વાવવા જોઇએ. જેથી હવા ખૂબ ચોખ્ખી થાય.'' ડોક્ટર કહે, ''હા બેટા, પણ આપણે લાકડા માટે થઇ ઘણા બધા વૃક્ષો કાપી નાખીએ છીએ. તેની સામે એટલા વૃક્ષો ઉગતા નથી. એટલા માટે હવા વધારેને વધારે ગંદી અને ઝેરી બનતી જાય છે. ''મુન્નો કહે, ડોક્ટર અંકલ, હવે હું સમજી ગયો છું. હું આજે જ મારા ઘર પાસે એક વૃક્ષ વાવીશ અને સાથે સાથે મારા મિત્રોને પણ કહીશ કે તેઓ પણ તેમના ઘરે, વાડીએ, ખેતરે અને જ્યાં પણ વૃક્ષ ઉગી શકે તેમ હોય ત્યાં તેઓ વૃક્ષો વાવે.'' ડોક્ટર અંકલ કહે, ''શાબાશ મુન્ના, જો તારી જેમ બધા જ સમજણા થઇ જાય તો તારા મમ્મીને જેવો ચેપ લાગ્યો એવો ચેપ કોઇને પણ લાગે નહીં અને કોઇ માંદા પણ ન પડે.'' મુન્નો કહે, ''સારું ડોક્ટર અંકલ, હવે અમે જઇએ છીએ. મારે ઘરે જઇને જલ્દી જલ્દી એક ઝાડ વાવવાનું છે...! આવજો...

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. હવા કેવી રીતે પ્રદૂષિત થાય છે તેની વાત કરી શકાય.
૨. વૃક્ષો આપણને કેવી રીતે ઉપયોગી થાય છે તેની વાત કરી શકાય.

## થીમ-૧૪ : ફળો

**વાર્તાપ્રવેશ :-**

એક અનાનસ ને બે બોર
સામસામે કરતા જોર
ત્રણ ટેટીને ચાર ચીકુ
કહે તને હું એક ઝીકું ?
પાંચ પપૈયા છ તરબૂચ
અંદરો અંદર કરતા ઘૂંચ
સાત સીતાફળ આઠ અમરુદ
કરતા કેવી કુદાકુદ
નવ નારંગી દસ દાડમ
એકબીજા પર પડે ધડામ

## ફળો ચાલ્યા પિકનિકમાં

ફળોની ટોકરીમાં ઘણા બધા ફળો આરામથી બેઠા હતા. પપૈયો, ચીકુ, સીતાફળ, નારંગી, કેળું, દ્રાક્ષ, તરબૂચ, અનાનસ, કેરી, દાડમ અને સાથે લીંબુભાઇ પણ હતા. બધા કહે, ‘‘ચાલો, આપણે પિકનિક કરવા જઇએ. રમશું, ગીતો ગાશું અને મજા કરીશું.’’ બધા તો પિકનિક મનાવવા માટે તૈયાર થઇ ગયા. પપૈયાએ પાથરણું લીધું, ચીકુ એ ચાકુ લીધું, સીતાફળે લીધી સેવ, દાડમે લીધો દડો અને બેટ, કેરીએ લીધું કચુંબર, કેળાએ



કેરમ લીધું, દ્રાક્ષે લીધો ડબ્બો અને ડબ્બામાં લીધા સેવમમરા અને ચટણી. તરબૂચભાઇ તો ખાવાના ખૂબ શોખીન. એટલે જ તરબૂચભાઇ તો ખૂબ જાડા પાડા. તરબૂચભાઈએ લીધા પીઝા, દાબેલી, પાણીપુરી, વડાપાવ... બધુ એમની બેગમાં ભરી લધું... નારંગીબેન અને લીંબુભાઇએ તો કાંઇ લીધું નહીં. બધા કહે ''તમે શું લેશો ?'' લીંબુભાઇ કહે, ''મારે તો કશુ લેવું નથી. મારી પાસે એક એવી વસ્તુ છે તો મારે કશું લેવું નથી.'' બધા ચાલ્યા બાજુમાં આવેલા નાનકડા જંગલમાં પિકનિક મનાવવા માટે. જંગલમાં પહોંચી દ્રાક્ષ અને દાડમે તો ખૂબ દોડાદોડી કરી. સીતાફળભાઇ સુતા રહ્યા પાથરણા પર. ચીકુભાઇ ચડ્યા ટેકરી પર. પપૈયા ભાઇ અને તરબૂચભાઇ બેટ અને દડાથી રમ્યા. બાજુના ગામમાંથી જામફળ અને સ્ટ્રોબેરી પણ આવ્યા હતા. તેઓ કેરમ રમ્યા. બધાને ખૂબ મજા પડી. ખૂબ થાક્યા અને પાથરણા પર બેઠા નાસ્તો કરવા માટે. બધાએ ખૂબ નાસ્તો કર્યો. તરબૂચભાઇએ તો પીઝા, દાબેલી, વડાપાવ એટલા બધા ખાધા કે એમના પેટમાં થઇ ગડબડ. તરબૂચભાઇ તો લાગ્યા રોવા. બધા ખૂબ મૂંઝાઇ ગયા. હવે આ જંગલમાં ડોક્ટર ક્યાંથી હોય ? બધા કહે, ''ચાલો, આપણે તરબૂચભાઇને ડોક્ટર પાસે લઇ જઇએ.'' તરબૂચભાઇ કહે, ''ના હો, હું તો ઉભો નહિ થાઉં.મને પેટમાં ખૂબ દુખે છે માટે હું તો સૂતો જ રહીશ.'' બધા વિચારમાં પડી ગયા કે હવે શું કરવું ? લીંબુભાઇ કહે, ''બધા દૂર ખસી જાવ. હું ઉપાય બતાવું.'' લીંબુભાઇએ ચીકુભાઇ પાસેથી ચાકુ લીધું અને નારંગીબેન નદી પાસેથી પાણી લઇ આવ્યા. લીંબુભાઇએ પાણીમાં પોતાનો રસ નાખ્યો અને એ પાણી તરબૂચભાઇને પીવડાવ્યું. થોડીવાર થઇ ત્યાં તો તરબૂચ ભાઇને પેટમાં સારુ લાગવા માંડ્યું. એટલે નારંગીબેન કહે, ''તરબૂચભાઇ, આ લ્યો, થોડો મારો રસ પણ પીવો એટલે તમારામાં શક્તિ આવશે.'' તરબૂચભાઇએ તો રસ પીધો. ધીમે ધીમે તરબૂચભાઇ એકદમ સાજા થઇ ગયા. બધા ખુશ ખુશ થઇ ગયા. હવે તો સાંજ પડવા આવી હતી એટલે બધા કહે, ''હવે ઘરે જઇએ.'' બધાએ પોતપોતાના સામાન લીધો અને ગીતો ગાતા ગાતા ઘરે પાછા આવ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. બાળકોને જુદા જુદા ફળોના ચિત્ર અને મોડેલ બતાવી શકાય.

૨. બાળકો પાસે જુદા જુદા ફળોના ચિત્ર દોરાવી તેમાં રંગો પુરાવી શકાય.

# થીમ-૧૫ : પાણી

**વાર્તાપ્રવેશ :-**

- ગામની વચ્ચે તલાવડીને તલાવડીમાં માછલડી
  માછલડીની આંખો કેવી ગોળ કેવી ગોળ છે
- તળાવમાં એક પથ્થર, એની પાછળ મગર
  કાચબાની ડોક કેવી લાંબી કેવી લાંબી છે
- કલકલિય કિનારે, તડાક ડુબકી મારે
  માછલી પકડે એવા એ તો ચોર મોટો ચોર છે
- ભેંસ મોટી ભારે, આવી તળાવ આરે
  કીચડમાં નહાવાના એના કોડ મોટા કોડ છે
- ધોબીભાઇ તો બેઠા, કપડા ધોવા બેઠા
  તળાવ બેન રોતી એની આંખો રાતીચોળ છે

## ગંદુ તળાવ

એક ગામ હતું. એ ગામમાં એક મોટું તળાવ હતું. એ તળાવ પાણીથી ભરેલું અને ખૂબ જ સુંદર. આ ગામના લોકો પોતાના ઢોર તળાવમાં નાહવા લઇને આવતા. છોકરાઓ અને મોટેરાઓ નહાવા માટે પણ તળાવે આવતા. ગામની સ્ત્રીઓ વાસણ માંજવા, કપડાં ધોવા અને પીવાનું પાણી ભરવા તળાવે જ આવતી.



આમ તળાવે આખો દિવસ લોકોની અવર-જવર ચાલ્યા કરતી. ધીમે ધીમે આ તળાવનું પાણી લોકોના ઉપયોગને કારણે ગંદુ થવા લાગ્યું. તેમાં કિચડમાં ખરડાઇને આવેલા ઢોરનો કાદવ ઠલવાતો, લોકોના શરીરનો મેલ ઠલવાતો, બહેનો કપડાં ધોતી ત્યારે એ સાબુનું પાણી પણ તળાવના પાણીમાં ભળતું, વાસણ માંજે તો રસોઇની ચિકાશ અને સાબુ તથા રખ્યા બધું તળાવમાં જાય. આમ તળાવનું પાણી તો સાવ ખરાબ થઇ ગયું. ગામના લોકો એ જ તળાવનું પાણી પીતા. એક દિવસ ગામના બધા બાળકોને ઝાડા ઉલટી થઇ ગયા. ડોક્ટરને બોલાવવામાં આવ્યા. ડોક્ટરે બાળકોને તપાસ્યા. તેમને ખબર પડી કે નક્કી આ ગંદુ પાણી પીવાને કારણે જ થયું છે. તેમણે ગામલોકોને ભેગા કર્યા અને પૂછ્યું, ''તમે લોકો પીવા માટે પાણી ક્યાંથી લાવો છો ?'' લોકોએ જવાબ આપ્યો, ''સાહેબ, આપણા ગામના તળાવમાંથી.'' ડોક્ટરે કહ્યું, ''આપણા તળાવનું પાણી હવે પીવા લાયક રહ્યું નથી. તે ખૂબ દૂષિત થઇ ગયું છે. ઘર વપરાશ માટે ચાલશે પણ રસોઇ બનાવવા અને પીવા માટે બીજા પાણીની વ્યવસ્થા કરવી જ પડશે.'' ગામલોકો કહે, ''તો બીજો ઉપાય શું થઇ શકે ?'' ડોક્ટરે કહ્યું, ''આપણે એક કૂવો ખોદાવીએ અથવા તો એક બોરવેલ બનાવીએ. જેના કારણે શુદ્ધ પાણી મળે. જેનો ફક્ત પીવા તથા રસોઇ બનાવવામાં જ ઉપયોગ કરવાનો. જેથી બધા જ લોકો એ ડંકીના પાણીનો ઉપયોગ પીવા તથા રસોઇ કરવા માટે કરવા લાગ્યા. આમ, પાણી જીવનનો આધાર છે પણ દૂષિત પાણી અનેક રોગો લઇને આવે છે. માટે શુદ્ધ પાણી પીવું જોઇએ. પાણી ભરવાના વાસણ જેવા કે ડોલ, બેડું તથા પાણી પીવાનું માટલું બધું જ ચોખ્ખું રાખવું જોઇએ. હંમેશા ગળીને જ પાણી પીવું જોઇએ.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**
  વાટકામાં પાણી લઇ તેમાં અલગ અલગ રંગ નાખી રંગીન પાણી બનાવવું. ૬-૭ પાત્ર લઇ તેમાં ઓછા વત્તા પ્રમાણમાં પાણી નાખી. એક લાકડી વડે તે વાટકીઓ સાથે અથડાવી તેમાંથી જે અવાજ નીકળે તે સાંભળવો. જલ તરંગ જેવી રચના થશે.


# થીમ-૧૬ : વાહન

**વાર્તાપ્રવેશ :-**

રેલગાડી છુક છુક કરતી જાય,
ગાડીમાં બેઠા ગુજરાતી લોક
ગુજરાતી આહા ગુજરાતી ઓહો
ગુજરાતી ગરબા ઘુમતા જાય
રેલગાડી છુક છુક કરતી જાય...
ગાડીમાં બેઠા રાજસ્થાની લોક
રાજસ્થાની આહા રાજસ્થાની ઓહો
રાજસ્થાની ઘુમર કરતા જાય
રેલ ગાડી છુકછુક કરતી જાય...
ગાડીમાં બેઠા પંજાબી લોક
પંજાબી આહા પંજાબી ઓહો
પંજાબી ભાંગડા કરતા જાય
રેલગાડી છુકછુક કરતી જાય...

## પ્રવાસ

મનન તેના મમ્મી-પપ્પા સાથે અમદાવાદ રહેતો હતો. મનનના પપ્પા ત્યાં નોકરી કરતા હતા. તેથી તેઓ ત્યાં જ રહેતા. શહેર તો આખો દિવસ વાહનોથી ધમધમતું. અમદાવાદના રસ્તા ઉપર આખો દિવસ વાહનોની અવરજવર ચાલુ રહે. રસ્તા પર સાઈકલ, બાઈક, જાત-જાતની મોટરકાર, જીપ, મોટી મોટી બસ, બે માળની બસ, મેટ્રો ટ્રેન વગેરે જેવા અનેક વાહનો નીકળે. મનન તો ફ્લેટની બારીમાંથી રસ્તા પર દોડતા



વાહનો જોયા જ કરે. વળી થોડી થોડી વારે મોટા-મોટા વિમાન ઘરરર કરતા નીકળે. તરત જ મનન બાલ્કનીમાં જઇને વિમાન જુએ. થોડી થોડી વારે દૂર સ્ટેશન પાસે પાટા પર દોડતી છુકછુક ગાડી જુએ. એને વાહનો બહુ ગમે. વેકેશન પડ્યું એટલે મનન તેના મમ્મી-પપ્પા સાથે દાદા-દાદીને મળવા ગામડે આવ્યા. બીજા દિવસે દાદા સાથે ગામમાં ફરવા નીકળ્યો. રસ્તા પર કોઇ જ વાહનોનો ધમધમાટ નહી. ચારે બાજુ ખૂબ શાંતિ. ક્યાંય બહુ વાહન જોવા મળે નહીં. મનનને નવાઇ લાગી. આ તો કેવું..! અહીં તો વાહન જ નથી ! તેણે દાદા ને પૂછ્યું, ''દાદાજી, અહીં વાહનો કેમ નથી ?'' દાદાજી કહે, ''છે તો ખરા ! જો સામે સાયકલ પડી છે, સામેના વાડામાં ટ્રેક્ટર છે, પેલી બાજુ પસાભાઇનું બળદગાડું છે !'' મનને પૂછ્યું, ''દાદાજી, ત્યાં અમદાવાદમાં તો રોડ એક મિનિટ પણ ખાલી ન દેખાય અને અહીં તો રસ્તા પર એકેય વાહન નથી દેખાતું.'' દાદાજી કહે, ''જો બેટા, એ શહેર છે. ત્યાં વધારે માણસો રહે છે. વળી બધા જ માણસો નોકરી કરતા હોય એટલે પોતપોતાના સમયે જઇ શકે એ માટે બધા પાસે અલગ અલગ વાહનો હોય છે. વળી અહીં ગામડામાં સૌ ખેતીકામ કરતા હોય, કુંભાર હોય તો કુંભારીકામ કરતા હોય, દરજીભાઇ કપડા સીવતા હોય. અહીં કોઇને ખાસ સમયસર બીજી જગ્યાએ જવાનું નથી હોતું એટલે બહુ વાહનની જરૂર પણ નથી હોતી. એટલે અહીં તો જરૂર પૂરતા જ વાહનો હોય. જો હું બે સાયકલ રાખું છું. પસાભાઇ ખેતરે જાય છે એટલે એમને બળગાડાની અને ટ્રેક્ટરની જરૂર પડે. અબ્દુલચાચા ઘોડાગાડી રાખે છે. અહીં એક જગ્યારેથી બીજી જગ્યાએ જવું હોય ત્યારે અમે મોટેભાગે ઘોડાગાડીમાં જઇએ છીએ. વધારે દૂર જવું હોય તો સવારે એક બસ આવે છે અને સાંજે એક બસ આવે છે તેનો ઉપયોગ કરીએ છીએ. બસ, અમારું જીવન ચાલે છે અને એટલે જ અહીં તને સાવ શાંતિ લાગે છે.'' મનન સમજી ગયો. તેણે કહ્યું, ''દાદાજી, શહેરની ભાગદોડ વાળી જિંદગી અને વાહનોના અવાજથી આખો દિવસ કંટાળી જવાય છે. એના કરતાં મને ગામડાનું શાંત જીવન ખૂબ ગમે છે.'' દાદાજી હસીને કહે, ''સાચી વાત છે બેટા.'' પછી બંને ઘરે ગયા ખાધુ પીધું ને મોજ કરી.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. વાહનોનો ચાર્ટ બતાવી શકાય.

૨. વાહનના ચિત્રમાં રંગ પુરાવી શકાય. માટીમાંથી જુદા જુદા વાહનો બનાવતા શીખવી શકાય.

# થીમ-૧૭ : કપડા

**વાર્તાપ્રવેશ :-**

શિયાળામાં સ્વેટર પહેરી
ચિંકી ફરવા જાય છે
સ્વેટર પહેર્યું મોજા પહેર્યા
ટોપી ભૂલી જાય છે
મમ્મી ટોપી યાદ અપાવે
ચિંકી રાજી થાય છે
ઉનાળામાં ઝભલું પહેરી
ચિંકી ફરવા જાય છે
ઝભલું પહેર્યું ટોપી પહેરી
રૂમાલ ભૂલી જાય છે
મમ્મી રૂમાલ યાદ અપાવે
ચિંકી રાજી થાય છે.
ચોમાસામાં રેઈનકોટ પહેરી
ચિંકી ફરવા જાય છે
રેઈનકોટ પહેર્યો ટોપી પહેરી
છત્રી ભૂલી જાય છે
રેઈનકોટ મમ્મી યાદ અપાવે
ચિંકી રાજી જાય છે

## નાનકડા ચિંકીબેન

આજે આપણે વાત કરવાની છે આપણા નાનકડા ચીંકીબેનની. ચીંકીબેનને ભણવું ખૂબ જ ગમે. ચીંકીબેન ભણવામાં ખૂબ જ હોશિયાર પણ ચીંકીબેન નાનકડા ગામમાં રહે. ત્યાં શાળા પણ નાની-નાની. ચીંકીબેન તો



પાંચમા ધોરણ સુધી ગામની શાળામાં ભણ્યા. હવે ચીંકીબેનના પપ્પાએ બાજુના મોટા ગામમાં તેને ભણવા મૂકી. ત્યાં ચીંકીબેનના મામા રહેતા હતા. ચીંકીબેન અને તેમના મમ્મી તેમના કપડા બેગમાં ભરવા બેઠા. મમ્મી કહે, ''જો બેટા, બેગમાં તારી શાળાનો ડ્રેસ મુકું છું. તું શાળાએ જાય ત્યારે આ ડ્રેસ પહેરીને જવાનું. ચીંકીબેન કહે, ''અને મમ્મી ઘરે શું પહેરવાનું ?'' મમ્મી કહે, ''જો બેટા, ઘરે પહેરવા તારા માટે સરસ મજાના ફ્રોક મૂક્યા છે, ટીશર્ટ મૂક્યા છે અને લેગીસ પણ મૂકી છે.'' ચીંકીબેન કહે, ''મમ્મી, એ તો બરાબર પણ તે આ બીજા જાડા જાડા કપડા કેમ મૂક્યા છે ?'' મમ્મી કહે, ''જો બેટા, એ શિયાળામાં પહેરવાના. જેથી તને ઠંડી ન લાગે અને વધારે ઠંડી હોય ત્યારે સ્વેટર, હાથના મોજા, પગના મોજા અને ટોપી પણ મૂક્યા છે. યાદ કરીને પહેરજે. ચીંકીબેન કહે, ''અરે વાહ મમ્મી, મને તો મજા આવી જશે.'' મમ્મી કહે, ''અને હા બેટા, ઉનાળામાં જ્યારે ગરમી આવે ત્યારે પાછા એ કપડા નહીં પહેરવાના હો ! ત્યારે તારા માટે મેં નવા ફ્રોક મૂક્યા છે એ પહેરજે.'' ચીંકીબેન કહે, ''હા મમ્મી, પણ ચોમાસામાં વરસાદ આવે તો શું કરું ? હું તો શાળામાં જઈશ તો પલળી જઈશ.'' મમ્મી કહે, ''હા બેટા, તારા પપ્પા તારા માટે સરસ મજાની છત્રી લઈ આવ્યા છે. ગુલાબી ગુલાબી અને સાથે રેઈનકોટ પણ મુકું છું એ પણ છે ગુલાબી ગુલાબી.'' ચીંકીબેન કહે, ''અરે વાહ મમ્મી, તો તો મારું નામ ચીંકી ને બદલે પિંકી રાખી દેવું જોઈએ.'' મમ્મી હસતા કહે, ''હા બેટા... જો બહાર ફરવા જા ત્યારે નવા કપડાં પહેરજે અને નવરાત્રી હોય કે લગ્ન હોય ત્યારે પહેરવા ચણિયાચોળી પણ મુકું છું અને હા એક વાત તો તને કહેવાની રહી જ ગઈ.'' ચીંકીબેન કહે, ''શું મમ્મી ? જલ્દી જલ્દી કહી દે.'' મમ્મી કહે, ''તારા મામા તારા માટે સરસ મજાનું જીન્સ અને ટીશર્ટ લાવ્યા છે. એ તું ત્યાં જઈશ એટલે તને આપશે. એ સાચવીને મૂકી દેજે.'' ચીંકી રાજી થતા બોલી, ''મમ્મી, તમે બધા મારું કેટલું બધું ધ્યાન રાખો છો !'' મમ્મી કહે, ''હા બેટા, તું અમારી લાડકી દીકરી છો. મામાના ઘરે રહેજે અને મન લગાવીને ભણજે. અમે તને મળવા આવશું. ચીંકીબેન કહે, ''સારું મમ્મી, હું ભણીને મોટી થઈશ ને પછી હું પણ તારા માટે નવા નવા સરસ મજાના કપડાં લાવીશ હો...!

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. વિદ્યાર્થીઓને શિયાળો, ઉનાળો અને ચોમાસ દરમિયાન પહેરાતા જુદા જુદા કપડા વિશે માહિતી આપવી અને ચાર્ટ બતાવવા.
૨. કપડા આપણા શરીરનું રક્ષણ કેવી રીતે કરે છે તેની સમજ આપવી.


## પૂર્વ પ્રાથમિક : ૫ થી ૬ વર્ષ

# થીમ-૧. હું અને મારું કુટુંબ

વાર્તાપ્રવેશ :-
સુટેવોનો ચાર્ટ મુકવો / બતાવવો.

## સંસ્કારી કુટુંબ

એક હતો વિશાલ. તે ઘરમાં સૌથી નાનો અને સૌનો લાડકો પણ ખરો. તેના ઘરમાં તેના દાદા-દાદી, મમ્મી-પપ્પા, એનો એક મોટો ભાઇ અને એની નાની બહેન એટલા જણા રહે. ઘરમાં બધા જ ખૂબ સરસ રીતે રહે. સવારમાં બધા વહેલા ઊઠે. બ્રશ કરી નાહી-ધોઇ પ્રાર્થના કરે અને ત્યારબાદ નાસ્તો કરે. વિશાલભાઇ સૌથી નાના એટલે રોજના ક્રમ પ્રમાણે પ્રાર્થના કરીને બધા જ વડીલોને પગે લાગે. એક દિવસ વિશાલ કહે, ''આ તો કેવું ! હું નાનો છું એટલે રોજ મારે જ બધાને પગે લાગવાનું ? તમે બધા કેમ મને પગે ન લાગો ?'' દાદા કહે, ''બેટા વિશાલ, હંમેશા નાનાએ જ વડીલોને પગે લાગવાનું હોય. વડીલોને પગે લાગવાથી આશીર્વાદ મળે અને અમે પણ અમારા દાદા-દાદી મમ્મી-પપ્પા બધાને પગે લાગતા હતા. આશીર્વાદ મળે તેમ આપણે મોટા થઇએ અને આગળ જતા શિક્ષક, ડોક્ટર, વકીલ, એન્જિનિયર જે બનવું હોય તે બની જઇએ. તો બેટા રોજ યાદ રાખીને પગે લાગજે હો.'' વિશાલભાઇ તો ખુશ થઇ ગયા અને કહે, ''હા દાદાજી હું બધાને રોજ પગે લાગીશ, અને મારા દોસ્તોને પણ કહીશ કે તમે પણ આશીર્વાદ લેજો અને આપણે બધા જલ્દી જલ્દી મોટા થઇશું અને ડોક્ટર બનીશું, વકીલ બનીશું અરે જે બનવું હોય તે બની જઇશું.''



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. બાળકને તેની ટેવો વિશે પૂછવું અને ચર્ચા કરવી.

૨. રમત - ''ચાલો આદર્શ બનીએ''
શિક્ષક સૂચના આપે બ્રશ કરો, નાહી લો, વાળ ઓળો, સ્વચ્છ કપડા પહેરો. સાથે સાથે ખરાબ ટેવો પણ બોલે જેમ કે હાથ પગ ગંદા રાખો, નખ ન કાપો, વાળ ન ઓળો. આમાંથી જે સારી ટેવ હોય તેની જ એક્શન કરવી.

# થીમ-૨ : પાડોશ અને સમાજ

**વાર્તાપ્રવેશ :-** બાળકો આપણે જે સોસાયટીમાં રહીએ છીએ કે જે શેરીમાં રહીએ છીએ તેમાં આપણી આજુબાજુ જે રહે છે તે બધા જ આપણા પડોશી કહેવાય. જ્યારે આપણે કામ હોય ત્યારે તેઓ આપણને મદદરૂપ થાય અને જ્યારે તેમને કામ હોય ત્યારે આપણે તેમને મદદ કરવી જોઈએ. બધાએ હળી મળીને રહેવું જોઈએ. બરાબર ને ! તો જેમ આપણા આડોશ પાડોશમાં લોકો હોય છે તેમ એક વખત વાડીમાં રહેલા બધા જ પડોશી વૃક્ષોમાં ઝઘડો થયો. તો ચાલો આજે તમને તેની વાર્તા કહું.

## લીમડો અને આંબો

એક ગામ હતું. જેનું નામ હતું સજ્જનપુર. ત્યાં બધા જ લોકો હળી મળીને રહે. એકબીજાને મદદ કરે. આખુય ગામ બધા જ ઉત્સવ સાથે ઉજવે અને બધા પ્રસંગમાં આનંદ કરે. એકવાર ગામમાં રહેતા વશરામકાકાની વાડીમાંથી બૂમ-બરાડાનો અવાજ આવતો હતો. વશરામકાકા જાગી ગયા કારણ કે તેમનું ઘર વાડીની બહાર જ હતું. વાડીમાં જઈ વશરામકાકા સાંભળતા રહ્યા કે આ શેનો અવાજ છે. વશરામકાકાએ જોયું તો બધા જ ઝાડ એકબીજાને જોર જોરથી કંઈક કહેતા હતા. આંબો કહે, ‘‘આખો ઉનાળો ખાટી મીઠી કેરીઓ આપું છું. બાળકો ખૂબ ખાય છે. તારી કરતા તો હું વહાલો હોઈશ.’’ જામફળી કહે, ‘‘મારા લાલ લાલ પાકા પાકા જામફળ ખાય એટલે લોકો બધાય ફળો ભૂલી જાય એટલે સૌથી વહાલી તો હું જ.’’ દાડમડી કહે, ‘‘મારા ઉપર તો મોટે ભાગે ફળ હોય. લાલચટક દાણા જોઈ વશરામકાકા કેવા હરખાય છે, એટલે સૌથી વહાલી તો હું જ હોઈશ.’’ લીમડો કહે, ‘‘મારી મીઠી મીઠી લીંબોળી જોઈ ? આખી ગાંસડી ભરાય એટલી લીંબોળીઓ ઉતરે છે. વળી રોજ વશરામકાકા મારી જ નીચે ખાટલો પાથરીને સુવે છે એટલે હું જ વહાલો હોઈશ.’’ વશરામકાકાએ બધાની વાત સાંભળી અને પછી બોલ્યા હવે બધા બસ કરો. ક્યાં સુધી આમ ઝઘડવાનું ? દરેક પાસે પોતાની અલગ ખાસિયત અને અલગ અલગ ફળ છે. દરેક ફળનો અલગ સ્વાદ છે. બધા બાળકોને બધા જ ફળ જરૂરી છે. કોઈપણ એક ફળ વધારે પ્રમાણમાં ખવાય તો પણ સારું નથી, વળી લીમડો કડવો છે પણ તેનામાં રહેલા ગુણો સૌથી વધારે છે, માટે લીમડો પણ ખૂબ ઉપયોગી છે. તમે બધા જ વૃક્ષો મને ખૂબ વહાલા છો. શા માટે ઝઘડો કરી અને દુઃખી થાવ છો ? અમને ગામ લોકોને ક્યારેય ઝઘડતા જોયા છે ? જેમ અમે બધા સંપીને રહીએ છીએ તેમ તમે પણ કાયમ સંપીને જ રહેજો. હવે ફરીથી ક્યારેય આવો ઝઘડો ન કરતા.’’ બધા જ વૃક્ષોએ વશરામ કાકાની માફી માંગી અને એકબીજાની પણ માફી માગી. આમ સૌ પાછા લીલા લહેર કરવા લાગ્યા.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. અભિનય ગીત... એક જાડો પાડો લીમડો.
૨. આજુબાજુમાં થતા વૃક્ષોના પાન લઈ રંગમાં બોળી તેની છાપ પાડવી અને પર્ણપોથી બનાવવી.
૩. આજુબાજુના ઘરમાં રહેલ ફૂલ છોડ તથા વૃક્ષોનો પરિચય આપવો.
૪. વનસ્પતિઓના નામ અને ચિત્રવાળો ચાર્ટ બતાવી શકાય.

# થીમ-૩ : ઝાડ અને છોડ

**વાર્તાપ્રવેશ :-** બાળકો તમે જુદા જુદા ફળો જોયા હશે. ચાલો, તમને ભાવતા હોય તેવા ફળોના નામ બોલો જોઇએ. ચીકુ, સફરજન, દાડમ, દ્રાક્ષ, પપૈયા, તરબૂચ, જામફળ, કેળા, સાકરટેટી આ બધા જ ફળો અને વળી ફળોનો રાજા કોણ? કેરી. બરાબરને ? તો ચાલો, આજે આપણે ફળોની વાર્તા સાંભળીએ.

## રામુને ભૂલ સમજાઇ

એક હતો રામુ. એક વખત પોતાના ગામથી બીજે ગામ ચાલીને જતો હતો. રસ્તો ખૂબ લાંબો હતો ચાલતા ચાલતા તે થાકી ગયો. એટલે એને થયું લાવને આ ખેતરમાં થોડીવાર આરામ કરુ અને પાછો ચાલવાનું શરૂ કરો. તે ખેતરમાં ગયો. ખેતરમાં જમીન પર વેલામાં મોટા મોટા તરબૂચ ઊગ્યા હતા. તરબૂચ લઇ અને



રામલાએ તો ખાધું. એવું મીઠું મજાનું લાલ લાલ તરબૂચ એને તો મજા પડી ગઇ. ત્યારબાદ તે ખેતરમાં રહેલા આંબા નીચે થોડીવાર આરામ કરવા ગયો. ત્યાં આંબા નીચે સુતા સુતા તેની નજર આંબા પર રહેલી કેરીઓ પર ગઇ. એ જોઇ રામલાએ કહ્યું ''આ ભગવાન પણ ખરા છે ! આવડા મોટા તરબૂચને સાવ નાના-નાના વેલા પર જમીન પર ઉગાડ્યા અને આ નાની નાની કેરીઓ ને આવડા મોટા આંબાના ઝાડ પર ઉગાડી. તરબૂચ મોટા છે તો તેમને મોટા ઝાડ પર ન ઉગાડવા જોઇએ ? નાની કેરીઓ વેલા પર રહે તો શું વાંધો ?'' આમ વિચારતો વિચારતો તે થોડીવાર સૂઇ ગયો. તેને ઊંઘ આવી ગઇ. થોડી વાર ત્યાં આંબા પરથી એક કેરી રામલાના માથા ઉપર પડી. રામલાને તો એવું વાગ્યું કે તમ્મર ચડી ગઇ. તે બેઠો થઇ ગયો અને માથામાં પંપાળવા લાગ્યો. પછી તેણે ભગવાનની માફી માગી અને બોલ્યો, ''ખરેખર, ભગવાન તમે બહુ સમજી વિચારીને બધું સર્જન કર્યું છે. આ કેરી માથા પર પડી અને આટલું વાગ્યું, તો આ તરબૂચ ઝાડ પર ઉગાડ્યા હોત અને તરબૂચ માથા પર પડે તો તો હું મરી જ જાત ને! આમ, રામલાએ મનોમન ભગવાનનો આભાર માન્યો અને પોતે પોતાના રસ્તે ચાલતો થયો. તેમજ તેને તેની ભૂલ પણ સમજાઇ ગઇ.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

એક જાડો પાડો લીમડો
જો લંગડી રમવા આવે તો
મજા પડે ભાઇ મજા પડે
આ મારા શોકેસની સૌ ઢીંગલી
જો ગરબે રમવા આવે તો

મજા પડે ભાઇ મજા પડે
આ મારા નાના નાના સૌ બાળકો
જો રોજ બાળમંદિર આવેતો
મજા પડે ભાઇ મજા પડે
એક જાડો પાડો લીમડો.

## થીમ-૪ : ખોરાક

**વાર્તાપ્રવેશ :-**

આલુ કચાલુ બેટા કહા ગયે થે,
બેંગન કી ટોકરી મેં સો રહે થે,
બેંગનને લાત મારી રો રહે થે,
મમ્મીને પ્યાર કિયા હસ રહે થે,
પાપાને પૈસા દિયે નાચ રહે થે,
ભૈયાને લડ્ડુ દિયે ખા રહે થે.

### કરશનકાકાની દુકાન

કરશનકાકાને મોટું ખેતર અને ગામમાં તેમની શાકભાજી અને ફળોની દુકાન. કરશનકાકાના બે દીકરા. એમાંથી એક ભાઇ ખેતી સંભાળે અને બીજો ભાઇ શાકભાજી અને ફળોની લારી લઇને નીકળે. કરશનકાકા પોતે દુકાને બેસે.

એકવાર નાના-નાના બાળકોનું એક ટોળું કરશનકાકાની દુકાને આવ્યું અને કહે, ‘‘કરશનકાકા એવા કોઇ ફળ કે શાકભાજી નથી કે જે ખાઇને અમે તરત મોટા થઇ જઇએ ?’’ કરશનકાકા કહે, ‘‘અરે ! બાળકો આવું તમને કોણે કહ્યું.’’ કાનુડો કહે, ‘‘અમને આંગણવાડીમાં અમારા બહેન કહેતા હતા કે ફળો અને શાકભાજી ખાઇએ તો મોટા થવાય એટલે અમે બધા મોટા થવા માટેના ફળ અને શાકભાજી લેવા આવ્યા છીએ.’’

કરશનકાકા હસવા લાગ્યા અને કહે, ‘‘અરે ! બાળકો બહેને સાચું કીધું છે પણ તમે સમજવામાં ભૂલ કરી. કોઇ એક ફળ ખાય કે શાકભાજી ખાઇને મોટા ન થઇ જવાય. પરંતુ તમારે રોજ એક ફળ અને શાકભાજીમાંથી બનાવેલું સલાડ ખાવું જોઇએ. રોજ તમે ફળો અને શાકભાજી ખાઓ તો ધીમે-ધીમે મોટા થતા જાવ, તંદુરસ્ત થતા જાવ, કારણ કે, શાકભાજી અને ફળો તમને મોટા થવા માટે જરૂરી એવા વિટામીન અને પ્રોટીન પુરા પાડે છે. તો હવે તમે બધા રોજ ઋતુ પ્રમાણે એક ફળ જરૂર ખાજો અને જમતી વખતે કાકડી, ટામેટા, ગાજર, બીટ અને કોબીજનું બનાવેલું સલાડ ખાવાનું ભૂલતા નહી.’’ છોકરાઓ કહે, ‘‘હવે સમજ્યા કે મમ્મી રોજ ફળ ખાવાનું કેમ કહે છે અને રોજ સલાડ કેમ બનાવે છે ? હવે અમે રોજ આ બધું ખાઇશું. સારું ચલો કરશનકાકા અમે જઇએ. જયશ્રીકૃષ્ણ.’’



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. રમત શાકભાજી અને ફળોના ટુકડા કરી તેને સરસ રીતે ગોઠવી સજાવટ કરી સલાડની ડિશ બનાવવી.

# થીમ-૫ : શાકભાજી

**વાર્તાપ્રવેશ :-**

- બાળકો તમે કયા કયા ફળ ખાધા છે ?
- તમારા મમ્મી ઘરે કયા કયા શાક બનાવે છે ?
- આ શાકભાજી અને ફળો તમારા મમ્મી ક્યાંથી લાવે છે ?
- માર્કેટમાં એ ફળો અને શાકભાજી ક્યાંથી આવે ?
- ફળો વાળા ઝાડ તમે જોયા છે ?
- ફળો અને શાકભાજી ક્યાં ઉગે ?
  તો આજે આપણે ફળો અને શાકભાજીની વાડીની વાર્તા કરીએ.

## દાદાજીની વાડી

એક સરસ મજાનું ગામ હતું. ગામમાં આશા નામની છોકરી રહેતી હતી. આશાને તેના દાદાજી સાથે ખૂબ મજા આવતી. દાદાજી રોજ આશા સાથે રમતા રમતા, વાર્તા કહે, બાળગીત ગવડાવતા, ગામમાં ફરવા લઇ જતા અને ખૂબ મજા કરાવતા એક દિવસ દાદાજી આશાને તેમની સાથે વાડીએ લઇ ગયા. વાડીમાં જુદા જુદા શાકભાજી ઉગેલા હતા. આશા તો ખુશ થતી દોડતી, કુદતી દાદાજી સાથે વાડીએ પહોંચી, વાડીમાં અંદર જતા જ આશાને તાલીનો અવાજ આવ્યો. આશાએ આજુબાજુ જોયું તો છોડ પર લટકતા ટમેટાભાઇ તાળી પાડતા હતા. ટમેટાભાઇ બોલ્યા,



''અમે લાલ-લાલ ટમેટા, ખાટા મીઠા ટામેટા, સૌને ભાવતા ટામેટા. અમને તમારી સાથે લઇ જાવ.'' આશાએ ખુશ થઇને ટોપલીમાં ટમેટા લીધા. આગળ ચાલતા ચાલતા આશાએ બીજા છોડ જોયા. છોડ પર મરચા લટકતા હતા. મરચાભાઇ બોલ્યા, ''મેં તીખા-મોળા મરચા, લાલ-લીલા મરચા. અમને પણ તમારી સાથે લઇ જાવને!'' આશાએ થોડા મરચા ટોપલીમાં લીધા. થોડી આગળ આવે ત્યાં આશાને ઘેરો અવાજ આવ્યો ''આશાબેન, અમને પણ સાથે લઇ જાવને ? અમારું ભડથું બનાવજો અને ખાજો.'' આ સાંભળી આશાએ દાદાજીને પૂછ્યું, ''દાદાજી આ જાંબલી રંગના માથે લીલી ટોપીવાળા કોણ છે ?'' દાદાજી કહે, ''અરે ! આશા એ રીંગણા છે. ભડથુ તને ખૂબ ભાવે છે ને ! તે આ રીંગણામાંથી જ બને.'' આશાએ તો રીંગણા પણ ટોપલીમાં મૂક્યા. થોડે આગળ જતા બાજુમાંથી અવાજ આવ્યો, ''અમે લીલાછમ વટાણા, નાના-નાના વટાણા. આશાબેન અમને તો લઇ જાવ.'' આમ આગળ જતા જતા આશાએ તેની ટોપલીમાં ગુવાર, ચોળી, ભીંડો, તુવેર વગેરે શાકભાજી પણ ટોપલીમાં મૂક્યા. થોડે આગળ ઉપરથી કંઇક અવાજ સંભળાયો, ''આશા બેટા મને તો લેતી જા. આશાએ જોયું તો વેલા પરથી દુધી કહી રહી હતી, તેણે કહ્યું, ''જે ખાય દુધી તેની વધે બુદ્ધિ.'' આશાએ દુધી પણ લઇ લીધી આગળ જતા કાકડી અને ગલકા પણ લીધા. ત્યાં તો ગાજર, બટેટા, બીટ, સુરણ અને શક્કરિયા પણ આશાના પગ પકડીને કહેવા લાગ્યા. ''અરે ! અમને પણ લઇ જા આશા.'' આશાએ તો ખુશ થતા થતા આ બધા જ શાકભાજી લીધા. હવે આશાની ટોપલી ભરાઇ ગઇ. બધા જ શાકભાજી ટોપલીમાં શાંતિથી બેસી ગયા અને આશા બધા જ શાકભાજી લઇને ઘરે આવી. આશાએ કહ્યું, ''તમે બધા જ શાકભાજી મને ખૂબ વહાલા છો.'' આ સાંભળી શાકભાજી ખુશ ખુશ થઇ ગયા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. છોડ પર થતા શાકભાજીના ચિત્રો અલગ કરવા.
૨. વેલા પર થતા શાકભાજીના ચિત્રો અલગ કરવા.
૩. માર્કેટની મુલાકાતે લઇ જઇ શકાય.


# થીમ-૬ : મારું શરીર

વાર્તાપ્રવેશ :-

નાની મારી આંખ તે જોતી કાંક કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે
નાના મારા કાન તે સાંભળે દઈને ધ્યાન
એ તો કેવી અજબ જેવી વાત છે
નાક મારું નાનું તે સૂંઘે ફુલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે
નાના મારા હાથ તે તાળી પાડે સાતે
એ તો કેવી અજબ જેવી વાત છ
નાના મારા પગ તે જલ્દી ભરે ડગે
એ તો કેવી અજબ જેવી વાત છ

## શરીરનો કજીયો

એક વખત શરીરના બધા અંગોનો ઝઘડો થયો. બધા જ અંગો હું મોટો, હું વધારે ઉપયોગી એમ કરી કરીને બરાડા પાડવા લાગ્યા. કાન કહે, ‘‘બધું જ સાંભળવાનું કામ હું કરું છું, તેથી હું મોટો.’’ નાક કહે, ‘‘સૂંઘવાનું કામ તો મારું છે તેથી હું મોટો.’’ આંખ કહે, ‘‘આ રંગબેરંગી દુનિયા મારાથી તો જોવાય છે નહીંતર શું મજા આવે ! એટલે સૌથી મોટું અંગ તો હું છું.’’ મોઢું કહે, ‘‘બોલવાનું કામ મારું. મજા આવે કે તકલીફ પડે હું કહું તો જ ખબર પડે ને ! એટલે હું મોટો. ખાવાનું કામ પણ મારું, પીવાનું કામ પણ મારું, જો ખવાય, પીવાય નહીં તો શરીર થોડું ચાલે ! એટલે હું જ મોટો.’’ પેટ કહે, ‘‘ખોરાક પચાવવાનું કામ મારું, ખોરાક પચે જ નહીં તો થોડી શક્તિ મળવાની ! તેથી મોટું હું.’’



હાથ કહે, ‘‘કોઈપણ કામ કરવું હોય તો મારો જ ઉપયોગ થાય છે. અરે ! ખાવા માટે પણ હું મોઢામાં કોળિયો મુકું ત્યારે તો ખવાય છે. લખવું હોય તો પણ હું જ કામનો, રસોઇ કરવામાં પણ હું જ, કપડા ધોવામાં પણ હું. અરે! દરેક કામ હું જતો કરું છું, તેથી હું મોટો.’’ પગ કહે, ‘‘હવે રહેવા દો બધા. મારા આધારે તો ઉભા છો બધા હું આઘો પાછો થઉં છું, કામની જગ્યાએ લઈ જાવ છું, ત્યારે જ કામ કરો છો ને ! માટે હું જ મહત્વનો છું.’’ શરીરના બધા જ અંગો ઝઘડી પડ્યા. સૌથી છેલ્લે મગજ બોલ્યું. અરે ! હવે બધા ચૂપ થાઓ અને મારી વાત સાંભળો, ‘‘આખા શરીરને શું કરવાનું છે તેનો સંદેશો હું પહોંચાડુ છું. મારા સંદેશા ઉપર તમે બધા જ કામ કરો છો, પણ એનો મતલબ એ નથી કે હું એક જ ઉપયોગી. આ બધા જ અંગો મળીને માણસનું શરીર બને છે. એક પણ અંગ ન હોય તોય શરીરને તકલીફ પડે. માટે અને દરેક અંગને પોતપોતાનું એક ચોક્કસ કામ છે. બધા શરીરના અંગો કામ કરે છે તેથી જ જીવનમાં મજા છે. તેથી આપણે બધા જ સમાન છીએ અને બધા જ ખૂબ ઉપયોગી છીએ માટે હવે ફરીથી કોઈ આવો ઝઘડો ન કરતા.’’ આ સાંભળી શરીરના બધા જ અંગોને પોતાનું મહત્વ સમજાઈ ગયું તેમજ બીજાનું મહત્વ પણ સમજાઈ ગયું. આમ બધા જ અંગો શાંત થઈ પોતપોતાનું કામ કરવા લાગ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

<u>રમત રમાડવી :-</u> આંધળો પાટો, બંને પગ બાંધીને ચલાવવા, બંને હાથ બાંધી દઈને વસ્તુ ઉચકવી, આંખો બંધ રાખી કોઈ પદાર્થ સુંઘાડવો અને તેની ઓળખ કરાવી, આંખો બંધ રાખી બાળકને કોઈ વસ્તુ ખવડાવવી અને તે શું હતું તે ઓળખ કરાવવી જેવી રમતો રમાડી શકાય.

# થીમ-૭ : પ્રાણીઓ

**વાર્તાપ્રવેશ :-** ઉખાણા

- જંગલનો હું રાજા છું
  ખાઇને તાજા માજા છું
  કેશવાળી છે મારા ગળે
  મારાથી તો સૌ કોઇ ડરે
  ઓળખો તો, હું કોણ ?
- વાઘની હું માસી છું
  ચાલાક પણ હું ખાસ્સી છું
  ઘી દૂધ ચપ ચપ
  ભાગી જાઉં જટ પટ
  ઓળખો તો, હું કોણ ?
- તબડક તબડક દોડતો જાઉં
  નદીઓ નાળા કૂદતો જાઉં
  ખાવું ચણાને લીલુ ઘાસ
  રાજાજીનો હું છું ખાસ
  ઓળખો તો, હું કોણ ?
- ચોર આવે તો ભસતો હું
  માલિક સામે હસતો હું
  પકડી પાડુ ગમેતે ગંધ
  માણસનો હું ભાઇબંધ
  ઓળખો તો, હું કોણ ?

## હાથી અને બકરીનું બચ્ચું

એક જંગલમાં એક હાથી અને એક બકરીનું બચ્ચું સામ સામે ભેગા થઇ ગયા. આ બકરીનું બચ્ચું આ હાથીની સામે જુએ અને હાથી બકરીના બચ્ચા સામે જુએ. બકરીના બચ્ચાંએ હાથીને ઘણા વિવેકથી પૂછ્યું ‘‘તમે ક્યાં વસવાટ કરો છો ? અરે ! હા તમને મારો



પરિચય આપુ. હું લવારુ છું. મારી મા બકરી છે. અમો ગામની વસાહતમાં રહીએ છીએ.’’ હાથી એ બકરીના બચ્ચાને કહ્યું, ‘‘હું હાથી છું. અમે જંગલમાં વસવાટ કરીએ છીએ.’’ આ હાથીને આ બકરીના બચ્ચાના શરીરની સુંદરતા વિનમ્રતા બહુ જ ગમી. બકરીનું બચ્ચું બોલ્યું, ‘‘વ્હાલા હાથીભાઇ, મારી માએ મને શિખામણ આપેલ છે. વ્હાલા બચ્ચાં મારી શિખામણ તું યાદ રાખજે. ‘‘આપેલું અને તાપેલું બંને સરખા.’’ પારકી આશા સદા નિરાશા.’’ વહાલા હાથીભાઇ મારી માતાની શિખામણ પ્રમાણે તમોએ મને કુણા પાનવાળી ડાળીઓ ઘણા જ પ્રેમથી ખાવા આપી. હું ખાઇ શકું તેમ નથી. તમારો ઘણો જ આભાર.’’ થોડા દિવસ પછી બકરીનું બચ્ચું તેની મા સાથે જંગલમાં આવ્યું. અચાનક ત્યાં પેલો હાથી આવ્યો. હાથીની ઓળખાણ બકરીના બચ્ચાએ તેની મા સાથે કરાવી. હાથી બકરીના બચ્ચાની માને કહે, ‘‘વહાલા બકરીબેન. તમે તમારા બચ્ચામાં સંસ્કારોનું સારું સિંચન કર્યું છે. એક દિવસ જંગલમાં તમારું બચ્ચું ભેગું થયું. ઝાડમાંથી કુણા કુણાપાન વાળી ડાળીઓ ખાવા માટે મેં આપી તમારા બચ્ચાએ ના ખાધી. તમારું બચ્ચું મને વિવેકથી બોલ્યું, ‘‘વ્હાલા હાથીભાઇ. મારી માતાએ મને શિખામણ આપેલ છે. વ્હાલા બચ્ચાં મારી શિખામણ હંમેશા યાદ રાખજે, ‘‘આપેલું અને તાપણા પાસે તાપેલું બંને સરખા. પારકી આશા સદા નિરાશા.’’ બકરીના બચ્ચાની માં બોલી, ‘‘વ્હાલા હાથીભાઇ એક કહેવત છે, સો શિક્ષક બરાબર એક માતા.’ આ હાથી બકરીના બચ્ચાની માતાને વંદન કરી, જંગલમાં જતો રહ્યો. મિત્રો આપણે માતા-પિતાની શિખામણનું પાલન કરવું જોઇએ.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. પશુપાલન વિશે માહિતી આપવી.
૨. પ્રાણીઓમાં રહેલી લાગણી અને બૌદ્ધિક ક્ષમતા વિશે માહિતી આપવી.
૩. પશુપાલકોની મુલાકાત કરાવવી.

## થીમ-૮ : પક્ષીઓ

**વાર્તાપ્રવેશ :-**

હળવે હળવે ચાલે બગલો
હળવે હળવે ચાલે
તળાવના પાણીમાં ઉભો
જરી કે નો હાલે
ડબક દઈને બોળે ચાંચો
ખાખા ખોળા કરતો પાછો
એક ધ્યાન લગાવીને એ
માછલીઓને જાલે
થોડું થોડું ઉડતો જાયે
આઘો પાછો ફરતો જાયે
ક્યારેક બેસે ઝાડ બખોલે
ક્યારેક તળાવ પાળે
હળવે હળવે ચાલે

## મોરના પગ

એક વાર વરસાદના રાજા મેઘરાજાને કોઈએ પૃથ્વી પરના મોર પક્ષીના સુંદર પગ વિશે વાત કહી. તેણે મેઘરાજાને કહ્યું કે, ''પૃથ્વી પર મોર સૌથી સુંદર પક્ષી છે, પણ સૌથી સુંદર મોરના પગ છે.'' આ સાંભળી મેઘરાજા પૃથ્વી પર ગયા અને મોરને પગ ઉછીના આપવા કહ્યું. બદલામાં તેમની સાથે લઈ ગયેલ કાળા કદરૂપા પગ આપ્યા અને વિશ્વાસ આપ્યો કે તેઓ મોરના પગ થોડા દિવસમાં પાછા આપી દેશે. આ સાંભળી મોર બોલ્યો, ''હે દેવરાજ ! આપતો સ્વર્ગમાં રહો છો અને હું પૃથ્વી પર જો તમે મારા પગ પાછા ન આપવા આવો તો હું શું કરીશ ? તમે મને અહીંનો કોઈ સાક્ષી બતાવો તો હું તમને પગ આપીશ. મેઘરાજા આ વાત મંજૂર કરી આજુબાજુ સાક્ષીને શોધવા લાગ્યા. એ જ સમયે તેમને એક દેડકો જોવા મળ્યો. મેઘરાજાએ દેડકાને મળી બધી વાત કરી અને દેડકો સાક્ષી રહેવા માની ગયો. તેઓ બંને મોર જોડે ગયા. મોર પણ દેડકાની સાક્ષી અને મેઘરાજાની વાત માની તેના સુંદર પગ મેઘરાજાને આપ્યા. આમ મેઘરાજા ચાલાકીથી મોરના સુંદર પગલે સ્વર્ગમાં જતા રહ્યા. ઘણા દિવસોને મહિના વીતી ગયા છતાં મોરના પગ લઈને મેઘરાજા ન આવ્યા. તેથી મોર ચિંતિત થઈ સાક્ષીમાં રહેલ દેડકાને શોધવા લાગ્યા. દેડકો ડરનો માર્યો જમીનમાં ઘૂસી ગયો અને આજ દિન સુધી મોર ગુસ્સામાં દેડકાને શોધી રહ્યો છે. જ્યારે ચોમાસું આવેને આકાશમાં અવાજ થાય ત્યારે મેઘરાજાને જોઈ સૌપ્રથમ મોર બોલે છે ટેહૂક ટેહૂક મતલબ ''ક્યાં છે મારા પગ ?'' એ જ સમયે દેકડો પણ જમીનમાંથી બહાર આવી બોલે છે, ''ડ્રાઉ ડ્રાઉ'' એનો મતલબ આપું છું, અપાવું છું.''



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. બાળકોને ગોળમાં બેસાડી એક પક્ષી ધારવા કહેવું એક બાળક દાવ દેવા જાય તેણે પાછા આવીને ધારેલા પક્ષી વિશે પ્રશ્નો પૂછવા અને માહિતી મેળવી બધાએ કયુ પક્ષી ધાર્યું તે ઓળખી કાઢવું.
૨. પક્ષીઓના ચિત્રોમાં કલર પણ પુરાવી શકાય.

## થીમ-૯ : સુરક્ષા

**વાર્તાપ્રવેશ :-**

બાળમિત્રો કાલે શું થયું એ ખબર છે તમને ? કાલે ક્રિશ અને કરણ બંને એમની શેરીમાં સાયકલ લઈને ફુલ સ્પીડમાં ધૂમ મચાલે ધૂમ ગાતા ગાતા સાયકલ ચલાવતા હતા. તો પડી ગયા અને તેમને ખૂબ વાગ્યું. તેમને દવાખાને લઇ જવા પડ્યા. ડોક્ટરે બંનેને ઈન્જેક્શન પણ આપ્યા અને કડવી કડવી દવા આપી. આજે હું પણ તમને આવી જ એક વાર્તા કહેવાની છું બધા ધ્યાન રાખજો.

## નકલચી કેવીન

અમદાવાદમાં કેવીન અને તેનો ભાઇ આર્યન તેના મમ્મી-પપ્પા સાથે રહેતા હતા. કેવિન ખૂબ તોફાની અને આર્યન ખૂબ જ ડાહ્યો. એક દિવસ કેવીન અને આર્યન બેઠા બેઠા ટીવીમાં “Bahubali” પિક્ચર જોતા હતા. બાહુબલી અને કપટી રાજાની ફાઈટિંગ ચાલુ હતી. તે જોઇને કેવીન બાહુબલી બની ગયો અને આર્યનને કહ્યું, ‘‘ચાલ આવી જા મારી સામે. કપટી રાજા આપણે લડાઇ કરીએ. તને ખબર પાડું ? આમ કેવિન અને આર્યન લડવા લાગ્યા. એકના હાથમાં સાવરણી અને બીજાના હાથમાં વેલણ. બંને લડતા લડતા ભાન ભૂલ્યા અને જાણે ખરેખર લડવાનું હોય એમ પૂરી તાકાતથી જોર અજમાવવા લાગ્યા. લડતા લડતા બંને ટેબલ સાથે ભટકાયા અને પડી ગયા. બંનેનું માથું ટેબલની ધાર સાથે અથડાયું અને માથામાં વાગ્યું. માથામાંથી લોહી નીકળવા લાગ્યું. અવાજ સાંભળીને મમ્મી-પપ્પા તરત રૂમમાં દોડી આવ્યા. જોયું તો બંનેના માથા ફૂટેલા. મમ્મી-પપ્પા તેમને દવાખાને લઇ ગયા. ડોક્ટરે ઘા સાફ કર્યો અને બંનેના માથામાં ટાંકા લેવા પડ્યા. ટાંકા લીધા ત્યારે બંનેને ખૂબ દુખ્યું. પણ હવે શું થાય ? ત્યારબાદ ડોક્ટર અંકલે બંને બાળકોને પૂછ્યું, કેમ કરતા પડી ગયા ? આર્યને જવાબ આપ્યો. આ કેવિન બાહુબલી બન્યો હતો અને અમે બંને લડાઇ કરતા હતા. ટીવીમાં આવતું હતું તેમજ એમાં અમે ભટકાયા અને પડ્યા. ડોક્ટર અંકલે સમજાવ્યું, ‘‘જુઓ બેટા ! તમે જે ટીવીમાં જુઓ છો એ માત્ર અભિનય હોય છે. સાચી લડાઇ નહીં. માટે ક્યારેય ટીવીમાં જોઇને તેની નકલ કરવી જોઇએ નહીં. નહિતર આપણું જ નુકસાન થાય. હવેથી ધ્યાન રાખજો હો. દવાઓ સમયસર લેજો. આવજો.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. વાગી જાય તેવા ઘર વપરાશના સાધનોનો ઉપયોગ ન કરવા અને સાવધાની રાખવા વિશે માહિતી આપો.
૨. જુદી જુદી કુદરતી આફતો વખતે કઇ રીતે બચાવ કરવો તેની સામાન્ય માહિતી આપવી.
૩. રસ્તો ઓળંગતી વખતે સિગ્નલ અને ઝીબ્રા ક્રોસિંગનો ઉપયોગ થાય તે વિશે માહિતી આપવી.

# થીમ-૧૦ : મારો દેશ

**વાર્તાપ્રવેશ :-**

ઉઠો જાગો નરનારીઓ ભારત નયા બનાના હૈ
કિતની ભી બાધાયે આયે આગે કદમ બઢાના હૈ
આપસ કી ટકરારે છોડો એક દૂસરે સે નાતા જોડો
એક હી નારા હમારા હૈ ભારત નયા બનાના હૈ
ભેદભાવ મીટ જાયેંગે સબકો ગલે લગાયેંગે
એક હી નારા હમારા હૈ ભારત નયા બનાના હૈ

હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ આપસમે સબ ભાઈ ભાઈ
એક હી નારા હમારા હૈ ભારત નયા બનાના હૈ
નયા સવેરા નયી હે બાતે નયા જ્ઞાન હૈ
એક હી નારા ભારત હમારા હૈ ભારત નયા બનાના હૈ
એક હી ધ્વજ હે એક હી નારા ભારત માઁ હમારી હૈ
એક હી નારા હમારા હૈ ભારત નયા બનાના હૈ

## રાષ્ટ્રધ્વજનો ઈતિહાસ

આપણો પહેલો રાષ્ટ્રધ્વજ ૭ ઓગષ્ટ ૧૯૦૬ ના રોજ પારસી બાગાન ચોક (ગ્રીન પાર્ક) કલકત્તા પર ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજ લાલ, પીળા અને લીલા આડા પટ્ટાઓથી બનેલો હતો. તેની ઉપર લીલો, મધ્યમાં પીળો અને નીચે લાલ હતો. આ સાથે તેમાં કમળના ફૂલ અને ચંદ્ર અને સૂર્ય પણ બનાવવામાં આવ્યા હતા.

આ પછી ૧૯૦૭ માં મેડમ કામા અને તેમની સાથે કેટલાક દેશનિકાલ ક્રાંતિકારીઓ દ્વારા પેરિસમાં બીજો ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ ધ્વજ પણ પહેલા ધ્વજ જેવો જ હતો. આમાં પણ ચંદ્ર તારા હતા. માત્ર રંગમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો હતો.

ત્રીજો ધ્વજ ૧૯૧૭ માં આવ્યો. હોલ રૂલ ચળવળ દરમિયાન આ ધ્વજ ડૉ. એની બેસન્ટ અને લોકમાન્ય ટિળકે ફરકાવ્યો હતો. ધ્વજમાં એક પછી એક ૫ લાલ અને ૪ લીલી આડી પટ્ટીઓ હતી. આ ઉપરાંત, સપ્તર્ષિની દિશાના ૭ નક્ષત્રો પણ હતા. ધ્વજની ડાબી અને ઉપરની ધાર પર (સ્તંભ તરફ) યુનિયન જેક હતો અને બીજા ખૂણા પર સફેદ અર્ધચંદ્રકાર અને તારો હતો.

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધિવેશન દરમિયાન, આંધ્ર પ્રદેશના એક યુવકે અલગ ધ્વજ બનાવીને ગાંધીજીને આપ્યો. આ કાર્યક્રમ વર્ષ ૧૯૨૧ માં બેઝવાડા (હાલના વિજયવાડા)માં કરવામાં આવ્યો હતો. યુવકે આ ધ્વજને બે રંગ આપ્યા હતા - લાલ અને લીલો. આ રંગો બે મુખ્ય સમુદાયો (હિન્દુ અને મુસ્લિમ) નું પ્રતિનિધિત્વ કરે છે. જો કે, ગાંધીજીએ સૂચવ્યું કે તેમાં ભારતના બાકીના સમુદાયનું પ્રતિધિત્વ કરવા માટે સફેદ પટ્ટી અને રાષ્ટ્રની પ્રગતિ દર્શાવવા માટે ચાલતું સ્પિનિંગ વ્હીલ હોવું જોઈએ.

આ ક્રમમાં પાંચમો ધ્વજ આવ્યો. આ ધ્વજ વર્તમાન ધ્વજથી થોડો અલગ હતો. આમાં વ્હીલને બદલે સ્પિનિંગ વ્હીલ બનાવવામાં આવ્યું હતું.

રાષ્ટ્રધ્વજને વારંવાર બદલ્યા પછી, આખરે ૨૨ જુલાઈ ૧૯૪૭ ના રોજ, બંધારણ સભાએ તેને મુક્ત રીતે ભારતીય રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવ્યો. આઝાદી પછી પણ તેના રંગો અને તેનું મહત્વ રહ્યું. ધ્વજમાં ફરતા ચક્રને બદલે સમ્રાટ અશોકનું ધર્મચક્ર દર્શાવવામાં આવ્યું હતું. આ રીતે આપણને આપણો ત્રિરંગો મળ્યો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. ભારતના નકશામાં રંગ પૂરવા.
૨. નકશામાં ત્રણ ભાગ પાડી, ઉપરના ભાગમાં ચણાની દાળ, નીચેના ભાગમાં મગ લગાવી વચ્ચે ચોખાના દાણા લગાવી કેસરી, સફેદ અને લીલો રંગ દર્શાવવો.

# થીમ-૧૧ : ઋતુઓ

**વાર્તાપ્રવેશ :-**

જેમાં બાળકોને મહોરા પહેરાવી ઋતુ અનુસાર આવતા શાકભાજી કે ફળ બનાવી શકાય. તે આવી અને પોતાનો પરિચય આપે અને પોતે કઇ ઋતુમાં થાય છે તેના વિશે વાત કરે.

## શાકભાજીનાં શોખીન સસલાભાઇ

એક મોટું જંગલ હતું. એ જંગલમાં ઘણા બધા પ્રાણીઓ રહેતા હતા. બધા જ પ્રાણીઓને અલગ ખાસિયત. બધાને અલગ અલગ વસ્તુ ભાવે. એ જંગલમાં એક સસલાભાઇ રહેતા હતા. આ સસલાભાઇ ખાવાના શોખીન હતા. શિયાળાની શરૂઆત થઇ. વાડીમાં અને ખેતરોમાં ગાજર, ટામેટા, બીટ, ડુંગળી, ચણા, તુવેર, મુળા જેવા તાજા શાકભાજી થવા લાગ્યા. સસલાભાઇને તો મજા પડી. નજીકની વાડીમાં પહોંચી



જાય અને તાજા તાજા શાકભાજી ખાય. થોડા મહિનાઓ મજા કરી પછી તો ઉનાળો શરૂ થયો. સસલાભાઇને હવે ખોરાક શોધવામાં તકલીફ થતી હતી. ખેતર અને વાડીઓમાં હવે એવા શાકભાજી ન હતા. ઘણી બધી વાડીઓમાં અને ખેતરોમાં ભટકે ત્યારે માંડ માંડ થોડા કારેલા, ભીંડા, રીંગણ જેવા શાકભાજી મળે. માંડ માંડ કરીને પેટ ભરે. ખૂબ થાકી જતાં. આમને આમ ઉનાળાના ચાર મહિના ખૂબ મુશ્કેલીઓ વચ્ચે કાઢ્યા. હવે શરૂ થયું ચોમાસું. કાળા કાળા વાદળા ઘેરાવા લાગ્યા. વરસાદ વરસવા લાગ્યો. ખેતરો અને વાડીઓ પાછા લીલાછમ થવા લાગ્યા. લીલી છમ વાડી જોઇ સસલાભાઇ તો પાછા મોજમાં આવી ગયા. સસલાભાઇને થયું હાશ હવે ખાવા માટે શાકભાજી મળશે. આમ વિચારી સસલાભાઇ બાજુની પશાકાકાની વાડીમાં ગયા. પશાકાકાની વાડીમાં ચોળી, ગુવાર, ભીંડા, તુરીયા, ગલકા, દૂધી વિગેરે વેલાવાળા મસ્ત મસ્ત શાક થયા હતા. વળી, લીલુછમ ઘાસ તો ખરું જ. સસલાભાઇને તો ખૂબ મજા પડી. રોજ રોજ જુદા જુદા શાકભાજી ખાય અને તાજા માજા થાય એક દિવસ આ તાજા માજા સસલાભાઇને જોઇને શિયાળે પૂછ્યું, ‘‘અરે! સસલાભાઇ તમે તો ખૂબ તાજા માજા છો. વળી ધોળા ધોળા છો. એકદમ તંદુરસ્ત આ તમારી તંદુરસ્તી નું રહસ્ય શું છે ?’’ સસલાભાઇએ કહ્યું, ‘‘અરે! શિયાળભાઇ હું બધી જ ઋતુઓમાં ઊગી નીકળતી શાકભાજી અને ફળો ખાવછું. આ શાકભાજી અને ફળો શરીરને જરૂરી તમામ પોષકતત્વો આપે છે. જેથી કોઇ દિવસ બીમાર ન થવાય. મારી તંદુરસ્તીનું રહસ્ય આ શાકભાજી અને ફળો છે. તમે પણ ખાઓ અને તંદુરસ્ત રહો.’’ આમ કહી સસલાભાઇ ત્યાંથી ચાલ્યા ગયા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**
  સલાડ ડેકોરેશન કરાવી શકાય. બાળકો ઘરેથી શાકભાજી સમારીને લાવે અને બાળમંદિર આવી તેને ડીશમાં વ્યવસ્થિત ગોઠવે.

# થીમ-૧૨ : પૃથ્વી અને સૃષ્ટિ

**વાર્તાપ્રવેશ :-**

ચાંદો સુરજ રમતા તા,
રમતા રમતા કોડી જડી
કોડીના મેં ચીભડા લીધા
ચીભડાએ મને બી આપ્યા
બી મેં વાડામાં નાખ્યા
વાડાએ મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નાખ્યો
ગાયે મને દૂધ આપ્યું

દૂધ મેં મોરને પાયું
મોરે મને પીંછુ આપ્યું
પીંછુ મેં બાદશાહને આપ્યું
બાદશાહે મને ઘોડો આપ્યો
ઘોડો મેં બાવળે બાંધ્યો
બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી
ટીંબે મને માટી આપી

માટી મેં કુંભારને આપી
કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કુવામાં નાખ્યો
કુવાએ મને પાણી આપ્યું
પાણી મેં મહાદેવને ચડાવ્યું
મહાદેવે મને લાડવો આપ્યો
લાડવો હું ખાઇ ગયો
તાજો માજો થઇ ગયો

આપણે સરસમજાનું ચાંદા અને સુરજનું ગીત ગાયું. આજે હું તમને આપણા સુરજદાદાની વાર્તા કહું છું બધા ધ્યાનથી સાંભળજો.

## સુરજનું અજવાળું

એક ગામ હતું. તે ગામમાં કનુ અને મનુ બે ભાઇબંધ રહતા હતા. કનુના પપ્પા ખેડૂત હતા. તેમની મોટી વાડી હતી. તેમાં તે ખેતી કામ કરતા અને મનુના પપ્પા શહેરમાં નોકરી કરતા. શહેર દૂર હોવાથી નોકરી મળી એટલે મનુ અને તેના પરિવારે શહેરમાં રહેવા જવું પડ્યું. મનુને પોતાનો મિત્ર કનુ અને તેમનું ગામ ખૂબ યાદ આવતા હતા. પરંતુ પપ્પાને નોકરીના કારણે તેમને શહેરમાં રહેવું જ પડે એમ હતું. શહેર ખૂબ મોટું, પરંતુ ત્યાં હરિયાળી ન જોવા મળે. જ્યાં જુઓ ત્યાં મકાન, વીજળીના થાંભલા, મોટી મોટી દુકાનો અને ઓફિસો જ દેખાય. વેકેશન પડે એટલે મનુ ગામડે જવાની જીદ કરે. શહેરમાં જઇ મનુને નાની બહેન પણ થઇ તેનું નામ હતું સૃષ્ટિ. વેકેશનમાં મનુ તેની મમ્મી અને નાની બહેન સૃષ્ટિ સાથે ગામડે આવ્યો. ચારે બાજુ હરિયાળી જોઇ સૃષ્ટિ તો આનંદમાં આવી ગઇ કારણ કે તે પહેલી વખત ગામડે આવી હતી. ઠંડી હવા, ખુલ્લા ખેતર, પાદર જોઇ તેને ખૂબ મજા આવી. મનુ તરત જ કનુના ઘરે ગયો. કનુ રાજીરાજી ગઇ ગયો અને તેમણે બીજે દિવસે તેમની



વાડીએ જવાનું નક્કી કર્યું. બીજે દિવસે કનુના પપ્પા સાથે મનુ અને સૃષ્ટિ પણ વાડીએ ગયા. વાડી તો આખી લીલીછમ શાકભાજી અને પાકથી ભરેલી. ઘણા બધા ફળાઉ ઝાડ પણ ખરા. થોડીવારમાં કનુના પપ્પા ત્રણેય છોકરાઓ માટે તાજા ફળો લઇ આવ્યા. ત્રણેય છોકરાઓએ પેટ ભરીને ફળ ખાધા. ત્યારબાદ ખેતરમાં કામે વળગ્યા. ત્રણેય છોકરાઓએ પાકની વચ્ચે વધારાનું ઊગી નીકળેલું ઘાસ કાઢ્યું. તેમને તો આ કામ કરવાની ખૂબ મજા આવે. સાંજ પડી ગઇ ત્યાં સુધી વાડીમાં મજા કરી સાંજે પાછા ફરતા ફરતા ખૂબ મોડું થયું, અંધારૂ થઇ ગયું પણ ગામડામાં ક્યાંય લાઇટ નહીં એટલે મનુને થયું કે આ ગામડામાં પણ શહેરની જેમ સૂરજના અજવાળાથી ચાલતી સ્ટ્રીટ લાઇટ મૂકી દીધી હોય તો ? તેણે કનુના પપ્પાને વાત કરી કે, ‘‘શહેરમાં સૂરજના અજવાળાને વીજળીમાં બદલે એવી સોલર પેનલો લાગેલી છે અને રાત્રે તેમાં સંગ્રહાયેલ સૂર્ય ઉર્જાને કારણે લાઇટો ચાલુ રહે છે. આપણા ગામમાં એવું ન કરી શકાય ?’’ આ વિચાર કનુના પપ્પાને ગમ્યો. તેણે કહ્યું આપણે સરપંચને વાત કરીએ. તેથી રાત્રે જમીને કનુ, મનુ અને તેના પપ્પા સરપંચને મળવા ગયા. શનિવાર હતો તેથી મનુના પપ્પા પણ બીજે દિવસે રજા હોવાથી ગામડે આવેલા બધા જ સરપંચને મળવા ગયા અને વાત કરી કે, ‘‘શહેરમાં ચારેબાજુ સોલર પેનલ લગાવેલી હોય છે.’’ સરપંચ કહે, ‘‘એ વળી શું ?’’ મનાના પપ્પાએ સમજાવ્યું, ‘‘સોલર પેનલ એટલે એવું યંત્ર કે સૂરજના અજવાળાનો સંગ્રહ કરે અને તેને વીજળીમાં ફેરવી અજવાળું ન હોય ત્યારે લાઇટ તરીકે ઉપયોગ કરી શકાય.’’ સરપંચને પણ આ વિચાર ગમ્યો. તેમણે કહ્યું, કે ‘‘હા અમે તૈયાર છીએ.’’ તેથી મનુના પપ્પાએ શહેરમાં જઇ સોલર પેનલની વ્યવસ્થા કરી. ગામને દરેક શેરીના બંને ખૂણે સોલર પેનલ લાગેલા થાંભલા અને લાઇટો લગાડવામાં આવી. તે દિવસથી ગામમાં રાત્રે સ્ટ્રીટ લાઇટ ઝબકવા લાગી. આખું ગામ અંધારામાંથી અજવાળામાં પ્રકાશિત થઇ ગયું. ગામ લોકોને ખૂબ ગમ્યું અને ગામ લોકોએ સુરજથી બીજું શું શું ચલાવી શકાય ? એ પણ પૂછ્યું. મનુના પપ્પાએ કહ્યું, ‘‘જો બધાના ઘરના ધાબા ઉપર આવી સોલર પેનલ લગાડી દઇએ તો ઘરમાં પણ વીજળીના બધા જ સાધનો આ સૂર્ય ઉર્જાથી ચાલતા થઇ જાય અને વીજળી પણ બચે.’’ ગામ લોકોને આ વાત ગમી. થોડા મહિનાઓમાં ગામમાં સોલર પેનલ લાગી ગઇ અને આખું ગામ સૂર્ય ઊર્જાનો ઉપયોગ કરતો થઇ ગયું. તો આમ આપણા સુરજદાદામાંથી નીકળતી શક્તિનો ઉપયોગ કરી ગામ લોકોએ સુખી જીવન જીવવાનું શરૂ કર્યું. તમે પણ વીજળી બચાવવા સૂર્યશક્તિથી ચાલતા સાધનોનો ઉપયોગ કરી શકો છો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. સૂર્ય ઉર્જાથી ચાલતા સાધનો સૂર્યકુકર, સૂર્ય હીટર અને સોલાર લાઇટના ચિત્રો બતાવી શકાય.
૨. સૂર્ય વિશેની માહિતી અને તેમાંથી નીકળતી સૂર્ય ઉર્જાના ઉપયોગો વિશે બાળકોને સમજાવી શકાય.
૩. સુરજના તાપને કારણે પડતી મુશ્કેલીઓ અને બચાવ વિશે પણ વાત કરી શકાય.


# થીમ-૧૩ : હવા

**વાર્તાપ્રવેશ :-**

| | |
|---|---|
| મારા શ્વાસમાં જાતું કોણ ? | લોક બધા આ બોલે કેમ ? |
| જઇને પાછું આવતું કોણ ? | વાંસલડી વાગે છે કેમ ? |
| કેમ ઉડે મમ્મીના વાળ ? | ઠંડી આ લાગે છે કે ? |
| ફુગ્ગામાં શું ભરતા બાળ ? | હોડીના શઢમાં છે શું ? |
| પતંગ આકાશે કેમ ઉડે ? | ઊંચે ડુંગરગઢમાં શું ? |
| ટાયરમાં પપ્પા શું ભરે ? | પાણીમાં બડબડ તે શું ? |
| ઝાડ પાન તો ડોલે કેમ ? | પેટમાં ગડબડ તે શું ? |

## ફરવા જઇએ

એક નમનગજ નામનું નાનું એવું ગામ હતું. ગામ હરિયાળું અને સ્વચ્છ હતું. બધા લોકો શાંતિથી તે ગામમાં રહેતા હતા. આ ગામમાં માધાકાકા પણ રહેતા હતા. માધાકાકા તેમના પૌત્ર અને પૌત્રીને બાઇકમાં બેસાડીને ફરવા લઇ જતા હતા અને રસ્તામાં આવતી જગ્યાઓ વિશે સમજાવતા જતા હતા. રસ્તામાં શાળાની બાજુમાંથી પસાર થાય તો તે શાળાની સમજ આપતા, કોઇ ધાર્મિક સ્થાન આવે તો તેના વિશે સમજાવતા. એક દિવસની વાત છે. માધાકાકા તેમના પૌત્ર અને પૌત્રીને ફરવા માટે બાઇકમાં લઇ જતા હતા અને રસ્તામાં બાઇક આમ તેમ ડોલવા લાગ્યું. માધાકાકા બધી વાત સમજી ગયા અને બાઇકને ઊભું રાખી દીધું. દીકરો પૂછવા લાગ્યો, ‘‘દાદા... દાદા... આ શું થયું ?’’ પૌત્ર કહે, ‘‘દાદા, હવા વગર બાઇક ન ચાલે?’’ દાદા કહે, ‘‘ના, ન ચાલે. આપણું બાઇક હવા ભરીએ તો જ ચાલે એવું છે.’’ પંચરવાળા પાસે પંચર કરાવ્યું અને ટાયરમાં હવા ભરી પછી તેઓ આગળ ચાલ્યા. દાદા કહે, ‘‘બેટા, ઘણી બધી વસ્તુઓ આવી છે જે હવાથી ચાલે છે. આપણે વાજાપેટી એટલે કે હારમોનિયમ વગાડીએ તેમાં પણ હવાનો જ ઉપયોગ થાય છે અને શરણાઇ વગાડીએ છીએ તેમાં પણ હવાનો જ ઉપયોગ થાય છે.’’ પૌત્રી કહે, ‘‘દાદા, આ હવા જગ્યા રોકે ?’’ દાદા કહે, ‘‘હા બેટા, હવા જગ્યા રોકે. હું તને સમજાવું.’’ રસ્તામાં દુકાન આવે છે. દુકાનમાંથી દાદા ફુગ્ગા ખરીદે છે. પછી બંને બાળકોને એક એક ફુગ્ગો આપે છે અને કહે છે, ‘‘આ ફુગ્ગાને તમે ખિસ્સામાં મૂકી દો.’’ બંને બાળકો તેમ કરે છે. પછી કહે છે’’ હવે તમે આ ફુગ્ગાને ફુલાવો અને પછી તમારા ખિસ્સામાં મૂકો.’’ પૌત્રી કહે, ‘‘દાદા, આ ફુગ્ગો તો મોટો થઇ ગયો તેમાં હવા ભરેલી છે. હવે તે ખિસ્સામાં નથી આવતો.’’ દાદા કહે, ‘‘હા, હવે સમજાયું બેટા ?’’ હવા જગ્યા રોકે છે.’’ બંને સમજી ગયા. વળી પાછો પ્રવાસ આગળ વધ્યો.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

૧. બાળકો પાસે ફુગ્ગા ફુલાવડાવી હવા પણ જગ્યા રો કે છે તે શીખવી શકાય.
૨. હવાના બીજા ઉપયોગ વિશે બાળકો પાસે નોંધ કરાવી શકાય.

## થીમ-૧૪ : ફળો

**વાર્તાપ્રવેશ :-**

કેરી કહે હું રાજા ને તરબૂચ મારો પરધાન
બધા ફળો છે પ્રજા અમારી અમે રાખશુ ધ્યાન
ચણી બોર છે સૈનિક મારા મારી આખી ફોજ
અનાનસ છે સેનાપતિ ઉપાડે સઘળો બોજ
સીતાફળ સેવામાં મારી રહેતું રોજે રોજ
ચીકુભાઇ ઢીલા પડ્યા છે એને મોજે મોજ

પપૈયાને પંચ બનાવી કરતો હું તો ન્યાય
સફરજન તૈયાર રહે છે સદાય કરવા સહાય
સ્ટ્રોબેરી ને ડ્રેગનફ્રુટ મારા બન્યા મહેમાન
દ્રાક્ષ, જાંબુ નાના છે પણ કાયમ રાખે માન
રાજ્ય મારું સુખી સુખી છે જોઇલો મારો ઠાઠ
રોગ રહેજો દૂર નહિતર હું જ ભણાવીશ પાઠ

### કેળાને થઇ શરદી

એક વખત કેળાભાઇને શરદી થઇ ગઇ. સાથે સાથે તાવ પણ આવ્યો અને પેટમાં પણ ખૂબ દુ:ખવા લાગ્યું. કેળાભાઇ તો ચાલ્યા ડોક્ટર પાસે. અનાનસભાઇ ખૂબ સારા ડોક્ટર હતા. તેમણે કેળાભાઇને ચેક કર્યા અને કહ્યું, ‘‘કેળાભાઇ તમે ફ્રીજનું ઠંડુ પાણી પીવો છો ?’’




કેળાભાઇ કહે, ‘‘હા.’’ ડોક્ટર સાહેબ કહે, ‘‘કેળાભાઇ તમે બહારનું ખાવાનું ખૂબ ખાવ છો ?’’ કેળાભાઇ કહે, ‘‘હા, મને તો પીઝા, દાબેલી, પાણીપુરી, વેફર એવું બધું બહું ભાવે...’’ અનાનસભાઇએ કહ્યું, ‘‘કેળાભાઇ, તમે એટલે જ બીમાર પડો છો. હવે આજથી ફ્રીજનું પાણી પીવાનું બંધ. ગોળાનું સરસ મજાનું પાણી જ તમારે પીવાનું અને બહારનું ખાવાનું બંધ. સાથે સાથે તમને હું જે દવા લખી દઉં એ બરાબર સમયસર લેજો અને હા, તમારા મિત્રોને કહેજો કે તમારી પાસે આવે એટલે તમે ઝડપથી સાજા થઇ જશો.’’ કેળાભાઇ કહે, ‘‘સારું ડોક્ટર સાહેબ.’’ કેળાભાઇ તો ઘરે પહોંચ્યા. અનાનસભાઇએ કેળાભાઇના બધા મિત્રોને ફોન કરી અને સમજાવ્યા. બધા મિત્રો કેળાભાઇ પાસે ગયા. લીંબુભાઇ એ કહ્યું, ‘‘કેળાભાઇ, હું તમને મારો રસ આપતો જાઉં છું. તમે રોજ એનું શરબત કરીને પીજો.’’ નારંગીબહેન અને સંતરાભાઇએ પણ પોતાની ચીર આપી અને કહ્યું, ‘‘કેળાભાઇ, તમારે રોજ આ ખાવાનું.’’ પપૈયો કહે, ‘‘કેળાભાઇ, મારી પણ બે ચીર હું મુકતો જઉં છું. તે તમે ખાજો.’’ ચીકુભાઇએ પણ પોતાની બે ચીર આપી અને કહ્યું, ‘‘જ્યારે તમને અશક્તિ જેવું લાગે ત્યારે મારી આ ચીર ખાસ ખાજો. ’’ સફરજનભાઇ કહે, ‘‘આ લ્યો, હું પણ મારી બે ચીર આપું છું. એનાથી તમને ખૂબ શક્તિ આવશે.’’ કેળાભાઇએ તો ડોક્ટરે આપેલી દવા બરાબર લીધી અને મિત્રોએ જે જે ખાવાનું કહ્યું હતું એ બધું ખાધું અને ઝડપથી સાજા થઇ ગયા. બધા મિત્રો ખૂબ ખુશ થઇ ગયા અને એકબીજા સાથે રમવા લાગ્યા.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**

  દરેક ફળમાંથી શરીરને જરૂરી કયા કયા વિટામિન મળે છે તેની માહિતી આપી શકાય.


## થીમ-૧૫ : પાણી

**વાર્તાપ્રવેશ :-**

આવે મજાના શ્રાવણભાઇ
ને અવનવું એ સાથે લાવે
વરસાદની વધામણી લાવે
આભમાં વાદળીઓ લાવે
ધરતી માતની સાડી લાવે
ખેતરમાં એ ખમીર લાવે
તહેવારોને તાણી લાવે
ભક્તિની ભરમાર લાવે
મહાદેવજીની મોસમ લાવે
નદીઓમાં નવા નીર લાવે
પહાડોમાં જાણે પ્રાણ લાવે
જંગલોમાં જોમ લાવે
માટીમાં સુગંધ લાવે
પંખીઓમાં એ પ્રેમ લાવે
પશુઓમાં એ પ્રેમ લાવે
પશુઓ માનવ ચેતન લાવે
બાળકોમાં ઉત્સાહ લાવે
નિશાળમાં રજાઓ લાવે

### પાણીની સેવા

એક શહેર હતું. શહેરમાં મોટા મોટા બંગલા. તે બંગલાઓથી થોડે દૂર ઝૂંપડા હતા. એ ઝૂંપડાના લોકો ગાયો રાખતા હતા. ઝૂંપડામાં રહેતા હોવાથી તેમના પોતાના વાપરવા, નાહવા કે પીવા માટે પાણીની કોઇ વ્યવસ્થા ન હતી. તેઓ પોતાના માટે જરૂરી પૂરતું પાણી બંગલાઓમાંથી લઇ આવતા. ઝુંપડામાં રહેતી સ્ત્રીઓ બેડા ભરીને પાણી લાવતી અને આખો દિવસ તેમાંથી જ પાણી વાપરવાનું રહેતું. સ્ત્રીઓ ગાયો માટે પણ પાણી લાવતી પરંતુ ગાયોને એ પાણી પૂરતું થઇ રહેતું ન હતું. ગાયો બિચારી તરસી રહેતી. એક વખત આ ગાયોનું ધણ પાણીની શોધમાં બંગલાઓ સુધી આવી ગયું. એક બંગલાની બહાર નાનું એવું ખાબોચિયું ભરાયેલું. ગાયો તેમાંથી પાણી પીવા લાગી. એક-બે ગાયે પીધું ત્યાં તો પાણી ખલાસ થઇ ગયું. ગાયો જોર જોરથી ભાંભરવા લાગી. આ જોઇ એક બંગલામાં રહેતા દક્ષાબહેન બહાર આવ્યા. તે ખૂબ દયાળુ હતા. તેમને ખબર પડી ગઇ કે આ ગાયો તરસી છે. તેમણે પોતાના ઘરમાંથી મોટું બેરલ બહાર મૂક્યું. તે બેરલ આડુ કપાવ્યું અને તેમાં પાણી ભર્યું. બેરલ આખું ભરાતા જ ગાયો ત્યાં પાણી પીવા આવી ગઇ. ગાયોએ પાણી પીધું અને ખૂબ જ સંતોષ સાથે દક્ષાબેનની સામે જોઇ ઝૂંપડાઓ તરફ પાછી વળી. આ જોઇને આજુબાજુના બંગલામાં રહેતા લોકોને પણ થયું કે ખરેખર પ્રાણીઓ માટે પણ ઉનાળાના સમયમાં પાણીની વ્યવસ્થા કરવી એ મોટામાં મોટી સેવા છે.



- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃત્તિઓ :-**
  બધા જ બાળકોને પોતાના ઘરે ફૂડ પાર્સલમાં આવતા પ્લાસ્ટિકના ડબ્બામાં પાણી ભરીને પોતાના ઘરની પાળીએ અથવા આગાસીની પાળીએ મુકવું કહેવું અને ત્યાં કયા કયા પક્ષીઓ પાણી પીવા આવે છે તે જોવા કહેવું.

# થીમ-૧૬ : વાહન


**વાર્તાપ્રવેશ :-**

ગાડી આઈ ગાડી આઈ છૂક છૂક છૂક
સીટી દેખો કેસી બજી પૂ પૂ પૂ
ગાડી મેં બેઠો સબ ચડ ચડ ચડ
સમાન ભી ઉપર રખો પટ પટ પટ
પ્લેન આયા પ્લેન આયા ઝુપ ઝુપ ઝુપ

બાદલો કે બીચ મે સે ચુપ ચુપ ચુપ
પ્લેન મેં બેઠો સબ ચડ ચડ ચડ
સીટ બેલ્ટ બાંધો સભી પટ પટ પટ
સો જાઓ સબ આંખે બંધ કર શી.. શી... શી...
પ્લેન ઉડતા જાયેગા ઘર...ઘર...ઘર...

## દાદાજીના આશિષ

સરસપુર નામનું એક ગામ હતું. એ ગામમાં આશિષ તેના મમ્મી પપ્પા અને દાદા દાદી સાથે રહેતો હતો. ગામ આખું ખુબ સરસ. ગામના લોકો શિક્ષિત. તેથી ગામમાં બધા જ છોકરાઓ અને છોકરીઓ શાળાએ જઈ ખૂબ ભણે. ગામ મોટું હતું તેથી ગામમાં હાઈસ્કૂલ પણ ખરી. આશિષ ૧૨મા ધોરણમાં અભ્યાસ કરતો હતો. આશિષને પહેલેથી જ વાહનો ખૂબ ગમતા. તેથી તે વાહન કેવી રીતે બને તેનું શિક્ષણ લેવામાં ખૂબ રસ લેતો. અભ્યાસ પૂરો કરી તેણે નોકરી શરૂ કરી. તેણે પોતાની મનગમતી કાર લીધી. એક કાર લઈને તે ગામડે આવ્યો. સરસપુરમાં તેનું ખૂબ સારું સ્વાગત થયું. પછી તે તેના દાદા-દાદીને કહે, "દાદાજી, મારે તમને અને દાદીને મારી કારમાં બેસાડીને અમદાવાદ શહેર જોવા લઈ જવાના છે." દાદાજી ખુશ થઈ ગયા. બીજે દિવસે આશિષ તેના મમ્મી-પપ્પા અને



દાદા-દાદીને લઈને અમદાવાદ આવ્યો. તેણે પોતાની ગાડીમાં ફેરવી ઘણા બધા આવી બે માળની બસ હોય!" આશિષ કહે, "હા દાદાજી, મોટા શહેરમાં વધુ લોકો હોય છે તેથી આવી બસો દોડે છે." પુલ ઉપરથી મેટ્રો ટ્રેન નીકળે તેને જોવાની ખૂબ મજા પડી. ત્યારબાદ રાત્રે હોટલમાં રોકાયા. બીજે દિવસે તેમણે ત્યાંથી દિલ્હી જવાનું નક્કી કર્યું. કોઈને કીધું નહીં પણ તેણે બધાની પ્લેનની ટિકિટ લઈ લીધી અને બધાને વિમાનમાં બેસાડીને દિલ્હી લઈ ગયો. દિલ્હી દર્શન કરાવી ત્યાંથી દાદીની ઈચ્છા હતી એટલે ટેક્સી બાંધી ત્યાંથી હરિદ્વાર ગયા. હરિદ્વારથી નજીકના સ્થળોએ જોવા માટેની બસની વ્યવસ્થા હતી. તેથી બસમાં બેસીને તેઓ આજુબાજુના સ્થળોએ ગયા. ત્યારબાદ પાછા ટેક્સી દ્વારા દિલ્હી આવ્યા. દિલ્હીથી વિમાનમાં બેસીને અમદાવાદ આવ્યા. દાદા-દાદીને ખૂબ મજા પડી. એમણે કહ્યું, "બેટા નાના હતા ત્યારે બળદ ગાડામાં જ મુસાફરી કરી. ત્યારબાદ ઘરમાં સાયકલ આવી. આ તારા પપ્પાને પહેલું પહેલું સ્કૂટર લાવેલો જોઈને હું ખૂબ ખુશ થયો હતો. ત્યાં વળી તું મોટરકાર લાવ્યો અને જેના મેં સપના જ જોયા હતા કે હું રેલગાડીમાં બેસીશ એને બદલે તે તો મોટી મોટી બસ, રેલગાડી અને વિમાનમાં પણ બેસાડી દીધા. બંને ખૂબ ખુશ થયા. બેટા ખૂબ સુખી થાજો." એમ કહી દાદા દાદીએ આશિષને ખૂબ આશીર્વાદ આપ્યા. પછી દાદા-દાદી અને મમ્મી પપ્પા સરસપુર પાછા આવ્યા અને આશિષ અમદાવાદ પોતાની નોકરીએ ગયો.

- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. બાકસના ખોખામાંથી ટ્રેન બનાવવી.
૨. પ્લાસ્ટિકની નાની પાણીની બોટલમાંથી ગાડી બનાવવી.
૩. વાહનોના ચિત્રોમાં રંગ પુરવા.

# થીમ-૧૭ : કપડા

**વાર્તાપ્રવેશ :- પ્રશ્નોત્તરી :**

- શિયાળા કરતા ઉનાળાના કપડા કેવી રીતે જુદા પડે ?
- રેઇનકોટ ક્યારે પહેરાય ? તેની વિશેષતા શું છે ?
- નવરાત્રીમાં સ્ત્રીઓ અને પુરુષો કેવા કપડાં પહેરે ?
- દિવાળીમાં કેવા કપડાં પહેરાય છે ?
- લગ્ન પ્રસંગમાં વરરાજા કન્યા અને બીજા લોકોએ કેવા કપડા પહેર્યા હોય છે ?
- શાળામાં બાળકો કેવા કપડા પહેરે ?

## મિતેશની મુલાકાત

નાનકડો મિતેશ મોટા શહેરમાંથી નાનકડા ગામમાં પોતાના દાદાજીના ઘરે જાય છે. મિતેશને ફરવાનો ખૂબ શોખ છે. તે દાદાજીને કહે છે, ''ચાલો ને દાદાજી, આપણે આપણા ખેતરે જઇએ. દાદાજી કહે, ''સારું, આપણે ગામમાં થઇને આપણા ખેતરે જઇએ. એટલે આપણું ગામ પણ તારે જોવાઇ જાય. મિતેશ તો ખૂબ રાજી રાજી થઇ ગયો.



એ કે, ''જલદી ચાલો દાદાજી, જલ્દી ચાલો.'' મિતેશ અને તેના દાદાજી ફરવા નીકળે છે. મિતેશે પૂછ્યું, ''દાદાજી, આ બધાએ અહીંયા આવું લાંબુ લાંબુ શું પહેર્યું છે ?'' દાદાજીએ હસતા જવાબ આપ્યો, ''બેટા, એ લાંબુ લાંબુ છે એને ઝભ્ભો કહેવાય. અહીં ગામડામાં પુરુષો ઝભ્ભો પહેરે અને ધોતી પહેરે અને ગામડાની સ્ત્રીઓ કાં તો સાડી પહેરે કાં તો જીમી, કાપડું એવું પહેરે. જો, સામેથી મીનાબેન આવે છે, તેમણે સાડી પહેરી છે અને અહીંયા કંકુમાં બેઠા છે, તેમણે જીમી અને કાપડું પહેર્યું છે. મિતેશ કહે, ''દાદાજી, અમારે શહેરમાં તો પુરુષો પેન્ટ અને શર્ટ પહેરે અને સ્ત્રીઓ ડ્રેસ, સાડી ને એવું જુદુ-જુદુ કેટલું બધું પહેરે.'' દાદાજી હસતા કહે, ''હા બેટા, જો પેલા કરશનકાકાએ માથે બાંધ્યું છે તેને ફાળિયું કહેવાય.'' મિતેશ કહે, ''હા દાદાજી, અમારે શહેરમાં તો ક્યારેક તડકો હોય તો લોકો માથે ટોપી પહેરે અને દાદાજી અમારે શહેરમાં પંજાબથી સરદારજી આવે ને એ માથે પાઘડી પહેરે.'' દાદાજી કહે, ''હા બેટા, સાચી વાત છે.'' મિતેશ કહે, ''દાદાજી, કરશનકાકાના ખભે રૂમાલ છે એને શું કહેવાય ?'' દાદાજી કહે, ''બેટા, એને અમારે ગામડામાં ગમચો અથવા મેલખાયું કહે છે.'' મિતેશ કહે, ''દાદાજી, અમે શહેરમાં ઘરમાં આવો જ રૂમાલ રાખીએ એને અમે નેપકીન કહીએ.'' દાદાજી કહે, ''હા બેટા, આ ગમચો કે મેલખાયું એ નેપકીન જ છે પણ એ હંમેશા અમારી સાથે જ હોય.'' મિતેશ હસતા હસતા કહે, ''હા દાદાજી, અમારે તો નેપકીન ગોતવો પડે... દાદાજી, અમારે ત્યાં લગ્ન હોય ને તો લોકો શૂટ પહેરે, શેરવાની પહેરે અને દિવાળીમાં લેંઘો અને તમે પહેર્યો ને એવો ઝભ્ભો પહેરે અને હા નવરાત્રી આવે ને ત્યારે મારી મમ્મી અને બહેન ચણીયા ચોલી પહેરે છે.'' દાદાજી કહે, ''હા બેટા, અમારી ગામની દીકરીઓ પણ ચણિયા ચોલી પહેરે છે. હવે જો, સામે દેખાય ને એ આપણું ખેતર છે.'' મિતેશ કહે, ''વાહ દાદાજી...! કેટલું મોટું આપણું ખેતર છે ! પણ એમા પહેલા ભાઇ છે એ કેમ ઊભા છે ?'' દાદાજી હસતા હસતા કહે, ''બેટા, એ ભાઇ નથી. એ ચાડિયો છે. એ આપણા ખેતરમાં પક્ષીઓ ચણવા આવે તેનાથી આપણા ખેતરનું રક્ષણ કરે છે. મિતેશ કહે, ''અરે વાહ ! દાદાજી, ચાડિયાભાઇએ પણ કેવા સરસ મજાના કપડાં પહેર્યા છે!'' દાદાજી કહે, ''હા બેટા, પક્ષીઓને એમ લાગે કે કોઇ માણસ છે. એટલે પક્ષીઓ આપણા ખેતરમાં દાણા ચણવા આવે નહીં.'' મિતેશ કહે, ''દાદાજી, હવે મને ભૂખ લાગી છે.'' દાદાજી કહે, ''જા, આપણા ખેતરમાં આપણે ટમેટા, મગફળી એવું બધું વાવેલું છે. તને જે ભાવે એ ખાજે પણ હા, ધ્યાન રાખજે હો, તારા નવા કપડાં બગડી ન જાય.'' મિતેશ કહે, ''સારું દાદાજી... હું જાઉં છું... આપણા ખેતરમાં...




- **બાળકોના અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકાસ માટે કરાવી શકાય તેવી અન્ય પ્રવૃતિઓ :-**

૧. જુદા જુદા પોશાકવાળા સ્ત્રીઓ, પુરુષો, બાળકો અને વૃદ્ધોના ચિત્રો બતાવી શકાય.

૨. બાળકોની આસપાસ કેવા કપડાં પહેરતા લોકો વસે છે તેની પ્રશ્નોત્તરી કરી શકાય.





સુટેવો...
